श्री विष्णुसहस्रनाम

ગુજરાતી સરલાર્થ સહિત



सस्तुं साहित्य वर्धक कार्यालय
અમદાવાદ અને મુંબઈ-૨

મૂલ્ય દોઢ આનો, સો નકલના રૂ. ૬।

ॐ

श्री विष्णुसहस्रनाम


गुजराती सरलार्थ सहित

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
संपादक अने प्रकाशकः–भिक्षु–अखंडानंद
અમદાવાદ અને મુંબઈ–૨

આવૃત્તિ પહેલી, પૃષ્ઠ ૯૬, પ્રત ૫૦૦૦, સં૦ ૧૯૮૫
મૂલ્ય દોઢ આનો, માર્ગ ખર્ચ જૂદુ

“ છાપવા છપાવવાની સર્વને છૂટ છે. ”

“સસ્તુ સાહિત્ય મુદ્રણાલય” અમદાવાદમાં
ભિક્ષુ–અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત



શેષશાયી ભગવાન વિષ્ણુ

भगवान शंकराचार्यनी खास सूचना

गेयं गीता नामसहस्रं ध्येयं श्रीपतिरूपमजस्रम् ।
नेयं सज्जनसंगे चित्तं देयं दीनजनाय च वित्तम् ॥

ભાવાર્થ:—(જેમને દુઃખમાત્રની આત્યંતિક નિવૃત્તિ-પૂર્વક સચ્ચિદાનંદપદ પામવાની જરૂર જણાઇ હોય, તેમને તે રસ્તે ચાલવામાં સતત પ્રેરણા, પ્રકાશ અને સામર્થ્ય આપ્યા કરે એવી) વારંવાર ગાવા યોગ્ય કોઇ ઉત્તમોત્તમ વીરવાણી આ સંસારમાં હોય તો તે **શ્રીમદ્‌ભગવદ્‌ગીતા** છે; અને (તે ગીતાગાયક દેવનું સગુણ અને નિર્ગુણ અર્થાત્ સાકાર અને નિરાકાર સ્વરૂપ, અપાર માહાત્મ્ય અને અનંત સામર્થ્ય વિસ્તારથી તથા અસરકારક રીતે સમજાવી તે પરમાત્મદેવ પ્રત્યે અડગ શ્રદ્ધા, અનન્ય શરણુતા અને અખૂટ સહાયતા મેળવવા જેટલી યોગ્યતા જગાડીને વધારી આપે એવી કોઈ અલૌકિક જ્ઞાનવાણી ગાવી કે સાંભળવી હોય તો તેને માટે તે સર્વવ્યાપક પરમાત્મદેવનાં) **સહસ્રનામ** છે; અને (એ ઉપરાંત વિશેષ ચિત્તશુદ્ધિને લીધે જે કોઈ પુણ્યાત્માની આકાંક્ષા અંતરંગ સાધના માટે પ્રબળ થઇ હોય તેને માટે) વારંવાર ધ્યાન ધરવા જેવું કોઈ સર્વશ્રેષ્ઠ સ્વરૂપ હોય તો તે **ભગવાન શ્રીપતિનું સ્વરૂપ** છે; તથા તે સગુણ અને નિર્ગુણ સ્વરૂપ તરફ ચિત્તને યથાવત્ દોરવી શકે એવો કોઇ બાહ્ય સહાયક જોઇયે તો તે અનુભવસિદ્ધ સાચા **સાધુજનોનો સમાગમ** છે; અને (જીવતાં તેમજ દેહાન્ત પછી ધનાદિક) વિત્ત આપી દેવા યોગ્ય (એવાં વિશેષ હકદાર અને ઉત્તમોત્તમ પાત્રોની જરૂર હોય તો તે) **દીન દુઃખી પ્રાણીઓ** છે.

अथ करन्यासः ॥

ॐ अस्य श्रीविष्णोर्दिव्यसहस्रनामस्तोत्रमंत्रस्य भगवान् वेदव्यास ऋषिः ॥ श्रीविष्णुः परमात्मा देवता ॥ अनुष्टुप् छंदः ॥ अमृतांशूद्भवोभानुरिति बीजम् ॥ देवकीनंदनः स्रष्टेति शक्तिः ॥ त्रिसामा सामगः सामेति हृदयम् ॥ शंखभृन्नंदकी चक्रीति कीलकम् ॥ शार्ङ्गधन्वा गदाधर इत्यस्त्रम् ॥ रथाङ्गपाणिरक्षोभ्य इति कवचम् ॥ उद्भवः क्षोभणो देव इति परमो मंत्रः ॥

ॐ શ્રીવિષ્ણુના દિવ્ય સહસ્રનામવાળા આ સ્તોત્રરૂપી મંત્રના **ઋષિ** (દ્રષ્ટા) ભગવાન વેદવ્યાસ છે. **દેવતા** શ્રીવિષ્ણુ પરમાત્મા છે. **છંદ** અનુષ્ટુપ છે. "अमृतांशूद्भवो भानुः" એ એનું **બીજ** (ઉત્પત્તિનું કારણ) છે. "देवकीनंदनः स्रष्टा" એ એની **શક્તિ** છે. "त्रिसामा सामगः साम" એ એનું **હૃદય** છે. 'शंखभृन्नंदकी चक्री' એ એનો **કીલક** (ખીલો-આધાર) છે. "शार्ङ्गधन्वा गदाधरः" એ એનું **અસ્ત્ર** છે. "रथाङ्गपाणिरक्षोभ्यः" એ એનું **કવચ** છે અને "उद्भवः क्षोभणो देवः" એ એનો **પરમ મંત્ર** છે.

श्रीमहाविष्णुप्रीत्यर्थे जपे विनियोगः ॥

શ્રી મહાવિષ્ણુની કૃપા થવા માટે જપ કરવામાં મારો-પાઠ કરનારનો-**વિનિયોગ** (એકાગ્રતાપૂર્વક જોડાવું) છે.

विश्वं विष्णुर्वषट्कार इत्यंगुष्ठाभ्यां नमः ॥

અર્થાત્ "વિશ્વરૂપ, સર્વવ્યાપક ને યજ્ઞમાં દેવોને હવિષ આપતી વખતે બોલાતા વષટ્કારરૂપ" એ મંત્ર ભણીને બન્ને હાથની તર્જનીઓ (અંગુઠા પાસેની આંગળીઓ) અંગુઠાઓનાં મૂળ પાસે અડાડીને अंगुष्ठाभ्यां नमः એમ બોલીને તેને નમસ્કાર કરવા.

अमृतांशूद्भवो भानुरिति तर्जनीभ्यां नमः ॥

અર્થાત્ "ચંદ્રની ઉત્પત્તિના હેતુરૂપ અને સૂર્યરૂપ" એ મંત્ર ભણી બન્ને હાથની તર્જનીઓને અંગુઠાઓ સાથે અડાડીને तर्जनीभ्यां नमः એમ બોલીને તેને નમસ્કાર કરવા.

ब्रह्मण्यो ब्रह्मकृद्ब्रह्मेति मध्यमाभ्यां नमः ॥

અર્થાત્ "બ્રાહ્મણાદિની રક્ષા કરનારા, કર્મમાર્ગ પ્રવર્તાવનારા બ્રહ્મને" એ મંત્ર ભણી બન્ને હાથની મધ્યમાઓ(વચલી આંગળીઓ)ને અંગુઠાઓ સાથે અડાડીને मध्यमाभ्यां नमः એમ બોલીને તેને નમસ્કાર કરવા.

सुवर्णबिन्दुरक्षोभ्य इत्यनामिकाभ्यां नमः ॥

અર્થાત્ "સુંદર વર્ણવાળા ને દુષ્ટોથી તથા વિષયોથી ક્ષોભ નહિ પામનારા" એ મંત્ર ભણી બન્ને હાથની અનામિકાઓ (ટચલીની પાસેની આંગળીઓ) અંગુઠાઓ સાથે અડાડીને अनामिकाभ्यां नमः એમ બોલીને તેને નમસ્કાર કરવા.

निमिषोऽनिमिषः स्रग्वीति कनिष्ठिकाभ्यां नमः ॥

અર્થાત્ "યોગનિદ્રા લેતી વેળા આંખનું મટકું મારનારા, સર્વદા જાગૃત હોવાથી મટકું નહિ મારનારા ને પંચતન્માત્રારૂપી માળા ધારણ કરનારા" એ મંત્ર ભણી कनिष्ठिकाभ्यां नमः એમ બોલીને તેને નમસ્કાર કરવા.

रथाङ्गपाणिरक्षोभ्य इति करतलकरपृष्ठाभ्यां नमः

અર્થાત્ "હાથમાં રથના પૈડા જેવું ચક્ર ધારણ કરનારા, નિર્ભય, કશાથી ક્ષોભ નહિ પામનારા" એ મંત્ર ભણી બન્ને હાથની હથેળીઓને તેના પાછલા ભાગો સાથે યથાક્રમ સ્પર્શ કરી करतलकरपृष्ठाभ्यां नमः એમ બોલીને તેને નમસ્કાર કરવા.

अथ हृदयादि षडङ्ग न्यासः ॥

હૃદયાદિ ૬ પ્રકારના ન્યાસ

सुव्रतः सुमुखः सूक्ष्मः ज्ञानाय हृदयाय नमः ॥

અર્થાત્ "ભક્તોને તરત અભયદાન આપવાના ઉત્તમ વ્રતવાળા, સુંદર મુખવાળા અને સૂક્ષ્મરૂપ" એ મંત્ર ભણી ज्ञानाय हृदयाय नमः । એમ બોલી જમણા હાથની પાંચે આંગળીઓના છેડાથી હૃદયને સ્પર્શ કરીને તેને (હૃદયદ્વારા અંતરાત્માને) નમસ્કાર કરવા.

सहस्रमूर्धा विश्वात्मा ऐश्वर्याय शिरसे स्वाहा ॥

અર્થાત્ "હજાર મસ્તકવાળા, વિશ્વના આત્મારૂપ" એ મંત્ર ભણીને ऐश्वर्याय शिरसे स्वाहा એમ બોલી જમણા હાથની પાંચે આંગળીઓના અગ્ર-

ભાગવડે મસ્તકને સ્પર્શ કરવો.

सहस्रार्चिः सप्तजिह्वः शक्त्यै शिखायै वषट् ॥

અર્થાત્ "હજારો જવાળાઓવાળા, કાલી કરાલી ઇત્યાદિ સાત પ્રકાશમાન જીભવાળા" એ મંત્ર ભણીને **शक्त्यै शिखायै वषट्** એમ બોલી જમણા હાથની પાંચે આંગળીઓના છેડાવડે ચોટલીનો સ્પર્શ કરવો.

त्रिसामा सामगः साम बलाय कवचाय हुम् ॥

અર્થાત્ "ત્રણ સામગાનથી સ્તુતિ કરાતા, સામવેદનું ગાન કરનારા, વેદોમાં સામવેદરૂપ" એ મંત્ર ભણીને **बलाय कवचाय हुम्** । એમ બોલી બંને હાથની હથેળીઓ બન્ને ખભાને અડાડીને અદબ વાળીએ તેમ કરવું. આથી કવચ પહેર્યાની ભાવના થાય છે.

रथाङ्गपाणिरक्षोभ्यः तेजसे नेत्राभ्यां वौषट् ॥

અર્થાત્ "હાથમાં રથના પૈડા જેવું શસ્ત્ર ધારણ કરનારા, નિર્ભય, કશાથી ક્ષોભ નહિ પામનારા" એ મંત્ર ભણીને **तेजसे नेत्राभ्यां वौषट्** એમ બોલીને જમણા હાથની આંગળીઓના અગ્રભાગવડે બન્ને ચક્ષુઓને સ્પર્શ કરવો.

शार्ङ्गधन्वा गदाधरः वीर्याय अस्त्राय फट् ॥

અર્થાત્ "શાર્ઙ્ગ નામનું ધનુષ્ય ધારણ કરનારા, ગદા ધારણ કરનારા" એ મંત્ર ભણીને **वीर्याय अस्त्राय फट्** એમ બોલીને જમણા હાથને માથાની આસપાસ પ્રદક્ષિણાથી ઉલટી રીતે ફેરવીને તેની પહેલી બે આંગળીઓ વડે ડાબી હથેળીમાં તાળી વગાડવી.

ऋतुः सुदर्शनः कालः भूर्भुवःस्वरोम् ॥ दिग्बंधः ॥

હાથમાં જળ લઇ "ઋતુઓવડે સમયરૂપે દેખાતા, મોક્ષરૂપી સુંદર ફળ આપનારા અને પ્રલયકાળે સર્વનો સંહાર કરનારા" એ મંત્ર ભણી ચારે દિશામાં પાણી છાંટી દિગ્બંધ કરવો.

इति हृदयादि षडङ्ग न्यासः ॥

अथ ध्यानम् ॥

शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशम् ।
विश्वाधारं गगनसदृशं मेघवर्ण शुभाङ्गम् ॥
लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यम् ।
वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥१॥

શેષશાયી ભગવાનનું ધ્યાન–જેનો આકાર શાન્ત–સૌમ્ય છે; જે શેષનાગ ઉપર પોઢેલા છે; જેની નાભિમાં કમળ છે; જે સર્વ દેવતાઓના ઈશ્વર છે; જે સમગ્ર વિશ્વના આધાર છે; જેનું સ્વરૂપ આકાશ જેવું (નિરાકાર અને સર્વવ્યાપી) છે; મેઘના જેવો જેનો વર્ણ છે; જેનાં સર્વ અંગો શુભ છે; લક્ષ્મીના જે પતિ છે; જેનાં નેત્ર કમળસરખાં છે; ધ્યાન કરવાથી યોગી લોકોને જે પ્રાપ્ત થાય છે; જે સંસારના સર્વ ભયને હરી લઈ નિર્ભય કરે છે; અને જે સર્વ લોકના કેવળ એકજ નાથ–અધિપતિ છે, તે શ્રીવિષ્ણુ ભગવાનને હું વંદન–નમસ્કાર કરૂં છું.

श्री विष्णुसहस्त्रनाम।

श्रीगणेशाय नमः ॥ श्रीगोपालकृष्णाय नमः ॥

यस्य स्मरणमात्रेण जन्मसंसारबंधनात् ।
विमुच्यते नमस्तस्मै विष्णवे प्रभविष्णवे ॥१॥

મનુષ્ય જેમના સ્મરણમાત્રથી સંસારના જન્મમરણરૂપી બંધનથી મુક્ત થાય છે, તે મહાપ્રભાવશાળી વિષ્ણુ ભગવાનને નમસ્કાર હો. ૧

वैशंपायन उवाच । વૈશંપાયન કહે છે:-

श्रुत्वा धर्मानशेषेण पावनानि च सर्वशः ।
युधिष्ठिरः शांतनवं पुनरेवाभ्यभाषत ॥ २ ॥

હે જનમેજય! પાવન કરનારા બધા ધર્મો સંપૂર્ણપણે સાંભળીને યુધિષ્ઠિરે શાંતનુપુત્ર-એવા ભીષ્મપિતાને ફરીથી પૂછ્યું. ૨

युधिष्ठिर उवाच । યુધિષ્ટિર પૂછે છે:-

किमेकं दैवतं लोके किंवाप्येकं परायणम् ।
स्तुवंतः कं कमर्चंतः प्राप्नुयुर्मानवाः शुभम् ॥३॥

હે પિતામહ! આ લોકમાં એક મહાન દેવ

ક્યા છે? પામવા યોગ્ય એક શ્રેષ્ઠ સ્થાન કયું છે? તથા કોની સ્તુતિ અને પૂજા કરવાથી મનુષ્ય કલ્યાણ પ્રાપ્ત કરે છે? ૩

को धर्मः सर्वधर्माणां भवतः परमो मतः ।
किं जपन् मुच्यते जंतुर्जन्मसंसारबंधनात् ॥४॥

બધા ધર્મોમાં આપના મતે કયો ધર્મ શ્રેષ્ઠ છે? કોનો જપ કરવાથી મનુષ્ય જન્મમરણરૂપી સંસારબંધનમાંથી મુક્ત થાય છે? ૪

भीष्म उवाच । ભીષ્મ કહે છે:—

जगत्प्रभुं देवदेवमनंतं पुरुषोत्तमम् ।
स्तुवन्नामसहस्रेण पुरुषः सततोत्थितः ॥५॥
तमेव चार्चयन्नित्यं भक्त्या पुरुषमव्ययम् ।
ध्यायन् स्तुवन्नमस्यंश्च यजमानस्तमेव च ॥६॥
अनादिनिधनं विष्णुं सर्वलोकमहेश्वरम् ।
लोकाध्यक्षं स्तुवन्नित्यं सर्वदुःखातिगो भवेत् ॥७
ब्रह्मण्यं सर्वधर्मज्ञं लोकानां कीर्तिवर्धनम् ।
लोकनाथं महद्भूतं सर्वभूतभवोद्भवम् ॥८॥

હે યુધિષ્ઠિર! જગતના સ્વામી, દેવોના દેવ, અનંત અને પુરુષોત્તમરૂપ એવા શ્રીવિષ્ણુ ભગવાનનાં (આમાં કહેવાશે તે) હજાર નામોવડે જે મનુષ્ય નિત્ય સાવધાન થઈને સ્તુતિ કરે, એ અવિનાશી પુરુષનું ભાવભક્તિસહિત નિત્ય પૂજન કરે, ધ્યાન ધરે, પ્રાર્થના કરે, પ્રણામ કરે, તેમના

નિમિત્તે યજ્ઞ કરે, એ આદિઅંત રહિત અને સર્વ લોકના મહેશ્વર તથા સર્વ જગતના અધ્યક્ષની સ્તુતિ કરે; તે સર્વ પ્રકારનાં દુઃખોથી મુક્ત થાય છે. એ બ્રહ્મસ્વરૂપ, સર્વ ધર્મને જાણનારા, લોકોની કીર્તિ વધારનારા, સર્વ લોકના અધિપતિ, સત્યરૂપ અને સર્વ પ્રાણીપદાર્થની ઉત્પત્તિરૂપ એવા જે શ્રીવિષ્ણુ ભગવાન, તેમની સ્તુતિ કરનાર મનુષ્ય સર્વ દુઃખથી છૂટે છે. ૫-૮

एष मे सर्वधर्माणां धर्मोऽधिकतमो मतः ।
यद्भक्त्या पुंडरीकाक्षं स्तवैरर्चेन्नरः सदा ॥९॥

કમળ જેવાં નેત્રવાળા શ્રીવિષ્ણુ ભગવાનનું મનુષ્ય સ્તવન અને પૂજન કરે, એ ધર્મ બીજા ધર્મોથી શ્રેષ્ઠ છે; એવો મારો મત છે.*૯

परमं यो महत्तेजः परमं यो महत्तपः ।
परमं यो महद्ब्रह्म परमं यः परायणम् ॥१०॥
पवित्राणां पवित्रं यो मंगलानां च मंगलम् ।

---

* વિષ્ણુપુરાણમાં કહ્યું છે કેઃ-

ध्यायन्कृते यजन्यज्ञैस्त्रेतायां द्वापरेऽर्चयन् ।
यदाप्नोति तदाप्नोति कलौ संकीर्त्य केशवम् ॥

અર્થાત્ કૃતયુગમાં-એટલે સતયુગમાં-ધ્યાન કરવાથી, ત્રેતાયુગમાં યજ્ઞ કરવાથી અને દ્વાપરયુગમાં પૂજન-અર્ચન કરવાથી જે શ્રેય અને પ્રેય સધાય છે; તે કળિકાળમાં કેશવનું સંકીર્તન (ગુણગાન) કરવાથી સધાય છે.

दैवतं देवतानां च भूतानां योऽव्ययः पिता ११॥
यतः सर्वाणि भूतानि भवंत्यादियुगागमे ।
यस्मिंश्च प्रलयं यांति पुनरेव युगक्षये ॥ १२ ॥
तस्य लोकप्रधानस्य जगन्नाथस्य भूपते ।
विष्णोर्नामसहस्रं मे शृणु पापभयापहम् ॥१३॥

જે વિષ્ણુદેવ, સૂર્ય, અગ્નિ અને વિજળી ઈત્યાદિ પ્રબળ તેજોને પણ તેજ આપનાર એવા મહાન્ તેજસ્વરૂપ* છે; જે વિષ્ણુદેવ મહાનમાં મહાન તપરૂપ છે; જે વિષ્ણુદેવ મહાન બ્રહ્મરૂપ છે;

મહાભારતમાં કહ્યું છે કેઃ–

जपस्तु सर्वधर्मेभ्यः परमो धर्म उच्यते ।
अहिंसया च भूतानां जपयज्ञः प्रवर्तते ॥

મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ—

जप्येनैव तु संसिद्ध्येद् ब्राह्मणो नात्र संशयः ।
कुर्यादन्यन्न वा कुर्यान् मैत्रो ब्राह्मण उच्यते ॥

ભગવદ્ગીતામાં કહ્યું છે કેઃ–यज्ञानां जपयज्ञोऽस्मि ।

* ઉપનિષદ્માં કહ્યું છે કેઃ–

यद् भयाद्वाति वातोऽयं सूर्यस्तपति यद् भयात् ।
वर्षतीन्द्रो दहत्यग्निर्मृत्युश्चरति यद् भयात् ॥

અર્થાત્ જેના ભયથી (સત્તાસ્ફૂર્તિથી) આ વાયુ વાય છે; જેના ભયથી આ સૂર્ય તપી રહ્યો છે; જેના ભયથી વરસાદ વર્ષે છે; જેના ભયથી અગ્નિ બાળે છે અને જેના ભયથી મૃત્યુ વિચરે છે; તે એ પરબ્રહ્મ પરમાત્મા છે.

જે વિષ્ણુદેવ પરમ સત્ય, પરમજ્ઞાન અને પરમ આનંદ-મય પરમાત્મારૂપે અવશ્ય પ્રાપ્ત કરવા યોગ્ય છે; (૧૦) જે દેવ પવિત્રમાં પવિત્ર તથા સર્વ પવિત્ર પદાર્થો અને મહાત્માઓને પવિત્રતા આપનાર× છે; જે વિષ્ણુદેવ સર્વ મંગળોના મંગળરૂપ (સર્વ કલ્યાણોના કલ્યાણરૂપ) છે; જે વિષ્ણુદેવ સર્વ દેવતાઓના દૈવતરૂપ છે; જે વિષ્ણુદેવ સર્વ ભૂતોના અવિનાશી પિતા છે; (૧૧) યુગના આદિકાળમાં જે વિષ્ણુમાંથી સર્વ પ્રાણીપદાર્થોની ઉત્પત્તિ થાય

× મહાભારતમાં કહ્યું છે કેઃ—

ज्ञानहृदे ध्यानजले रागद्वेषमलापहे ।
यः स्नाति मानसे तीर्थे स याति परमां गतिम्॥

જે મનુષ્ય મનરૂપી તીર્થના જ્ઞાનરૂપી કુંડમાં ધ્યાનરૂપી જળથી સ્નાન કરીને રાગદ્વેષરૂપી મેલને ધોઇ નાખે છે; તેજ પરમગતિને પ્રાપ્ત થાય છે.

आत्मानदी संयमतोयपूर्णा, सत्यावहा शीलतटादयोर्मिः । तत्राभिषेकं कुरु पांडुपुत्र न वारिणा शुद्धयति चांतरात्मा ॥

હે પાંડુપુત્ર યુધિષ્ઠિર! શીલરૂપી કિનારાવાળી, દયારૂપી લહેરોવાળી, સત્યરૂપી પ્રવાહવાળી અને સંયમરૂપી જળથી ભરેલી પરમાત્મારૂપી મહાન નદીમાં ડૂબકી મારીને પોતાના અંતરાત્મારૂપી દેવને અભિષેક કરો. અર્થાત્ પોતાના અંતઃકરણને સ્નાન કરાવો અને તેમાંના સર્વ દોષ દૂર કરો. આ પ્રમાણે અંતરાત્માને શુદ્ધ કરવાથીજ તે પરમપદને યોગ્ય થાય છે; માત્ર બહારના જળસ્નાનથી તે શુદ્ધ થતો નથી.

છે અને યુગનો ક્ષય થયે જેમનામાં એ બધાં લય પામે છે; (૧૨) એવા તે સર્વ લોકના અધિપતિ અને જગતના નાથ શ્રીવિષ્ણુ ભગવાનનાં, પાપ તથા ભયનો નાશ કરનારાં જે સહસ્રનામ તે હે યુધિષ્ઠિર રાજન્ ! મારી પાસેથી સાંભળ. ૧૩

यानि नामानि गौणानि विख्यातानि महात्मनः।
ऋषिभिः परिगीतानि तानि वक्ष्यामि भूतये ॥१४

ભગવાન વિષ્ણુના ગુણો ઉપરથી તેમનાં જે જે ગૌણ નામો મહાત્માઓએ જગતમાં વિખ્યાત કર્યાં છે; તથા જે જે નામો અને ગુણો સર્વ ઋષિ-મુનિઓથી ગવાયેલાં છે; તે તે ગુણવાચક નામો લોકોને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મળવા માટે હું તને કહું છું. ૧૪

ॐ नमो भगवते वासुदेवाय ॥

ૐકારસ્વરૂપ વાસુદેવ ભગવાનને નમસ્કાર

ॐविश्वं विष्णुर्वषट्कारो भूतभव्यभवत्प्रभुः।
भूतकृद्भूतभृद्भावो भूतात्मा भूतभावनः॥१॥

(૧) વિશ્વ=વિશ્વના કારણરૂપ હોવાથી વિશ્વ-રૂપ. (૨) વિષ્ણુ=સર્વવ્યાપક. (૩) વષટ્કાર=યજ્ઞમાં બોલાતા વષટ્કારરૂપ. (૪) ભૂતભવ્યભવત્પ્રભુ=ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના સ્વામી. (૫) ભૂતકૃત્=બ્રહ્મારૂપે પ્રાણીઓને ઉત્પન્ન કરનારા. (૬) ભૂત-

ભૃત્=પ્રાણીઓનું ભરણપોષણ કરનારા. (૭) ભાવ=ભાવોની સ્ફૂર્તિરૂપે અને પદાર્થોના અસ્તિત્વરૂપે પ્રતીત થનારા. (૮)ભૂતાત્મા=સર્વ ભૂતોના (પ્રાણી-પદાર્થોના)અંતરાત્મા. (૯) ભૂતભાવન=સર્વ ભૂતોની ઉત્પત્તિ અને વૃદ્ધિ કરનારા. ૧

पूतात्मा परमात्मा च मुक्तानां परमा गतिः ।
अव्ययः पुरुषः साक्षी क्षेत्रज्ञोऽक्षर एव च ॥२॥

(૧૦) પૂતાત્મા=પવિત્ર સ્વરૂપવાળા. પવિત્ર આત્માવાળા. (૧૧) પરમાત્મા=સર્વ કારણ કાર્યોથી (સર્વ ભૂતપદાર્થોથી) પર, શ્રેષ્ઠ અને નિત્ય શુદ્ધ, બુદ્ધ, મુક્ત ઈત્યાદિ વિલક્ષણ સ્વભાવવાળા. (૧૨) મુક્તાનાં પરમાગતિ=જેને પામીને ફરી જન્મ લેવો પડતો નથી એવી મુક્તોની પરમ ગતિરૂપ (ગંતવ્ય સ્થાનરૂપ). (૧૩) અવ્યય=અવિકારી, અવિનાશી. (૧૪) પુરુષ=નવ દ્વારવાળી શરીરરૂપી પુરીમાં રહે-નારા અને પ્રલય થતાં સર્વ ભૂતોને પોતામાં સમાવી લેનારા. (૧૫) સાક્ષી=કાંઈ પણ અંતરાયવિના સર્વ ભૂતપદાર્થોને જોનારા, પ્રકાશનારા. (૧૬) ક્ષેત્રજ્ઞ=સ્થૂળ, સૂક્ષ્મ અને કારણશરીરાદિ સર્વ ક્ષેત્રોને જાણનારા. (૧૭) અક્ષર=ક્ષયરહિત. અવિનાશી. ૨

योगो योगविदां नेता प्रधानपुरुषेश्वरः ।
नारसिंहवपुः श्रीमान् केशवः पुरुषोत्तमः ॥३॥

(૧૮)યોગ=જીવાત્માને પરમાત્મામાં જોડનારા-તલ્લીન કરનારા-યોગરૂપ. (૧૯) યોગવિદાં નેતા=

યોગવેત્તા એવા સિદ્ધ યોગીઓના નાયક. (૨૦) પ્રધાન પુરુષેશ્વર=પ્રકૃતિ અને પુરુષના–અર્થાત્ માયા અને જીવના ઈશ્વર. (૨૧) નારસિંહવપુ=પ્રસંગ આવતાં નર અને સિંહના જેવું નૃસિંહરૂપ ધારણ કરનારા. (૨૨) શ્રીમાન્=લક્ષ્મીને વક્ષસ્થળમાં ધારણ કરનારા. (૨૩) કેશવ=કેશી દૈત્યનો નાશ કરનારા, અથવા સુંદર કેશવાળા. (૨૪) પુરુષોત્તમ=સર્વ પુરુષોમાં ઉત્તમ. ૩

सर्गः शर्वः शिवः स्थाणुर्भूतादिर्निधिरव्ययः ।
संभवो भावनो भर्ता प्रभवः प्रभुरीश्वरः ॥४॥

(૨૫) સર્ગ=સર્વની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશના સ્થાનરૂપ. (૨૬) શર્વ=પ્રલયકાળે સર્વનો સંહાર કરનારા. (૨૭) શિવ=સદાય ત્રિગુણાતીત–શિવસ્વરૂપ, કલ્યાણરૂપ. (૨૮) સ્થાણુ=સર્વદા સ્થિર રહેનારા. (૨૯) ભૂતાદિ=સર્વ ભૂતપદાર્થોના આદિરૂપ. (૩૦) નિધિરવ્યય=સર્વ પદાર્થોના સર્વ કાળ માટેના અખૂટ–અવિનાશી ભંડારરૂપ. (૩૧) સંભવ=સદા સર્વદા અસ્તિત્વવાળા; સાચા સંત સાધુઓની રક્ષા અને દુષ્ટોના સંહાર માટે યુગે યુગે અવતરનારા.(૩૨)ભાવન=સર્વ ભોક્તા જીવોને તેમનાં કર્માનુસાર ફળ આપનારા. (૩૩) ભર્તા=અધિષ્ઠાનરૂપે સર્વને ધારણ કરનારા તથા સર્વનું ભરણપોષણ કરનારા. (૩૪) પ્રભવ=સર્વ ભૂતોને ઉત્પન્ન કરનારા. ઉત્તમ જન્મ લેનારા. (૩૫) પ્રભુ=

સર્વ પ્રકારે અત્યંત સમર્થ. (૩૬) ઈશ્વર=સર્વ ઐશ્વર્યના નિર્લેપ સ્વામી—માલિકોના માલિક. ૪

स्वयंभूः शंभुरादित्यः पुष्कराक्षो महास्वनः ।
अनादिनिधनो धाता विधाता धातुरुत्तमः ॥५॥

(૩૭) સ્વયંભૂ=પોતાની મેળે ઉત્પન્ન થનારા. (૩૮) શંભુ=ભક્તોને સુખ આપનારા, ભક્તોનું કલ્યાણ કરનારા. (૩૯) આદિત્ય=સૂર્યમંડળમાં વસી રહેલા હિરણ્યમય પુરુષ. (૪૦) પુષ્કરાક્ષ=કમળ જેવાં નેત્રવાળા. (૪૧) મહાસ્વન=ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના ગાનરૂપે મહાન સ્વરવાળા. (૪૨) અનાદિનિધન=જન્મ અને મરણરહિત. (૪૩) ધાતા=અનંત બ્રહ્માંડનું ધારણ પોષણ કરનારા. (૪૪) વિધાતા=કર્મની અને તેના ફળની વ્યવસ્થા કરનારા. (૪૫) ધાતુરુત્તમ=હિરણ્યગર્ભથી અને બ્રહ્માથી ઉત્તમ. પૃથ્વી આદિ સર્વ ધાતુઓથી ઉત્તમ એવા ચૈતન્ય ધાતુરૂપ. ૫

अप्रमेयो हृषीकेशः पद्मनाभोऽमर प्रभुः ।
विश्वकर्मा मनुस्त्वष्टा स्थविष्ठः स्थविरो ध्रुवः ॥६॥

(૪૬) અપ્રમેય=પ્રમાણોથી જાણી શકાય નહિ એવા. (૪૭) હૃષીકેશ=ઇંદ્રિયોના સ્વામી. (૪૮) પદ્મનાભ=નાભિમાં સર્વ જગતના કારણરૂપ કમળ-વાળા. (૪૯) અમરપ્રભુ=દેવતાઓના સ્વામી. (૫૦) વિશ્વકર્મા=વિશ્વરૂપી રચના કરનારા. જેની શક્તિથી સર્વ જગત ક્રિયા કરે છે તે. (૫૧) મનુ=મનન

કરનારા. મંત્રરૂપ. પ્રજાપતિ મનુ. (૫૨) ત્વષ્ટા=પ્રલય-કાળે સર્વ ભૂતોને તેમના કારણશરીરરૂપે સૂક્ષ્મ કરનારા. (૫૩) સ્થવિષ્ઠ=સર્વ સ્થૂળ પદાર્થોથી પણ વધારે સ્થૂળ. (૫૪) સ્થવિરો ધ્રુવ=સનાતન પરમાત્મા. પ્રાચીન અચલ પુરુષ. ૬

अग्राह्यः शाश्वतः कृष्णो लोहिताक्षः प्रतर्दनः ।
प्रभूतस्त्रिककुब्धाम पवित्रं मंगलं परम् ॥ ७ ॥

(૫૫) અગ્રાહ્ય=મન તથા ઇંદ્રિયોથી ગ્રહણ કરી શકાય નહિ એવા. (૫૬) શાશ્વત=સર્વ કાળમાં રહે-નારા. (૫૭) કૃષ્ણ=સચ્ચિદાનંદમૂર્તિ. શ્યામમૂર્તિ. કૃષ્ણરૂપ. (૫૮) લોહિતાક્ષ=રાતાં નેત્રવાળા. (૫૯) પ્રતર્દન=પ્રલયકાળે સર્વ જગતનો નાશ કરનારા. (૬૦) પ્રભૂત=જ્ઞાન આદિ સર્વ ઐશ્વર્યથી ભરપૂર. (૬૧)ત્રિકકુબ્ધામ=ઉપર, નીચે અને મધ્ય, એ ત્રણે દિશાઓમાં વસી રહેલા; અથવા એ ત્રણે દિશાઓ-ને પ્રકાશનારા. (૬૨) પવિત્ર=ઋષિરૂપે, દેવતારૂપે અને મંત્રરૂપે પવિત્ર કરનારા. (૬૩) મંગલંપરં= પરમ મંગળરૂપ. સર્વ મંગળોથી ઉત્તમ. મંગળોના મંગળરૂપ. પરમ કલ્યાણરૂપ. સ્મરણચિંતનથી મંગળ કરનારા. ૭

ईशानः प्राणदः प्राणो ज्येष्ठः श्रेष्ठः प्रजापतिः ।
हिरण्यगर्भो भूगर्भो माधवो मधुसूदनः ॥ ८ ॥

(૬૪) ઇશાન=સર્વના પ્રેરક અને નિયંતા. (૬૫) પ્રાણદ=સર્વના પ્રાણદાતા. સર્વને જીવન

આપનારા. (૬૬)પ્રાણ=સર્વના પ્રાણરૂપ–જીવનરૂપ. (૬૭)જ્યેષ્ઠ=સર્વના વડીલ. સર્વના વૃદ્ધ. (૬૮) શ્રેષ્ઠ=સર્વથી શ્રેષ્ઠ. સર્વથી મહાન. સર્વોત્તમ. (૬૯) પ્રજાપતિ=બ્રહ્માથી કીડીપર્યંત સર્વ પ્રજાના સ્વામી. (૭૦) હિરણ્યગર્ભ=જેના ગર્ભમાં બ્રહ્માંડ રહેલું છે એવા. (૭૧) ભૂગર્ભ=જેના ગર્ભમાં પૃથ્વી રહેલી છે અથવા જે પૃથ્વીના ગર્ભમાં (ઉકળતા લાવારૂપે) રહેલા છે એવા. (૭૨) માધવ=માયાના પતિ. લક્ષ્મીપતિ. બ્રહ્મવિદ્યાથી જાણી શકાય એવા. (૭૩) મધુસૂદન=મધુદૈત્યને હણનારા. ૮

ईश्वरो विक्रमी धन्वी मेधावी विक्रमः क्रमः।
अनुत्तमो दुराधर्षः कृतज्ञः कृतिरात्मवान् ॥९॥

(૭૪) ઈશ્વર=સર્વના સર્વશક્તિમાન સ્વામી. માલીકોના માલીક. (૭૫) વિક્રમી=પરાક્રમી, શૂરવીર. (૭૬) ધન્વી=ધનુર્ધારી શ્રીરામચંદ્ર. (૭૭) મેધાવી= મહાન બુદ્ધિવાળા. (૭૮) વિક્રમ=સર્વત્ર વ્યાપી રહેલા વિરાટરૂપ. (૭૯) ક્રમ=સર્વત્ર વિચરનારા, સર્વને ચલવનારા. (૮૦) અનુત્તમ=જેનાથી કોઈ ઉત્તમ નથી એવા. (૮૧) દુરાધર્ષ=દૈત્યોથી પણ હારે નહિ એવા. (૮૨) કૃતજ્ઞ=સર્વ કોઇનાં સર્વ કર્મોને તથા ઉદ્દેશોને જાણનારા. પત્ર, પુષ્પ, ફળ અને જળ જેવા સ્વલ્પ પદાર્થોથી પણ જો ભાવભક્તિપૂર્વક થોડું પણ પૂજન કર્યું હોય તો તેને ઘણું સમજીને પ્રેમપૂર્વક સ્વીકારનારા. શ્રદ્ધાભક્તિ અને ધર્મપાલનપૂર્વક પત્ર, પુષ્પ,

ફૂળ કે જળ ચઢાવવાથી પણ દુ:ખથી મુક્ત કરનારા. (૮૩) કૃતિ=સર્વની ક્રિયારૂપ–પ્રયત્નરૂપ. (૮૪) આત્મવાન્=સર્વના આત્મસ્વરૂપ, પોતાના મહિમામાં સ્થિત રહેલા. ૯

सुरेशः शरणं शर्म विश्वरेताः प्रजाभवः ।
अहः संवत्सरो व्यालः प्रत्ययः सर्वदर्शनः ॥१०॥

(૮૫) સુરેશ=દેવતાઓના સ્વામી. (૮૬) શરણ=શરણરહિત નિરાધારોના આધારરૂપ, શરણરૂપ, રક્ષણરૂપ. (૮૭) શર્મ=પરમાનંદસ્વરૂપ. કલ્યાણમૂર્તિ. (૮૮) વિશ્વરેતા=વિશ્વના કારણભૂત. વિશ્વના વીર્યરૂપ. (૮૯) પ્રજાભવ=સર્વ પ્રજાઓને ઉત્પન્ન કરનારા. (૯૦) અહ=દિવસરૂપ. પ્રકાશમૂર્તિ. (૯૧) સંવત્સર=કાળરૂપે રહેલા હોવાથી વર્ષરૂપ. (૯૨) વ્યાલ=સર્પની પેઠે ગ્રહણ કરી શકાય નહિ એવા. (૯૩) પ્રત્યય=માત્ર સૂક્ષ્મ બુદ્ધિથી જેની પ્રતીતિ પામી શકાય એવા. જ્ઞાનસ્વરૂપ. નિશ્ચયસ્વરૂપ. (૯૪) સર્વદર્શન=સર્વના સાક્ષીરૂપ. સર્વનાં ચક્ષુથી સર્વને જોનારા. સર્વ તરફ દૃષ્ટિવાળા. ૧૦

अजः सर्वेश्वरः सिद्धः सिद्धिः सर्वादिरच्युतः ।
वृषाकपिरमेयात्मा सर्वयोगविनिःसृतः ॥११॥

(૯૫) અજ=જન્મરહિત. (૯૬) સર્વેશ્વર=સર્વ સ્વામીઓના સ્વામી. સર્વના ઈશ્વર. (૯૭) સિદ્ધ=કૃતાર્થ. સર્વ કાંઇ મેળવેલા. (૯૮) સિદ્ધિ=સર્વ સિદ્ધિઓરૂપ. સર્વ જ્ઞાનની મૂર્તિ. સર્વોત્તમ ફળરૂપ.

(૯૯) સર્વાદિ=સર્વ પદાર્થોના આદિરૂપ. (૧૦૦) અચ્યુત=સ્વરૂપભ્રષ્ટ નહિ થનારા. (૧૦૧) વૃષાકપિ=ધર્મનું રક્ષણ કરનારા. સર્વ પદાર્થોને વર્ષાવનારા. (૧૦૨) અમેયાત્મા=કશાથી માપી શકાય નહિ એવા. અમાપ સ્વરૂપવાળા. (૧૦૩) સર્વયોગવિનિઃસૃત=સર્વ સંબંધોથી રહિત. સર્વ બંધનોથી રહિત. સર્વ સંયોગોની બહાર રહેલા. ૧૧

वसुर्वसुमनाः सत्यः समात्मा संमितः समः ।
अमोघः पुंडरीकाक्षो वृषकर्मा वृषाकृतिः ॥१२॥

(૧૦૪) વસુ=સર્વ પ્રાણીપદાર્થોમાં વસનારા. સર્વ જેમાં વસે છે એવા. (૧૦૫) વસુમના=નિર્વિકાર ઉત્તમ મનવાળા. (૧૦૬) સત્ય=સત્યસ્વરૂપ. અવિનાશી. ત્રિકાલાબાધ્ય. (૧૦૭) સમાત્મા=આત્મારૂપે સર્વમાં વિકારરહિતપણે અને સમાનપણે રહેલા. (૧૦૮) અસંમિત=કશાથી માપી શકાય નહિ એવા. સર્વથી અપરિચ્છિન્ન, અભિન્ન. (૧૦૯) સમ=સદા અને સર્વ પ્રત્યે સમાન દૃષ્ટિવાળા. (૧૧૦) અમોઘ=જેનું પૂજન, સ્મરણ, સ્તવન વૃથા જતું નથી એવા. ભક્તોની યાચના વૃથા નહિ કરતાં ઇચ્છિત પદાર્થ આપનારા. (૧૧૧) પુંડરીકાક્ષ=કમળની પેઠે ખીલેલાં ઉત્તમ અને વિશાળ નેત્રવાળા. હૃદયકમળમાં વિશેષરૂપે રહેલા. (૧૧૨) વૃષકર્મા=લોકસંગ્રહાર્થે ધર્મયુક્ત કર્મ કરનારા. (૧૧૩) વૃષાકૃતિ=ધર્મને માટે શરીર ધારણ કરનારા. ૧૨

रुद्रो बहुशिरा बभ्रुर्विश्वयोनिः शुचिश्रवाः ।
अमृतः शाश्वतः स्थाणुर्वरारोहो महातपाः ॥१३॥

(૧૧૪) રુદ્ર=દુષ્ટોને દુઃખથી રોવરાવનારા. સંહારવેળાએ પ્રાણીઓને રોવરાવનારા. (૧૧૫) બહુશિરા=બહુ મસ્તકોવાળા. (૧૧૬) બભ્રુ=લોકોનું ધારણ અને પોષણ કરનારા. (૧૧૭) વિશ્વયોનિ=જગતની ઉત્પત્તિના સ્થાનરૂપ. (૧૧૮) શુચિશ્રવા=જેનાં નામ અને યશ પવિત્ર કરનાર છે એવા. (૧૧૯) અમૃત=અમર. અવિનાશી. (૧૨૦) શાશ્વતઃ-સ્થાણુ=સદાકાળ અચળ રહેનારા. (૧૨૧) વરારોહ=જેના ખોળામાં બેઠા પછી અથવા જેના પદને પહોંચવા પછી જન્મમરણ નથી એવા. (૧૨૨) મહાતપા=જેના ઐશ્વર્યનો પ્રતાપ મહાન છે એવા મહાતપસ્વી. ૧૩

सर्वगः सर्वविद्भानुर्विष्वक्सेनो जनार्दनः ।
वेदो वेदविदव्यंगो वेदांगो वेदवित् कविः ॥१४॥

(૧૨૩) સર્વગ=સર્વને ગતિ આપનારા. સર્વત્ર રહેનારા. (૧૨૪) સર્વવિદ્ભાનુ=સર્વને જાણનારા અને પ્રકાશરૂપ. સદા સર્વત્ર રહેનારા અને મહાન સૂર્યરૂપ. (૧૨૫) વિશ્વક્સેન=દૈત્યોની સેનાને સર્વ દિશાઓમાં નસાડનારા. (૧૨૬) જનાર્દન=સર્વ દુષ્ટ જનોનો નાશ કરનારા. ભક્તજનોનાં પાપોનો નાશ કરનારા. (૧૨૭) વેદ=વેદરૂપ. જ્ઞાનરૂપ. પોતાને પામવાનો માર્ગ બતાવનારા. સર્વ પદાર્થોના યથાર્થ

જ્ઞાનવાળા. (૧૨૮) વેદવિત્=વેદોના અર્થ યથાવત્ જાણનારા. (૧૨૯) અવ્યંગ=જ્ઞાનથી પરિપૂર્ણ. (૧૩૦) વેદાંગ=વેદરૂપી અંગવાળા. વેદોના અંગરૂપ. (૧૩૧) વેદવિદ્=વેદ વિચારનારા. (૧૩૨) કવિ=ઇંદ્રિયોથી ન જણાય તેને હસ્તામલકવત્ જોનારા. ૧૪

लोकाध्यक्षः सुराध्यक्षो धर्माध्यक्षः कृताकृतः ।
चतुरात्मा चतुर्व्यूहश्चतुर्दंष्ट्रश्चतुर्भुजः ॥१५॥

(૧૩૩) લોકાધ્યક્ષ=સર્વ લોકના અધ્યક્ષ, દ્રષ્ટા. (૧૩૪) સુરાધ્યક્ષ=દેવતાઓના અધ્યક્ષ. (૧૩૫) ધર્માધ્યક્ષ=સર્વ ધર્મોના અધ્યક્ષ. ધર્મ તથા અધર્મને સાક્ષાત્ જોનારા અને તેનું ફળ આપનારા. (૧૩૬) કૃતાકૃત=કાર્યરૂપ અને કારણરૂપ. કર્તા છતાં અકર્તા. (૧૩૭) ચતુરાત્મા=ઉત્પત્તિકાળમાં બ્રહ્મા, દક્ષાદિક પ્રજાપતિ, કાળ તથા સર્વ ભૂતો; પાલનકાળમાં વિષ્ણુ, મનુ આદિક, કાળ અને સર્વ ભૂતો; સંહારકાળમાં રુદ્ર, મૃત્યુ, કાળ અને સર્વ ભૂતો; અર્થાત્ ત્રણે કાળમાં ચાર પ્રકારની વિભૂતિવાળા અથવા અંતઃકરણની ચારે વૃત્તિઓના આત્મા. (૧૩૮) ચતુર્વ્યૂહ=વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન ને અનિરુદ્ધ, એ ચાર મૂર્તિઓરૂપી વ્યૂહવાળા. (૧૩૯) ચતુર્દંષ્ટ્ર=નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાતરૂપી ચાર દાઢોવાળા શ્રીનૃસિંહ. ચાર દાઢવાળા વરાહ ભગવાન. (૧૪૦) ચતુર્ભુજ=ચાર ભુજાવાળા. ૧૫

भ्राजिष्णुर्भोजनं भोक्ता सहिष्णुर्जगदादिजः ।

अनघो विजयो जेता विश्वयोनिः पुनर्वसुः ॥१६॥

(૧૪૧) ભ્રાજિષ્ણુ=સદા પ્રકાશરૂપ. (૧૪૨) ભોજન=જેનું માયારૂપી ભોજન છે એવા. જેનાવડે પ્રાણીઓ જીવે છે એવા ભોજનરૂપ. (૧૪૩) ભોક્તા=જીવરૂપે સુખદુઃખને ભોગવનારા અથવા પુરુષરૂપે પ્રકૃતિને (માયાને) ભોગવનારા. (૧૪૪) સહિષ્ણુ=દૈત્યોને હરાવનારા. આશ્રિતોના દોષ સહી લેનારા. ક્ષમાવંત. (૧૪૫) જગદાદિજ=જગતના આદિમાં હિરણ્યગર્ભરૂપે પ્રકટ થનારા. જગતના આદિપુરુષ બ્રહ્માને જન્મ આપનારા. (૧૪૬) અનઘ=પાપરહિત. દોષરહિત. (૧૪૭) વિજય=જ્ઞાન વૈરાગ્ય આદિ ઐશ્વર્યના ગુણોવડે વિશ્વને જીતનારા. (૧૪૮) જેતા=ભક્તના શત્રુઓને જીતનારા. સ્વભાવથી સર્વને જીતનારા. (૧૪૯) વિશ્વયોનિ=વિશ્વના કારણરૂપ. (૧૫૦) પુનર્વસુ=જીવરૂપે વારંવાર શરીરોમાં વાસ કરનારા. ૧૬

उपेंद्रो वामनः प्रांशुरमोघः शुचिरूर्जितः ।
अतींद्रः संग्रहः सर्गो धृतात्मा नियमो यमः ॥१७॥

(૧૫૧) ઉપેન્દ્ર=ઇંદ્રના નાના ભાઈ. (૧૫૨) વામન=દેવોને માટે વામન થનારા. (૧૫૩) પ્રાંશુ=ત્રણ પગલાં પૃથ્વી માપી ત્યારે બહુ મોટા શરીરવાળા થયેલા. (૧૫૪) અમોઘ=જેની ચેષ્ટા વ્યર્થ થતી નથી એવા. (૧૫૫) શુચિ=સ્મરણ, પૂજન, સ્તવન કરનારને પવિત્ર કરનારા. (૧૫૬) ઊર્જિત=

મહાબળવાન. (૧૫૭) અતીંદ્ર=ઇંદ્રનો પરાજય કરનારા. ઇંદ્રિયોથી પાર પામી શકાય નહિ એવા. (૧૫૮) સંગ્રહ=સંહારકાળે સર્વનો ગ્રાહ કરનારા, પુણ્યવાનોનો સંગ્રહ કરનારા. (૧૫૯) સર્ગ=સૃષ્ટિરૂપ, સૃષ્ટિના કારણરૂપ. (૧૬૦) ધૃતાત્મા=આત્મારૂપે સર્વ શરીરોને ધારણ કરનારા. (૧૬૧) નિયમ=સર્વને નિયમમાં રાખનારા. (૧૬૨) યમ=સર્વને પોત-પોતાના કામમાં જોડનારા. ૧૭

वेद्यो वैद्यः सदायोगी वीरहा माधवो मधुः ।
अतींद्रियो महामायो महोत्साहो महाबलः ॥१८॥

(૧૬૩) વેદ્ય=મોક્ષેચ્છુઓએ જાણવા યોગ્ય. (૧૬૪) વૈદ્ય=ધન્વંતરીરૂપ. સંસારરૂપી મહારોગને ટાળનારા. વેદાદિક સર્વ વિદ્યાઓવડે જાણવા યોગ્ય. (૧૬૫) સદાયોગી=આત્મજ્ઞાન અને સ્વરૂપ જેને સદાય પ્રાપ્ત છે એવા. (૧૬૬) વીરહા=ધર્મનો નાશ કરનારા. અસુરવીરોને હણનારા. (૧૬૭) માધવ=માયાના સ્વામી. બ્રહ્મવિદ્યાના સ્વામી. (૧૬૮)મધુ=ભક્તોને અમૃતની પેઠે આનંદ આપનારા. (૧૬૯) અતીંદ્રિય=ઇંદ્રિયોથી જોઇ શકાય નહિ એવા. (૧૭૦) મહામાય=માયાવીઓને પણ મોહ પમાડ-નારા મોટા માયાવી. (૧૭૧) મહોત્સાહ=જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવામાં મોટા ઉત્સાહી. (૧૭૨)મહાબલ=સર્વ બળવાનોથી મોટા બળવાન.૧૮

महाबुद्धिर्महावीर्यो महाशक्तिर्महाद्युतिः ।

अनिर्देश्यवपुः श्रीमानमेयात्मा महाद्रिधृक् ॥१९॥

(૧૭૩) મહાબુદ્ધિ=સર્વથી મહાન બુદ્ધિવાળા. (૧૭૪) મહાવીર્ય=મહાન પરાક્રમવાળા. (૧૭૫) મહાશક્તિ=મહાન શક્તિવાળા. (૧૭૬) મહાદ્યુતિ= અંદર બહાર મહાન પ્રકાશરૂપ. (૧૭૭) અનિર્દેશ્યવપુ=વર્ણવી શકાય નહિ એવા શરીરવાળા. (૧૭૮) શ્રીમાન્=સર્વ પ્રકારના ઐશ્વર્યવાળા. (૧૭૯) અમેયાત્મા=અપાર બુદ્ધિવાળા. અમાપ સ્વરૂપવાળા. (૧૮૦) મહાદ્રિધૃક્=સમુદ્રમંથનવેળાએ કચ્છરૂપે મંદરાચળને ધારણ કરનારા. વ્રજની રક્ષામાટે ગોવર્ધનને ધારણ કરનારા. ૧૯

महेष्वासो महीभर्ता श्रीनिवासः सतांगतिः ।
अनिरुद्धः सुरानंदो गोविंदो गोविदां पतिः ॥२०॥

(૧૮૧) મહેષ્વાસ=મોટા ધનુર્ધારી. (૧૮૨) મહીભર્તા=વરાહરૂપે પૃથ્વીને ધારણ કરનારા. પૃથ્વીનું ભરણપોષણ કરનારા. (૧૮૩) શ્રીનિવાસ= સર્વ સંપત્તિ અને ઐશ્વર્યના નિવાસસ્થાન. (૧૮૪) સતાંગતિ=સત્પુરુષોના ગતિરૂપ, આશ્રયરૂપ. (૧૮૫) અનિરુદ્ધ=રોકી શકાય નહિ એવા. (૧૮૬) સુરાનંદ=દેવતાઓને આનંદ આપનારા. (૧૮૭) ગોવિંદ=વરાહરૂપે પૃથ્વીનું રક્ષણ કરનારા. ગાયત્રીમંત્રનું યથાર્થ રહસ્ય અને માહાત્મ્ય જાણનારા. ઇંદ્રિયોને જાણનારા. વેદોના શિખરરૂપ ઉપનિષદોથી જાણી શકાય એવા. (૧૮૮) ગોવિદાંપતિ=વેદ અને શાસ્ત્રા-

દિને જાણનારાઓના પતિ. ૨૦

मरीचिर्दमनो हंसः सुपर्णो भुजगोत्तमः ।
हिरण्यनाभः सुतपाः पद्मनाभः प्रजापतिः ॥२१॥

(૧૮૯) મરીચિ=તેજસ્વીઓમાં મહાતેજસ્વી. (૧૯૦) દમન=ધન તથા અધિકાર આદિના મદવાળાનું દમન કરનારા. (૧૯૧) હંસ=સંસારના ભયને હણનારા. (૧૯૨) સુપર્ણ=સર્વના હૃદયમાં ગમન કરનારા. સુંદર પાંખવાળા ગરુડરૂપ. (૧૯૩) ભુજગોત્તમ=સર્પોમાં શેષનાગરૂપ. (૧૯૪) હિરણ્યનાભ=સુવર્ણ જેવી સુંદર નાભિવાળા. (૧૯૫) સુતપા=બદરિકાશ્રમમાં નરનારાયણરૂપે ઉત્તમ તપ કરનારા. (૧૯૬) પદ્મનાભ=કમળના જેવી સુંદર ગોળ નાભિવાળા. (૧૯૭) પ્રજાપતિ=પ્રજાઓના સ્વામી. ૨૧

अमृत्युः सर्वदृक्सिंहः संधाता संधिमान् स्थिरः ।
अजो दुर्मर्षणः शास्ता विश्रुतात्मा सुरारिहा ॥२२॥

(૧૯૮) અમૃત્યુ=મરણરહિત. (૧૯૯) સર્વદૃક્=સ્વાભાવિક જ્ઞાનશક્તિવડે સર્વ શુભાશુભ દેશકાળ અને કર્માદિને જોનારા. (૨૦૦) સિંહ=દુષ્ટ મનુષ્યોરૂપી મૃગોનો નાશ કરનારા. (૨૦૧) સંધાતા=સજ્જનોમાં સંધિ (મૈત્રી) કરાવનારા. કર્મનાં યથાયોગ્ય ફળ આપનારા. (૨૦૨) સંધિમાન્=જીવરૂપે કર્મફળ ભોગવનારા. સર્વ પ્રત્યે સ્નેહવાળા. (૨૦૩) સ્થિર=સદાકાળ સ્થિર-એકરસ રહેનારા. (૨૦૪) અજ=જન્મરહિત. (૨૦૫) દુર્મર્ષણ=અસહ્ય પ્રતાપ-

વાળા. (૨૦૬) શાસ્તા=સર્વ પદાર્થોપર અનુશાસન કરનારા. (૨૦૭) વિશ્રુતાત્મા=સત્ય અને જ્ઞાનાદિ-કરૂપે પ્રસિદ્ધ સ્વરૂપવાળા. (૨૦૮) સુરારિહા=દેવોના શત્રુને હણનારા. ૨૨

गुरुर्गुरुतमो धाम सत्यः सत्यपराक्रमः ।
निमिषोऽनिमिषः स्रग्वी वाचस्पतिरुदारधीः ॥२३

(૨૦૯) ગુરુ=સર્વ વિદ્યાઓ આપનારા. (૨૧૦) ગુરૂત્તમ=ગુરુઓના ગુરુ. બ્રહ્માદિકને બ્રહ્મવિદ્યા આપનારા. (૨૧૧) ધામ=સર્વના આશ્રયરૂપ–ધામ-રૂપ–જ્યોતિરૂપ. (૨૧૨) સત્ય=સત્યમૂર્તિ. (૨૧૩) સત્યપરાક્રમ=સત્યપરાક્રમવાળા. (૨૧૪) નિમિષ=યોગનિદ્રાસમયે આંખ મીંચનારા. (૨૧૫) અનિ-મિષ=સદાય જાગ્રત રહેનારા. (૨૧૬) સ્રગ્વી=પંચતન્માત્રારૂપી વૈજયંતિ માળા ધારણ કરનારા. (૨૧૭) વાચસ્પતિરુદારધી=સર્વ પદાર્થને જાણનારી વિશાળ બુદ્ધિવાળા. વાણીના પતિ બૃહસ્પતિ. ૨૩

अग्रणीर्ग्रामणीः श्रीमान् न्यायो नेता समीरणः ।
सहस्रमूर्धा विश्वात्मा सहस्राक्षः सहस्रपात् ॥२४

(૨૧૮) અગ્રણી=સર્વના નેતા–આગેવાન. શુભેચ્છાવાળાઓને શુભ માર્ગે ચલાવનારા. (૨૧૯) ગ્રામણી=સર્વ સમૂહોના નાયક. (૨૨૦) શ્રીમાન્=અપાર કાન્તિવાળા. (૨૨૧) ન્યાય=તર્કમૂર્તિ. ન્યાય-રૂપ. (૨૨૨) નેતા=જગતના સર્વ વ્યવહારોનો અ-સંગપણે નિર્વાહ કરનારા. (૨૨૩) સમીરણ=શ્વાસરૂપે

સર્વને ચેષ્ટા કરાવનારા. (૨૨૪) સહસ્રમૂર્ધા=અનંત-મસ્તકવાળા. (૨૨૫) વિશ્વાત્મા=વિશ્વના આત્મા-રૂપ. વિશ્વ જેનું શરીર છે તે. (૨૨૬) સહસ્રાક્ષ=અનંત આંખોવાળા. (૨૨૭) સહસ્રપાત્=અનંત ચરણોવાળા. ૨૪

आवर्तनो निवृत्तात्मा संवृतः संप्रमर्दनः ।
अहः संवर्तको वह्निरनिलो धरणीधरः ॥२५॥

(૨૨૮) આવર્તન=અવતાર ધારણ કરનારા. સંસારચક્રને ચલવનારા. (૨૨૯) નિવૃત્તાત્મા=સંસાર-બંધનથી મુક્ત સ્વરૂપવાળા. (૨૩૦) સંવૃત=લૌકિક દૃષ્ટિએ માયાથી આવૃત થયેલા–વિંટાયેલા. (૨૩૧) સંપ્રમર્દન=રુદ્રરૂપે જગતનો સંહાર કરનારા. (૨૩૨) અહઃસંવર્તક=સૂર્યરૂપે દિવસ પ્રકટાવનારા. (૨૩૩) વહ્નિ=અગ્નિરૂપે દેવતાઓને આહુતિ પહોંચાડનારા. અગ્નિરૂપે આહુતિ સ્વીકારનારા. (૨૩૪) અનિલ=સુગંધ દુર્ગંધથી નિર્લેપ રહેનારા વાયુની પેઠે પુણ્યપાપથી નિર્લેપ રહેનારા. (૨૩૫) ધરણી-ધર=પૃથ્વીને ધારણ કરનારા. ૨૫

सुप्रसादः प्रसन्नात्मा विश्वधृग्विश्वभुग्विभुः ।
सत्कर्ता सत्कृतः साधुर्जह्नुर्नारायणो नरः ॥२६॥

(૨૩૬) સુપ્રસાદ=હિતકારી કૃપા કરનારા. (૨૩૭) પ્રસન્નાત્મા=રજસ તમસથી રહિત પ્રસન્ન સ્વભાવ-વાળા. (૨૩૮) વિશ્વધૃક્=વિશ્વને ધારણ કરનારા.

(૨૩૯)વિશ્વભુક્= પ્રલયકાળમાં વિશ્વનું ભોજન કરનારા. વિશ્વરૂપે જગતનું પાલન કરનારા. (૨૪૦) વિભુ=વિવિધ રૂપ ધારણ કરનારા. (૨૪૧) સત્કર્તા= શુભ કર્મ કરનારા. સત્કાર કરનારા. (૨૪૨) સત્કૃત= પૂજ્ય પુરુષોથી પૂજાયલા. ભક્તજનોનો સત્કાર પામેલા. (૨૪૩) સાધુ=સદાચારી ભકતોનાં કાર્ય સાધી આપનારા. (૨૪૪) જહ્નુ=સંહારકાળે સર્વનો પોતામાં લય કરનારા. (૨૪૫) નારાયણ=પ્રકૃતિમાં પાંચ મહાભૂતોના કારણરૂપે રહેલા. (૨૪૬) નર= જીવોને કર્મમાં જોડનારા. કર્મફળ આપનારા. ૨૬

असंख्येयोऽप्रमेयात्मा विशिष्टः शिष्टकृच्छुचिः।
सिद्धार्थः सिद्धसंकल्पः सिद्धिदः सिद्धिसाधनः॥

(૨૪૭) અસંખ્યેય=અગણિત નામ, રૂપ અને કર્મવાળા. (૨૪૮) અપ્રમેયાત્મા=કોઈ પણ રીતે માપી શકાય નહિ એવા. (૨૪૯) વિશિષ્ટ=સર્વ પ્રકારે સર્વ કરતાં શિષ્ટ. (૨૫૦) શિષ્ટકૃત્=શિષ્ટજનોને સહાય કરનારા. દુષ્ટોને શિક્ષા કરનારા. (૨૫૧) શુચિ=સદાય પવિત્ર–નિર્મળ. માયારહિત. (૨૫૨) સિદ્ધાર્થ=મુમુક્ષુઓનો મનોરથ સિદ્ધ કરનારા. (૨૫૩) સિદ્ધસંકલ્પ=સિદ્ધ સંકલ્પવાળા. (૨૫૪) સિદ્ધિદ=સર્વ સિદ્ધિ અને મુક્તિ આપનારા. (૨૫૫) સિદ્ધિસાધન=સિદ્ધિઓના સાધનરૂપ. ૨૭

वृषाही वृषभो विष्णुर्वृषपर्वा वृषोदरः।
वर्धनो वर्धमानश्च विविक्तः श्रुतिसागरः॥२८॥

(૨૫૬) વૃષાહી=ધર્મની મૂર્તિરૂપ. (૨૫૭) વૃષભ=ભક્તોના શુભ મનોરથ પૂરનારા. (૨૫૮) વિષ્ણુ=સર્વત્ર વ્યાપી રહેલા. (૨૫૯) વૃષપર્વા=પરમધામનાં ધર્મરૂપી પગથિયાંરૂપ. (૨૬૦) વૃષોદર=સર્વ ધર્મો અને પ્રજાઓને ઉદરમાં ધારણ કરનારા. (૨૬૧) વર્ધન=ભક્તોની શુદ્ધિને અને સજ્જનોના ધર્મને વધારનારા. (૨૬૨) વર્ધમાન=સંસારરૂપે થઈને વૃદ્ધિ પામનારા. (૨૬૩) વિવિક્ત=સંસારથી નિર્લેપ રહેનારા. (૨૬૪) શ્રુતિસાગર=શ્રુતિઓના—વેદોના સમુદ્ર. ૨૮

सुभुजो दुर्धरो वाग्मी महेंद्रो वसुदो वसुः ।
नैकरूपो बृहद्रूपः शिपिविष्टः प्रकाशनः ॥२९॥

(૨૬૫) સુભુજ=ભક્તોને પોષનાર અને રક્ષનાર સુંદર બાહુવાળા. (૨૬૬) દુર્ધર=કષ્ટથી અંતઃકરણમાં ધારણ કરી શકાય એવા. (૨૬૭) વાગ્મી=વાણી અને વેદાદિનું ઉત્પત્તિસ્થાન. (૨૬૮) મહેન્દ્ર=મોટા ઈંદ્ર. (૨૬૯) વસુદ=ધન ઈચ્છનાર ભક્તોને ધન આપનારા. (૨૭૦) વસુ=ધનરૂપ. આકાશમાં વસનારા વાયુરૂપ. (૨૭૧) નૈકરૂપ=અનેક રૂપવાળા. પ્રસંગવશાત્ અનેક રૂપ ધારનારા. (૨૭૨) બૃહદ્રૂપ=વિશાળ રૂપવાળા. (૨૭૩) શિપિવિષ્ટ=સૂર્યચંદ્રાદિનાં કિરણમાં વસનારા. (૨૭૪) પ્રકાશન=સર્વના પ્રકાશક. ૨૯

ओजस्तेजोद्युतिधरः प्रकाशात्मा प्रतापनः ।
ऋद्धः स्पष्टाक्षरो मंत्रश्चंद्रांशुभास्करद्युतिः ॥३०॥

(૨૭૫) ઓજસ્તેજોદ્યુતિધર=પ્રાણબલરૂપે ઓજસ, શૌર્યાદિરૂપે તેજ અને સૌંદર્યરૂપે કાન્તિને ધારણ કરનારા. (૨૭૬) પ્રકાશાત્મા=સર્વ પ્રકાશોના આત્મારૂપ. આત્મારૂપે સર્વને પ્રકાશનારા. (૨૭૭) પ્રતાપન=સૂર્યાદિ વિભૂતિદ્વારા વિશ્વને પ્રકાશનારા. (૨૭૮) ઋદ્ધ=ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યાદિ ઐશ્વર્યોથી સમૃદ્ધ. (૨૭૯) સ્પષ્ટાક્ષર=ૐકારરૂપી સ્પષ્ટ એકાક્ષરી નામવાળા. (૨૮૦) મંત્ર=ઋક્, યજુષ્ અને સામવેદોના મંત્રરૂપ. (૨૮૧) ચંદ્રાંશુ=ત્રિવિધ તાપથી તપેલાને ચંદ્રનાં કિરણોની પેઠે શાંતિ પમાડનારા. (૨૮૨) ભાસ્કરદ્યુતિ=સૂર્યને તેજ આપનારા. ૩૦

अमृतांशूद्भवो भानुः शशबिंदुः सुरेश्वरः ।
औषधं जगतः सेतुः सत्यधर्मपराक्रमः ॥३१॥

(૨૮૩) અમૃતાંશૂદ્ભવ=સમુદ્રમંથનથી અમૃતાંશસહિત ચંદ્રને ઉત્પન્ન કરનારા. સમુદ્રની ભરતી સાથે ચંદ્રનો ઉદય કરનારા. (૨૮૪) ભાનુ=સદાય પ્રકાશમાન સૂર્યરૂપ. (૨૮૫) શશબિંદુ=ચંદ્રમારૂપ. ચંદ્રમાની પેઠે સર્વને પોષનારા. (૨૮૬) સુરેશ્વર=દેવોના ઈશ્વર. દેવ જેવા સદાચારી મનુષ્યોને અતિ સુંદર ફળ આપનારા. (૨૮૭) ઔષધ=સંસારરૂપી રોગના ઔષધરૂપ. (૨૮૮) જગતઃસેતુ=સંસારસાગરને ઓળંગવાના સેતુરૂપ. ધર્મસેતુરૂપે જગતમાં રહેલા. (૨૮૯) સત્યધર્મ-

પરાક્રમ=ધર્મ, જ્ઞાન અને પરાક્રમાદિ જેમનાં સત્યરૂપ છે એવા. ૩૧

भूतभव्यभवन्नाथः पवनः पावनोऽनलः ।
कामहा कामकृत् कांतः कामः कामप्रदः प्रभुः॥३२॥

(૨૯૦) ભૂતભવ્યભવન્નાથ=ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના સર્વ પ્રાણીપદાર્થોના સ્વામી. (૨૯૧) પવન=પવિત્ર પવનરૂપ. (૨૯૨) પાવન=પવનને પવિત્રતા આપનારા. ધ્યાનસ્મરણાદિ કરનારને પવિત્ર કરનારા. સર્વને પ્રેરણાદ્વારા ગતિ આપનારા. જેના ભયથી પવન ચાલે છે તે. (૨૯૩) અનલ=અગ્નિરૂપ. ભકતોનાં પાપ બાળનારા. જન્મ અને અંતરહિત. (૨૯૪) કામહા=ભક્તજનોના કામક્રોધાદિ શત્રુઓને હણનારા. (૨૯૫) કામકૃત=ભક્તની શુભ કામના પૂરનારા. (૨૯૬) કાંત=મનોહર કાંતિરૂપ. (૨૯૭) કામ=મુમુક્ષુજનો જેની કામના કરે છે તે. (૨૯૮) કામપ્રદ=ભકતોને કામનાઓથી અધિક આપનારા. (૨૯૯) પ્રભુ=પરમ સમર્થ. અનેકરૂપે થનારા. ૩૨

युगादिकृद्युगावर्तो नैकमायो महाशनः ।
अदृश्योऽव्यक्तरूपश्च सहस्रजिदनंतजित् ॥३३॥

(૩૦૦) યુગાદિકૃત=સત્યાદિ યુગોનો આરંભ કરનારા. (૩૦૧) યુગાવર્ત=યુગોની વારંવાર આવૃત્તિ કરનારા. (૩૦૨) નૈકમાય=અનેક પ્રકારની માયા કરનારા. (૩૦૩) મહાશન=મહાપ્રલયમાં દેશ, કાળ

અને કારણસહિત સર્વ જગતનું મહાન ભોજન કરનારા—તેને પોતાની અવ્યક્ત પ્રકૃતિમાં સમાવી દેનારા. (૩૦૪) અદૃશ્ય=વૃત્તિઓ અને ઇંદ્રિયોથી દેખાય નહિ એવા. (૩૦૫) અવ્યક્તરૂપ=અતિ સૂક્ષ્મ રૂપવાળા. (૩૦૬) સહસ્રજિત્=હજારો અસુરોને જીતનારા. (૩૦૭) અનંતજિત્=યુદ્ધાદિ લીલાવડે અનંત જીવોને જીતનારા. ૩૩

इष्टो विशिष्टः शिष्टेष्टः शिखंडी नहुषो वृषः ।
क्रोधहा क्रोधकृत्कर्ता विश्वबाहुर्महीधरः ॥३४॥

(૩૦૮) ઇષ્ટ=પરમાનંદરૂપ હોવાથી સર્વને પ્રિય. યજ્ઞાદિવડે પૂજાયલા. (૩૦૯) વિશિષ્ટ=સર્વ ઇષ્ટ પદાર્થો કરતાં સર્વ પ્રકારે વધારે ઇષ્ટ અથવા શ્રેષ્ઠ. (૩૧૦) શિષ્ટેષ્ટ=ઉત્તમ જનોના ઇષ્ટ. ઉત્તમજનો જેને પ્રિય છે તે. ઉત્તમ જનોથી પૂજાયલા. (૩૧૧) શિખંડી=મયૂરપિચ્છનો મુકુટ ધારણ કરનારા. (૩૧૨) નહુષ=અજ્ઞાની અભકતોને માયાજાળમાં બાંધનારા. (૩૧૩) વૃષ=ધર્મરૂપ મનોરથોને વર્ષાવનારા—પૂરનારા. (૩૧૪) ક્રોધહા=સાધુઓના ક્રોધને હણનારા. (૩૧૫) ક્રોધકૃત્કર્તા=દુષ્ટો ઉપર ક્રોધ કરનારા. (૩૧૬) વિશ્વબાહુ=સર્વ તરફ વિશ્વરૂપી હાથવાળા. (૩૧૭) મહીધર=પૃથ્વીને ધારણ કરનારા. ૩૪

अच्युतः प्रथितः प्राणः प्राणदो वासवानुजः ।
अपांनिधिरधिष्ठानमप्रमत्तः प्रतिष्ठितः ॥३५॥

(૩૧૮) અચ્યુત=છએ વિકારોથી* રહિત. (૩૧૯) પ્રથિત=જગતની ઉત્પત્તિ, પાલન, નાશ ઇત્યાદિ કર્મોથી પ્રખ્યાત. (૩૨૦) પ્રાણ=સૂત્રાત્મારૂપે જગતને જીવાડનારા. પ્રાણરૂપ. (૩૨૧) પ્રાણદ=સર્વના પ્રાણના દાતા. સાધુજનોને બળ દેનારા. (૩૨૨) વાસવાનુજ=કશ્યપઋષિના પુત્ર ઈંદ્રના નાના ભાઈ. (૩૨૩) અપાંનિધિ=જળના સાગરરૂપ. (૩૨૪) અધિષ્ઠાન=સર્વ પદાર્થના વિવર્ત ઉપાદાનકારણરૂપ. (૩૨૫) અપ્રમત્ત=કર્મને અનુસરતાં ફળ આપવામાં સાવધાન. (૩૨૬) પ્રતિષ્ઠિત=પોતાના મહિમામાં સ્થિર રહેલા. ૩૫

स्कंदः स्कंदधरो धुर्यो वरदो वायुवाहनः ।
वासुदेवो बृहद्भानुरादिदेवः पुरंदरः ॥३६॥

(૩૨૭) સ્કંદ=અમૃતરૂપે વહેનારા. વાયુરૂપે શોષણ કરનારા. કાર્તિકસ્વામીરૂપ. (૩૨૮) સ્કંદધર=ધર્મરૂપે ધારણ કરનારા. (૩૨૯) ધુર્ય=સર્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લયરૂપી ધુંસરી ધરનારા. (૩૩૦) વરદ=વાંચ્છિત વર આપનારા. (૩૩૧) વાયુવાહન=વાયુવેગી ગરુડના વાહનવાળા. વાયુઓને ચલાવનારા. (૩૩૨) વાસુદેવ=વસુદેવના પુત્ર. સર્વમાં આત્મારૂપે વસી રહેલા. (૩૩૩) બૃહદ્ભાનુ=પોતાનાં સૂર્યચંદ્રાદિ મોટાં કિરણોવડે જગતને પ્ર-

* એ છ વિકારો આ પ્રમાણે છેઃ—જન્મવું, અસ્તિત્વ ભોગવવું, વધવું, નામરૂપ બદલાવું, ઘટવું અને નાશ પામવું.

કાશનારા. (૩૩૪) આદિદેવ=સર્વ દેવોના આદિ-રૂપ દેવ. (૩૩૫) પુરંદર=દેવોના શત્રુઓનાં નગરો-નો નાશ કરનારા. ૩૬

अशोकस्तारणस्तारः शूरः शौरिर्जनेश्वरः ।
अनुकूलः शतावर्तः पद्मी पद्मनिभेक्षणः ॥३७॥

(૩૩૬) અશોક=ક્ષુધા-તૃષા, જરા-મૃત્યુ અને શોક-મોહરૂપી છ ઉર્મીઓથી રહિત. (૩૩૭) તાર-ણ=સંસારસાગરમાંથી તરવા ઇચ્છનારને તારનારા-ઉદ્ધારનારા. (૩૩૮) તાર=ૐકારમૂર્તિ. સર્વ ભયો અને દુઃખોથી તારનારા. (૩૩૯) શૂર=શૂરવીર. પરાક્રમી. (૩૪૦)શૌરિ=શૂરસેન યાદવના વંશમાં જન્મેલા. (૩૪૧) જનેશ્વર=સર્વ જીવજંતુઓના ઈશ્વર. (૩૪૨) અનુકૂલ=આત્મારૂપે સર્વને અનુકૂળ રહેનારા. સર્વ તરફ દયાદૃષ્ટિવાળા. (૩૪૩) શતા-વર્ત=ધર્મરક્ષાર્થે સેંકડો અવતાર લેનારા. (૩૪૪) પદ્મી=હાથમાં કમળ ધારણ કરનારા. (૩૪૫) પદ્મનિભેક્ષણ=કમળ જેવાં વિશાળ અને તેજસ્વી નેત્રવાળા. ૩૭

पद्मनाभोऽरविन्दाक्षः पद्मगर्भः शरीरभृत् ।
महर्द्धिरृद्धो वृद्धात्मा महाक्षो गरुडध्वजः ॥३८॥

(૩૪૬) પદ્મનાભ=નાભિમાં કમળ ધારણ કર-નારા. કમળની નાભિમાં રહેલા. (૩૪૭) અરવિં-દાક્ષ=કમળ જેવાં નેત્રવાળા. (૩૪૮) પદ્મગર્ભ=હૃદયકમળમાં ધ્યાન ધરવા યોગ્ય. યોગીઓના હૃદય-

કમળમાં સ્મરણચિંતનાદિરૂપે વિશેષ વસનારા. (૩૪૯) શરીરભૃત=પ્રાણરૂપે સર્વ શરીરને ધારણ કરનારા, આત્મારૂપે સર્વ શરીરોમાં રહેલા. (૩૫૦) મહર્દ્ધિ=મહાન વિભૂતિઓવાળા. (૩૫૧) ઋદ્ધ=અલૌકિક સમૃદ્ધિવાળા. સંસારની ઉત્પત્તિ આદિમાં સ્વેચ્છાથી રૂંધાયલા. (૩૫૨) વૃદ્ધાત્મા=પુરાતન–સનાતન–આત્મારૂપ. (૩૫૩) મહાક્ષ=વિશાળ નેત્રવાળા. (૩૫૪) ગરુડધ્વજ=ગરુડના ચિહ્નવાળી ધ્વજાવાળા. ૩૮

अतुलः शरभो भीमः समयज्ञो हविर्हरिः ।
सर्वलक्षणलक्षण्यो लक्ष्मीवान् समितिंजयः ॥३९॥

(૩૫૫) અતુલ=જેની સમાન કશું નથી એવા ઉપમારહિત. (૩૫૬) શરભ=સર્વ શરીરોમાં અંતર્યામીરૂપે ભાસનારા–જ્ઞાનનો પ્રકાશ પાડનારા. (૩૫૭) ભીમ=પાપીઓને ભયકારક. ભકતોને અભય આપનારા. (૩૫૮) સમયજ્ઞ=કાળને જાણનારા. સમદૃષ્ટિરૂપે સર્વનું યજન–પૂજન–આરાધન કરનારા. (૩૫૯) હવિર્હરિ=ભકતનાં પાપ હરનારા. યજ્ઞમાં બલિને (આહુતિને) ગ્રહણ કરનારા. (૩૬૦) સર્વલક્ષણલક્ષણ્ય=સર્વ પ્રમાણોથી અને લક્ષણોથી જાણવાયોગ્ય.(૩૬૧) લક્ષ્મીવાન=લક્ષ્મી સદાય જેમની સેવા કરે છે તે. (૩૬૨) સમિતિંજય=યુદ્ધ જીતનારા.૩૯

विक्षरो रोहितो मार्गो हेतुर्दामोदरः सहः ।
महीधरो महाभागो वेगवानमिताशनः ॥४०॥

(૩૬૩) વિક્ષર=ક્ષયરહિત. અવિનાશી. (૩૬૪) રોહિત=મત્સ્યરૂપે અને વરાહરૂપે અવતરનારા. (૩૬૫) માર્ગહેતુ=ધર્મમાર્ગના હેતુરૂપ. મોક્ષમાર્ગમાં ચલાવનારા. (૩૬૬) દામોદર=દમ આદિ સાધનોથી પ્રાપ્ત થનારા, માયારૂપી મહાન દોરડું જેના ઉદરના એક નાનાજ ભાગમાં સમાયલું છે એવા અમાપ ઉદરવાળા. યશોદાજીએ જેમને દોરડીવડે ઉદર આગળથી બાંધ્યા હતા તે. (૩૬૭) સહ=દોષને સહન કરનારા—ક્ષમા કરનારા. (૩૬૮) મહીધર=વરાહરૂપે પૃથ્વીને ધારણ કરનારા. પૃથ્વીરૂપે પહાડ, પર્વત અને સમુદ્રાદિકને ધારણ કરનારા. (૩૬૯) મહાભાગ=મોટા ભાગ્યવાળા. અતિશ્રેષ્ઠ શરીર ધારણ કરનારા. વામનરૂપે કાયાને વિશાળ કરનારા. (૩૭૦) વેગવાન્=મન કરતાં પણ વધારે વેગવાળા. (૩૭૧) અમિતાશન=પ્રલયકાળે અનંત બ્રહ્માંડનું—અપાર વિશ્વનું ભક્ષણ કરનારા.૪૦

उद्भवः क्षोभणो देवः श्रीगर्भः परमेश्वरः ।
करणं कारणं कर्ता विकर्ता गहनो गुहः ॥४१॥

(૩૭૨) ઉદ્ભવ=જગતના ઉપાદાનકારણરૂપ. (૩૭૩) ક્ષોભણ=પુરુષ અને પ્રકૃતિમાં પ્રવેશીને ક્ષોભ પમાડનારા. (૩૭૪) દેવ=દિવ્ય કર્મો કરનારા. આત્મારૂપે સર્વને પ્રકાશનારા. (૩૭૫) શ્રીગર્ભ= જગતરૂપી શ્રી જેના ગર્ભમાં છે એવા. જેના ગર્ભમાં સર્વ પ્રકારની અખૂટ સંપત્તિ રહેલી છે એવા. (૩૭૬)

પરમેશ્વર=સર્વથી શ્રેષ્ઠ નિયંતા અને પ્રેરક. (૩૭૭) કારણ=સર્વ સાધનોમાં નિકટતમ અને સર્વોત્તમ સાધન. (૩૭૮) કરણ=સર્વના નિમિત્તકારણ અને ઉપાદાનકારણરૂપ. (૩૭૯) કર્તા=સર્વ પ્રકારે સ્વતંત્ર. (૩૮૦) વિકર્તા=વિચિત્ર પ્રકારની સૃષ્ટિ બનાવનારા. (૩૮૧) ગહન=જેનું સમગ્ર સ્વરૂપ, સામર્થ્ય અને ક્રિયા આદિ કોઈથી જાણી શકાય નહિ એવા. (૩૮૨) ગુહ=માયાવડે સ્વરૂપને ઢાંકનારા. ૪૧

व्यवसायो व्यवस्थानः संस्थानः स्थानदो ध्रुवः
परर्द्धिः परम स्पष्टस्तुष्टः पुष्टः शुभेक्षणः ॥४२॥

(૩૮૩) વ્યવસાય=જ્ઞાનસ્વરૂપ હોવાથી નિશ્ચયરૂપ. (૩૮૪) વ્યવસ્થાન=વર્ણાશ્રમની વ્યવસ્થા કરનારા–વિભાગ કરનારા. જેમનામાં સદાય સર્વને માટે સ્થાન (જગ્યા) છે એવા. (૩૮૫) સંસ્થાન=પ્રલયકાળે જેની અવ્યક્ત પ્રકૃતિમાં સર્વનું સ્થાન છે એવા. (૩૮૬) સ્થાનદ=આકાંક્ષા અને યોગ્યતા પ્રમાણે સ્થાન આપનારા. (૩૮૭) ધ્રુવ=અચલ. અવિનાશી. (૩૮૮) પરર્દ્ધિ=સર્વશ્રેષ્ઠ સમૃદ્ધિવાળા. (૩૮૯) પરમ=સર્વોત્તમ. (૩૯૦) સ્પષ્ટ=સત્તા અને સ્ફૂર્તિરૂપે સ્પષ્ટ જણાનારા. (૩૯૧) તુષ્ટ=પ્રસન્ન રહેનારા. પરમાનંદરૂપ. (૩૯૨) પુષ્ટ=સર્વ પ્રકારે સંપૂર્ણ. (૩૯૩) શુભેક્ષણ=શુભકારી દૃષ્ટિવાળા. સર્વના શુભેચ્છક. મુમુક્ષુઓને મોક્ષ, ભોગેચ્છુઓને ભોગ અને પાપીઓને દંડ દેનારા. જેની

કૃપાદૃષ્ટિથી અથવા જેનામાં વૃત્તિ જોડવાથી સર્વ અવિદ્યા, કામના અને કર્મનો નાશ થાય એવા. ૪૨

रामो विरामो विरजो मार्गो नेयो नयोऽनयः ।
वीरः शक्तिमतां श्रेष्ठो धर्मो धर्मविदुत्तमः ॥४३॥

(૩૯૪) રામ=યોગીઓને રમવાના સ્થાનરૂપ. યોગીઓના હૃદયમાં વિશેષરૂપે રમણ કરી રહેલા. રમણીય સ્વરૂપ ધારણ કરનારા. સમાનરૂપે સર્વમાં રમી રહેલા. (૩૯૫) વિરામ=સર્વનું લયસ્થાન-વિરામસ્થાન. (૩૯૬) વિરજ=રજોગુણ અને તમો-ગુણથી રહિત. (૩૯૭) માર્ગ=મુમુક્ષુઓના મોક્ષના માર્ગરૂપ. (૩૯૮) નેય=ઉત્તમ જ્ઞાનથી પ્રાપ્ત કરવા યોગ્ય. (૩૯૯) નય=મુમુક્ષુને મોક્ષમાર્ગે લઇ જનારા. સર્વને નિયમમાં રાખનારા. (૪૦૦) અનય=સર્વ તંત્રો યોજવામાં સ્વતંત્ર. જેનો કોઇ નેતા નથી એવા. (૪૦૧) વીર=પરાક્રમી. (૪૦૨) શક્તિમતાં-શ્રેષ્ઠ=શક્તિવાળાઓમાં વધારે શ્રેષ્ઠ-ઉત્તમ. (૪૦૩) ધર્મ=સર્વને ધારણ કરવા યોગ્ય સ્વધર્મરૂપ. જેને ધારણ કરવાથી અધોગતિમાં ન પડવા દેતાં ઉત્તમ ગતિમાં ધારણ કરી રાખે-આગળ વધારે એવા સ્વધર્મરૂપ. જેને દરેક સમજુ મનુષ્ય ધારણ કરવા ઇચ્છે તે. જેને આચરવાથી મોક્ષદાયક આરાધના થઇ શકે તે ધર્મરૂપ. (૪૦૪) ધર્મવિદુત્તમ=ધર્મ જાણનારા-ઓમાં ઉત્તમ. શ્રુતિસ્મૃતિ જેની આજ્ઞારૂપ છે તે. ૪૩

वैकुंठः पुरुषः प्राणः प्राणदः प्रणवः पृथुः ।

हिरण्यगर्भः शत्रुघ्नो व्याप्तो वायुरधोक्षजः ॥४४॥

(૪૦૫) વૈકુંઠ=જગતના આરંભમાં સૂક્ષ્મ પંચમહાભૂતોને ઉપજાવી એકત્ર કરીને તેમને સ્થિતિ અને ગતિ આપનારા. (૪૦૬) પુરુષ=નવ દ્વારવાળા દેહરૂપી પુરમાં રહેનારા. (૪૦૭) પ્રાણ=સર્વમાં પ્રાણરૂપે ચેષ્ટા કરનારા. (૪૦૮) પ્રાણદ=સર્વને પ્રાણ દેનારા. (૪૦૯) પ્રણવ=પવિત્ર ૐકારરૂપ. (૪૧૦) પૃથુ=જગત પ્રપંચરૂપે વિસ્તાર કરનારા—વિસ્તાર પામેલા. (૪૧૧) હિરણ્યગર્ભ=સૃષ્ટિના કારણરૂપ. માયારૂપી અંડ જેના ગર્ભમાં છે તે. (૪૧૨) શત્રુઘ્ન=સાધુજનોના શત્રુરૂપ દૈત્યોનો અને કામક્રોધાદિ શત્રુઓનો નાશ કરનારા. (૪૧૩) વ્યાપ્ત=કારણરૂપે સર્વ કાર્યોમાં વ્યાપી રહેલા. (૪૧૪) વાયુ=સર્વ પ્રકારના વાયુરૂપ. (૪૧૫) અધોક્ષજ=જેને પહોંચ્યા પછી નીચે આવવું પડે નહિ એવા. આકાશ તથા પૃથ્વી જેનાથી ઉપજ્યાં છે અને નીચે છે એવા.

ऋतुः सुदर्शनः कालः परमेष्ठी परिग्रहः ।
उग्रः संवत्सरो दक्षो विश्रामो विश्वदक्षिणः ॥४५॥

(૪૧૬) ઋતુ=વસંતાદિ ઋતુઓવડે જે સમયરૂપે જણાય છે તે. (૪૧૭) સુદર્શન=ભક્તો જેનું સુખે દર્શન કરે છે તે. મોક્ષરૂપી સુંદર ફળ દર્શાવનારા—આપનારા. જેના દર્શનથી સર્વ અર્થો સિદ્ધ થાય એવા સુંદર સ્વરૂપવાળા. (૪૧૮) કાલ=પ્રલયકાળે સર્વનો સંહાર કરનારા. સમયરૂપે સૂર્ય-

ચંદ્રાદિને પ્રવર્તાવનારા. (૪૧૯) પરમેષ્ઠી=પરમોત્તમ મહિમાવાળા. (૪૨૦) પરિગ્રહ=ભાવપૂર્વક અર્પાયલાં પત્રપુષ્પાદિ પણ સ્નેહથી ગ્રહણ કરનારા. સર્વભાવથી શરણે આવનારને સર્વ પ્રકારથી સ્વીકારનારા. (૪૨૧) ઉગ્ર=સૂર્યાદિકના ઉગ્ર તેજવાળા પદાર્થોને પણ પોતાના વધારે ઉગ્ર તેજથી ભય ઉપજાવનારા. (૪૨૨) સંવત્સર=જેમાં પ્રાણીઓ સારી રીતે રહે છે એવા. (૪૨૩) દક્ષ=સર્વ બાબતોમાં સર્વ પ્રકારે કુશળ. સર્વ ભૂતોનું સર્વ પ્રકારનું હિત કરવામાં સદાય ચતુર. (૪૨૪) વિશ્રામ=સંસારના ક્લેશોથી પીડાયલાને તેમાંથી છોડવીને મોક્ષરૂપી વિશ્રાંતિ આપનારા. (૪૨૫) વિશ્વદક્ષિણ=વિશ્વમાં સૌથી વિશેષ શક્તિમાન–ચતુર. વિશ્વસંબંધી સર્વ કર્મોમાં કુશળ.

विस्तारः स्थावरः स्थाणुः प्रमाणं बीजमव्ययम् ।
अर्थोऽनर्थो महाकोशो महाभोगो महाधनः ॥४६

(૪૨૬) વિસ્તાર=સમગ્ર જગતનો વિસ્તાર જેના એક ભાગમાં સમાયલો છે એવા મહાન વિસ્તારરૂપ. (૪૨૭) સ્થાવરસ્થાણુ=સર્વ વસ્તુસ્થિતિઓના આધારભૂત અચળ સ્થંભરૂપે સ્થિર રહેનારા–સ્થિતિવાળા. પૃથ્વી આદિક સર્વ પદાર્થોના આધારસ્તંભરૂપ. (૪૨૮) પ્રમાણ=પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પ્રમાણિત થયેલા. પ્રમાણરૂપ. (૪૨૯) બીજમવ્યય=સર્વના અવિનાશી બીજ અથવા કારણરૂપ. (૪૩૦) અર્થ=જાણતાં અજાણતાં પણ જેને સર્વ કોઇ પામવા ઇચ્છે

છે તે સચ્ચિદાનંદમય મોક્ષ પદાર્થરૂપ. (૪૩૧) અનર્થ=પૂર્ણકામ હોવાથી કોઇને કશી પ્રાર્થના નહિ કરનારા. (૪૩૨) મહાકોશ=પાંચ કોશથી ઢંકાયલા. (૪૩૩) મહાભોગ=સર્વ પ્રકારના અમાપ અખૂટ ઐશ્વર્યરૂપી મહાન વૈભવ ભોગવનારા. (૪૩૪) મહાધન=સર્વ પદાર્થો અને ભોગોના લક્ષ્યભૂત એવા મહાન ધનરૂપ. ૪૬

अनिर्विण्णः स्थविष्ठोऽभूर्धर्मयूपो महामखः ।
नक्षत्रनेमिर्नक्षत्री क्षमः क्षामः समीहनः ॥४७॥

(૪૩૫) અનિર્વિણ્ણ=પૂર્ણકામ હોવાથી શોકરહિત. (૪૩૬) સ્થવિષ્ઠ=વિરાટરૂપે અત્યંત સ્થૂલ. (૪૩૭) અભૂ=અજન્મા. સત્તારૂપ. સર્વદા રહેનારા. પૃથ્વીરૂપ. (૪૩૮) ધર્મયૂપ=યજ્ઞના સ્તંભરૂપ. (૪૩૯) મહામખ=મહાન યજ્ઞરૂપ. (૪૪૦) નક્ષત્રનેમિ=સર્વ નક્ષત્રો અને ગ્રહો જેની આસપાસ ફર્યા કરે છે તે નેમિરૂપ–ધ્રુવરૂપ. (૪૪૧) નક્ષત્રી=નક્ષત્રોના સ્વામી ચંદ્રમારૂપ. (૪૪૨) ક્ષમ=સર્વ પ્રકારે સમર્થ. ક્ષમા જેમનો સ્વભાવ છે. (૪૪૩) ક્ષામ=સર્વનો નાશ થાય ત્યારે પણ આત્મારૂપે રહેનારા. (૪૪૪) સમીહન= જીવોનાં કર્માનુસાર સૃષ્ટિ ઈત્યાદિ રચનારા. જીવોને તેમનાં કર્માનુસાર પ્રેરનારા. ૪૭

यज्ञ इज्यो महेज्यश्च क्रतुः सत्रं सतां गतिः ।
सर्वदर्शी विमुक्तात्मा सर्वज्ञो ज्ञानमुत्तमम् ॥४८॥

(૪૪૫) યજ્ઞ=યજ્ઞના આત્મારૂપ હોવાથી યજ્ઞમૂર્તિ. (૪૪૬) ઈજ્ય=પૂજવાયોગ્ય. ઇષ્ટદેવ. (૪૪૭) મહેજ્ય=મોક્ષરૂપી મહાફળના દાતા હોવાથી સર્વ પૂજ્યોના મહાન પૂજ્ય–પરમપૂજ્ય. (૪૪૮) ક્રતુ=સ્તંભવાળા યજ્ઞરૂપ. (૪૪૯) સત્ર=સત્પુરુષોની રક્ષા કરનારા. ભોજનપૂર્વે આહુતિ આપવા યોગ્ય. (૪૫૦) સતાંગતિ=સત્પુરુષોની–શુદ્ધ હૃદયવાળા સદાચારી મનુષ્યોની ગતિરૂપ–ગંતવ્યસ્થાનરૂપ. (૪૫૧) સર્વદર્શી=સર્વ પ્રાણીઓનાં પુણ્યપાપ ઈત્યાદિ સર્વ કાંઇ જોનારા. (૪૫૨) વિમુક્તાત્મા=સ્વભાવથીજ સદા સર્વ પ્રકારે મુક્ત. (૪૫૩) સર્વજ્ઞ=સર્વ વસ્તુઓ અને સ્થિતિઓને યથાવત્ જાણનારા. સર્વ પદાર્થોરૂપે અને સર્વ જગતરૂપે જે જાણવા યોગ્ય છે તે. (૪૫૪) ઉત્તમ જ્ઞાન=શ્રેષ્ઠ જ્ઞાનરૂપ. ૪૮

सुव्रतः सुमुखः सूक्ष्मः सुघोषः सुखदः सुहृत् ।
मनोहरो जितक्रोधो वीरबाहुर्विदारणः ॥४९॥

(૪૫૫) સુવ્રત=ભક્તોને અભયદાન આપવાના શ્રેષ્ઠ વ્રતવાળા. (૪૫૬) સુમુખ=સુંદર મુખવાળા. રાજ્ય કરતાં પિતાના વચનને વિશેષતરીકે સ્વીકારનારા સુંદર મુખવાળા. જેમાંથી વેદ નીકળ્યા છે તે સુંદર મુખવાળા. (૪૫૭) સૂક્ષ્મ=સ્થૂળ પદાર્થોના સૂક્ષ્મ કારણભૂત. (૪૫૮) સુઘોષ=મેઘ જેવા સુંદર શબ્દવાળા. (૪૫૯) સુખદ=સજ્જનોને સુખ દેનારા. (૪૬૦) સુહૃત્=સર્વના નિઃસ્વાર્થી અને પરમ હિત-

કારી મિત્રરૂપ. (૪૬૧) મનોહર=દર્શનમાત્રથી હર-કોઈનું મન હરી લેનારા. (૪૬૨) જિતક્રોધ=ક્રોધને જીતનારા. (૪૬૩) વીરબાહુ=પરાક્રમી હાથવાળા. વેદની મર્યાદા સ્થાપનારા. (૪૬૪) વિદારણ=અધર્મી-ઓનો નાશ કરનારા. ૪૯

स्वापनः स्ववशो व्यापी नैकात्मा नैककर्मकृत् ।
वत्सरो वत्सलो वत्सी रत्नगर्भो धनेश्वरः ॥५०॥

(૪૬૫) સ્વાપન=અજ્ઞાનીઓને માયામાં ઉંઘા-ડનારા. (૪૬૬) સ્વવશ=ઉત્પત્તિ, સ્થિતિ અને લય જેને આધીન છે તે. (૪૬૭) વ્યાપી=આકાશની પેઠે સર્વત્ર વ્યાપક. સર્વ કાર્યોમાં કારણરૂપે રહેલા. (૪૬૮) નૈકાત્મા=વિભૂતિઓરૂપે અનેક શરીરવાળા. અનેક રૂપધારી. (૪૬૯) નૈકકર્મકૃત=જગતની ઉત્પ-ત્તિ, સ્થિતિ અને સંહારરૂપ અનેક કર્મ કરનારા. (૪૭૦) વત્સર=સર્વને વસવાના સ્થાનરૂપ. (૪૭૧) વત્સલ=સર્વ ઉપર વાત્સલ્યભાવવાળા. પ્રેમ રાખનારા. (૪૭૨) વત્સી=સર્વ પર પુત્રની પેઠે પ્રેમ રાખનારા. (૪૭૩) રત્નગર્ભ=ઉદરમાં રત્નો ધારણ કરનારા સમુદ્રરૂપ. અપાર રત્નોવાળા અતિ વિશાળ સમુદ્રો જેના ગર્ભમાં રહ્યા છે તે. (૪૭૪) ધનેશ્વર=ધનના ઈશ્વર કુબેરરૂપ. ૫૦

धर्मगुब्धर्मकृद्धर्मी सदसत्क्षरमक्षरम् ।
अविज्ञाता सहस्रांशुर्विधाता कृतलक्षणः ॥५१॥

(૪૭૫) ધર્મગુપ્=ધર્મનું રક્ષણ કરનારા. (૪૭૬)

ધર્મકૃત્=ધર્મની મર્યાદા સ્થાપવા ધર્મ પાળનારા. (૪૭૭) ધર્મી=ધર્મોને ધારણ કરનારા. (૪૭૮) સત્=સર્વના કારણરૂપે સત્બ્રહ્મ. (૪૭૯) અસત્=કાર્યરૂપે–જગતરૂપે–અસત્ બ્રહ્મ. (૪૮૦) ક્ષર=પ્રાણી-પદાર્થરૂપે નાશવાન. (૪૮૧) અક્ષર=કૂટસ્થરૂપે અક્ષર–નિર્વિકાર. (૪૮૨) અવિજ્ઞાતા=જીવરૂપ. ભક્તોના દોષ નહિ જોનારા. (૪૮૩) સહસ્રાંશુ=હજારો કિરણોવાળા સૂર્યરૂપ. જેનાં કિરણ સૂર્યાદિકને પ્રકાશ આપી રહ્યાં છે તે. (૪૮૪) વિધાતા=સર્વ ભૂતપદાર્થને ઉત્પન્ન કરનારા બ્રહ્મારૂપ. (૪૮૫) કૃત-લક્ષણ=કૃતકૃત્યપણાનાં સર્વ લક્ષણોવાળા. મહર્ષિઓરૂપે શાસ્ત્રાદિકના કર્તા. ૫૧

गभस्तिनेमिः सत्त्वस्थः सिंहो भूतमहेश्वरः ।
आदिदेवो महादेवो देवेशो देवभृद्गुरुः ॥५२॥

(૪૮૬) ગભસ્તિનેમિ=કિરણોરૂપી હાથવાળા. સૂર્ય અને ચંદ્રરૂપે રહેલા. (૪૮૭) સત્ત્વસ્થ=સત્ત્વ-ગુણમાં વિશેષરૂપે રહેલા. સર્વ પ્રાણીમાં અંતઃકરણ-રૂપે રહેલા. (૪૮૮) સિંહ=પરાક્રમમાં સિંહ જેવા. (૪૮૯) ભૂતમહેશ્વર=સર્વ ભૂતોના મહાન ઈશ્વર. (૪૯૦) આદિદેવ=બ્રહ્માદિ સર્વ દેવોના આદિદેવ. (૪૯૧) મહાદેવ=સર્વ દેવતાઓનો પોતાના યોગ-રૂપી ઐશ્વર્યમાં લય કરીને પરમાત્મભાવરૂપી મહાન ઐશ્વર્યમાં મગ્ન રહેનારા. (૪૯૨) દેવેશ=સર્વ દેવતાઓના ઈશ્વર. (૪૯૩) દેવભૃદ્ગુરુ=સર્વ દેવતા-

ઓ અને વિદ્યાઓને ધારણ કરનારા તથા પોષણ કરનારા. દેવતાઓના રાજા ઇંદ્રના ગુરુ બૃહસ્પતિરૂપ.

उत्तरो गोपतिर्गोप्ता ज्ञानगम्यः पुरातनः ।
शरीरभूतभृद्भोक्ता कपींद्रो भूरिदक्षिणः ॥५३॥

(૪૯૪) ઉત્તર=સંસારસાગરથી તારનારા. સર્વથી ઉત્તમ. (૪૯૫) ગોપતિ=ગાયોનું પાલન કરનારા. ઇંદ્રિયોના પતિ. (૪૯૬) ગોપ્તા=સર્વનું પાલન–રક્ષણ કરનારા. (૪૯૭) જ્ઞાનગમ્ય=અધ્યાત્મવિદ્યાથી–તત્ત્વજ્ઞાનથી જેમનું સ્વરૂપ સમજી શકાય એવા. (૪૯૮) પુરાતન=સર્વથી પ્રાચીન. (૪૯૯) શરીરભૂતભૃત્=પ્રાણરૂપે સર્વ ભૂતોને ધારણ કરનારા. સર્વ ભૂતોનું પોપણ કરનારા. (૫૦૦) ભોક્તા=અનંત રૂપોવડે જગતને ભોગવનારા. (૫૦૧) કપીંદ્ર=મહાવરાહ અથવા શ્રીરામચંદ્ર. (૫૦૨) ભૂરિદક્ષિણ=મહાન યજ્ઞોદ્વારા બહુ દક્ષિણા આપનારા. ૫૩

सोमपोऽमृतपः सोमः पुरुजित्पुरुसत्तमः ।
विनयो जयः सत्यसंधो दाशार्हःसात्वतांपतिः॥

(૫૦૩) સોમપ=યજ્ઞમાં યજમાન અને દેવતારૂપે સોમરસનું પાન કરનારા. (૫૦૪) અમૃતપ=સમુદ્રમંથન વેળાએ દેવતાઓને અમૃત પાનારા તથા પીનારા. (૫૦૫) સોમ=ઔષધિઓનું પોષણ કરનારા ચંદ્રરૂપ. ઉમાસહિત શિવરૂપ. (૫૦૬) પુરુજિત્=બહુ દૈત્યોને જીતનારા. (૫૦૭) પુરુસત્તમ=વિશ્વરૂપ. સર્વશ્રેષ્ઠ. (૫૦૮) વિનય=દુષ્ટોને દંડ

આપનારા–નિયમમાં રાખનારા. (૫૦૯) જય=સર્વને જીતનારા. (૫૧૦) સત્યસંધ=સત્ય સંકલ્પવાળા. સત્ય પ્રતિજ્ઞાવાળા. (૫૧૧) દાશાર્હ=અર્થીઓને દાન દેનારા. ભક્તોનું દાન લેનારા. (૫૧૨) સાત્વતાં-પતિ=સાત્વત કુળના પતિ. સતોગુણી ભક્તોનું યોગક્ષેમ વહન કરનારા. ૫૪

जीवो विनयिता साक्षी मुकुंदोऽमितविक्रमः ।
अंभोनिधिरनंतात्मा महोदधिशयोऽन्तकः ॥५५॥

(૫૧૩) જીવ=ક્ષેત્રજ્ઞરૂપે શરીર અને પ્રાણને ધારણ કરનારા. (૫૧૪) વિનયિતા સાક્ષી=વિનયીજ-નોને વિશેષ જાણનારા. (૫૧૫) મુકુંદ=મુક્તિ દેનારા. (૫૧૬) અમિતવિક્રમ=અપાર પરાક્રમવાળા. (૫૧૭) અમ્ભોનિધિ=સમુદ્રરૂપ. (૫૧૮) અનંતાત્મા=દેશ, કાળ, વસ્તુથી મપાય નહિ એવા અનંત પરમાત્મા. (૫૧૯) મહોદધિશય=પ્રલય કરીને સમુદ્રમાં શયન કરનારા. (૫૨૦) અંતક=સર્વભૂતોના અંતકાળરૂપ. ૫૫

अजो महार्हः स्वाभाव्यो जितामित्रः प्रमोदनः ।
आनंदो नंदनो नंदः सत्यधर्मा त्रिविक्रमः ॥५६

(૫૨૧) અજ=જન્મરહિત. કામમૂર્તિ. (૫૨૨) મહાર્હ=મહાન પૂજાને યોગ્ય. (૫૨૩) સ્વાભાવ્ય=સ્વભાવથીજ ઉત્પન્ન થનારા. (૫૨૪) જિતામિત્ર=આંતરિક અને બાહ્ય શત્રુઓને જીતનારા. (૫૨૫) પ્રમોદન=સિદ્ધજ્ઞાનીઓને પરમાનંદ આપનારા. ભક્તોને કથાકીર્તનમાં આનંદ આપનારા. (૫૨૬)

આનંદ=આનંદમૂર્તિ. (૫૨૭) નંદન=આનંદદાયક. (૫૨૮) નંદ=નિર્વિષયથી આનંદસ્વરૂપ. (૫૨૯) સત્યધર્મ=જ્ઞાનાદિક નિત્ય ધર્મવાળા. સત્ય ધર્મરૂપ. (૫૩૦) ત્રિવિક્રમ=ત્રણ પગલાંથી ત્રિલોકને માપી લેનારા વામનાવતારરૂપ. ઉત્પત્તિ, પાલન અને સંહારરૂપી ત્રણ મહાપરાક્રમવાળા. ૫૬

महर्षिः कपिलाचार्यः कृतज्ञो मेदिनीपतिः ।
त्रिपदस्त्रिदशाध्यक्षो महाशृंगः कृतांतकृत् ॥५७॥

(૫૩૧) મહર્ષિ કપિલાચાર્ય=(વિશેષણવાળું) સાંખ્યશાસ્ત્રના રચનાર મહર્ષિ કપિલરૂપ. (૫૩૨) કૃતજ્ઞ=સર્વ કર્મોને જાણનારા. (૫૩૩) મેદિનીપતિ=પૃથ્વીના સ્વામી. (૫૩૪) ત્રિપદ=વામન અવતારમાં ત્રણ પગલાંથી ત્રણે લોક લેનારા. (૫૩૫) ત્રિદશાધ્યક્ષ=ત્રણ ગુણોને લીધે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે દશાઓના અધ્યક્ષ; બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ એ ત્રણે દેવોના અધ્યક્ષ. (૫૩૬) મહાશૃંગ=મત્સ્યાવતારમાં શીંગડાંને નાવ બાંધી ક્રીડા કરનારા. (૫૩૭) કૃતાંતકૃત્=સર્વનો અને મૃત્યુનો પણ નાશ કરનારા એવા મહાકાળરૂપ. ૫૭

महावराहो गोविंदः सुषेणः कनकांगदी ।
गुह्यो गभीरो गहनो गुप्तश्चक्रगदाधरः ॥५८॥

(૫૩૮) મહાવરાહ=મોટા વરાહ અવતારરૂપ. (૫૩૯) ગોવિંદ=શ્રુતિથી–વેદવાણીથી–જાણવાયોગ્ય. (૫૪૦) સુષેણ=સુંદર સેનાવાળા. (૫૪૧) કનકાં-

ગદી=સોનાના બાજુબંધવાળા. (૫૪૨) ગુહ્ય=હૃદય-રૂપી ગુફામાં રહેનારા. (૫૪૩) ગભીર=અગાધ જ્ઞાન, ઐશ્વર્ય અને બળવાળા. (૫૪૪) ગહન=ત્રણે અવસ્થાના તથા ભાવ અને અભાવના સાક્ષી. (૫૪૫) ગુપ્ત=મનવાણીથી જણાય નહિ એવા. (૫૪૬) ચક્ર-ગદાધર=સર્વની રક્ષા માટે મનરૂપી ચક્ર અને બુદ્ધિ-રૂપી ગદા ધારણ કરનારા.૫૮

वेधाः स्वांगोऽजितः कृष्णो दृढः संकर्षणोऽच्युतः
वरुणो वारुणो वृक्षः पुष्कराक्षो महामनाः ॥५९॥

(૫૪૭) વેધા=વિધાતારૂપ. બ્રહ્મારૂપ થઇને જગ-તને રચનારા. (૫૪૮) સ્વાંગ=પોતાની પ્રકૃતિમાંથી કાર્ય અને કારણ રચનારા. (૫૪૯) અજિત=કોઇથી નહિ જીતાયેલા. (૫૫૦) કૃષ્ણ=કૃષ્ણદ્વૈપાયન વેદ-વ્યાસરૂપ. શ્યામસ્વરૂપ શ્રીકૃષ્ણરૂપ. (૫૫૧) દૃઢ=સ્વરૂપ અને સામર્થ્યાદિકમાં સદા અચળ—એકરસ રહેનારા. (૫૫૨) સંકર્ષણ=સંહારવેળાએ પ્રાણી-ઓનું આકર્ષણ કરનારા. (૫૫૩) અચ્યુત=સર્વદા અવિકારી સ્વરૂપવાળા. (૫૫૪) વરુણ=વરુણદેવરૂપ. પોતાનાં કિરણ ટુંકાવનારા સાયંકાળના સૂર્યરૂપ. (૫૫૫) વારુણ=વરુણના પુત્ર વસિષ્ઠરૂપ અને અગ-સ્ત્યરૂપ. (૫૫૬) વૃક્ષ=વૃક્ષની પેઠે અચલ રહેનારા. તપેલાને શાંતિ આપનારા. થાકેલાને વિશ્રામ આપ-નારા. (૫૫૭) પુષ્કરાક્ષ=હૃદયકમળમાં ધ્યાન ધરવા-થી પોતાના સ્વરૂપે પ્રકાશનારા. (૫૫૮) મહામના=

ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારા મહાન મનવાળા.

भगवान् भगहा नंदी वनमाली हलायुधः ।
आदित्यो ज्योतिरादित्यः सहिष्णुर्गतिसत्तमः ॥

(૫૫૯) ભગવાન્=ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, વૈરાગ્ય અને મોક્ષ, એ છએ પ્રકારની અખૂટ સંપત્તિવાળા. ભાગ્યવાન. સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ, પ્રલય, ગતિ, અગતિ, વિદ્યા અને અવિદ્યાને જાણનારા. (૫૬૦) ભગહા=સંહારવેળાએ ઐશ્વર્યાદિ સર્વ ભાગ્યનો નાશ કરનારા. (૫૬૧) નંદી=સુખરૂપ. આનંદી. સર્વ સંપત્તિરૂપ. (૫૬૨) વનમાલી=પંચતન્માત્રારૂપી વૈજયંતી માળા પહેરનારા. (૫૬૩) હલાયુધ=બલદેવરૂપે હળને ધારણ કરનારા. (૫૬૪) આદિત્ય=અદિતિને ઉદરે કશ્યપ મુનિના પુત્ર વામનરૂપે જન્મેલા. (૫૬૫) જ્યોતિરાદિત્ય=સૂર્યમંડળમાં જેમની જ્યોતિ પ્રકાશી રહી છે તે. જ્યોતિ અને સૂર્યરૂપે પ્રકાશી રહેલા. (૫૬૬) સહિષ્ણુ=સર્વ દ્વંદ્વોને સહન કરનારા. (૫૬૭) ગતિસત્તમ=સર્વથી ઉત્તમ ગતિવાળા. ઉત્તમ ગતિરૂપ. ઉત્તમ પુરુષોની ગતિરૂપ. ૬૦

सुधन्वा खंडपरशुर्दारुणो द्रविणप्रदः ।
दिवस्पृक् सर्वदृग्व्यासो वाचस्पतिरयोनिजः ॥६१

(૫૬૮) સુધન્વા=શાર્ઙ્ગ ધનુષ્ય ધારણ કરનારા. (૫૬૯) ખંડપરશુ=શત્રુઓનું ખંડન કરનારા. પરશુરામરૂપે ફરશી ધારણ કરનારા. (૫૭૦) દારુણ=

પાપીઓ માટે મહાભયંકર. (૫૭૧) દ્રવિણપ્રદ= ભક્તોને વાંચ્છિત ફળ આપનારા. (૫૭૨) દિવસ્પૃક્= સ્વર્ગનો સ્પર્શ કરનારા. (૫૭૩) સર્વદૃગ્વ્યાસ=સર્વને પ્રત્યક્ષ જોનારા, સર્વ જ્ઞાનનો વિસ્તાર કરનારા અને વેદના ચાર વેદરૂપે વિભાગ કરનારા વ્યાસરૂપ. (૫૭૪) વાચસ્પતિ=વિદ્યાના પતિ. વાણીના પતિ. (૫૭૫) અયોનિજ=યોનિદ્વારા નહિ જન્મેલા બ્રહ્મારૂપ.

त्रिसामा सामगः साम निर्वाणं भेषजं भिषक् ।
संन्यासकृच्छमः शांतो निष्ठा शांतिपरायणम् ६२

(૫૭૬) ત્રિસામા=ત્રણે વેદવ્રતથી અથવા ત્રણ સામગાનથી સ્તુતિ કરાતા. (૫૭૭) સામગ=સામવેદનું ગાન કરનારા. (૫૭૮) સામ=વેદોમાં સામવેદરૂપ. (૫૭૯) નિર્વાણ=દુઃખમાત્રની આત્યંતિક નિવૃત્તિવાળા. માયારહિત નિત્ય પરમાનંદરૂપ. (૫૮૦) ભેષજ=ભવરોગના ઔષધરૂપ. (૫૮૧) ભિષક્= સંસારરૂપી મહારોગ ટાળવા માટે ઉપનિષદ્ અને ગીતાદિરૂપે બ્રહ્મવિદ્યા આપનારા મહાન વૈદ્યરૂપ. (૫૮૨) સંન્યાસકૃત્=મોક્ષપ્રાપ્તિ માટે કર્મસંન્યાસ અને ચોથો આશ્રમ યોજનારા. (૫૮૩) શમ=સંન્યાસીઓને મુખ્યત્વે શમનો બોધ કરનારા.* સર્વને

---

* यतीनां प्रशमो धर्मो नियमो वनवासिनाम् ।
दानमेव गृहस्थानां शुश्रूषा ब्रह्मचारिणाम् ॥

અર્થાત્ સંન્યાસીઓનો મુખ્ય ધર્મ શમ છે; વાનપ્રસ્થોનો મુખ્ય ધર્મ નિયમ છે; ગૃહસ્થોનો મુખ્ય ધર્મ દાન છે અને બ્રહ્મચારીઓનો મુખ્ય ધર્મ સેવા છે.

શાંતિ આપનારા. (૫૮૪) શાંત=વિષયસુખોમાં આસક્તિરહિત. (૫૮૫) નિષ્ઠાશાંતિપરાયણ=પ્રલયવેળાએ દૃશ્ય પ્રપંચને લય થવાના સ્થાનરૂપ, અવિદ્યાની આત્યંતિક નિવૃત્તિરૂપ તથા પુનરાવૃત્તિની શંકારહિત ઉત્તમ સ્થાનરૂપ. ૬૨

शुभांगः शांतिदः स्रष्टा कुमुदः कुवलेशयः ।
गोहितो गोपतिर्गोप्ता वृषभाक्षो वृषप्रियः ॥६३॥

(૫૮૬) શુભાંગ=શુભ અંગોવાળા. (૫૮૭) શાંતિદ=ભક્તજનોને શાન્તિ આપનારા. (૫૮૮) સ્રષ્ટા=સર્વ ભૂતપદાર્થના સરજનહાર. (૫૮૯) કુમુદ=પૃથ્વીમાં આનંદ આપનારા ચંદ્રરૂપ. (૫૯૦) કુવલેશય=જળમાં શેષ ઉપર શયન કરનારા. (૫૯૧) ગોહિત=ગાયોનું હિત કરનારા. પૃથ્વીનો ભાર ઉતારવા અવતરનારા. (૫૯૨) ગોપતિ=પૃથ્વીનું પાલન કરનારા સ્વામી. (૫૯૩) ગોપ્તા=માયાવડે પોતાનું વાસ્તવિક સ્વરૂપ ઢાંકનારા. જગતના રક્ષક. (૫૯૪) વૃષભાક્ષ=સર્વ કામના પૂરનારી ઉદાર દૃષ્ટિવાળા. ધર્મરૂપી પવિત્ર દૃષ્ટિવાળા. (૫૯૫) વૃષપ્રિય=ધર્મ જેમને પ્રિય છે એવા. ૬૩

अनिवर्ती निवृत्तात्मा संक्षेप्ता क्षेमकृच्छिवः ।
श्रीवत्सवक्षाः श्रीवासः श्रीपतिः श्रीमतांवरः ॥६४

(૫૯૬) અનિવર્તી=દેવાસુર સંગ્રામવેળા પાછા નહિ ફરનારા. શ્રદ્ધાવાન યાચકને ખાલી હાથે પાછો નહિ વાળનારા. (૫૯૭) નિવૃત્તાત્મા=સર્વ વાસનાથી

રહિત પવિત્ર મનવાળા. (૫૯૮) સંક્ષેપ્તા=સંહાર-વેળાએ જગતને ટુંકાવી દેનારા–સંકેલી લેનારા. (૫૯૯) ક્ષેમકૃત=શરણાગતનું રક્ષણ કરનારા. (૬૦૦) શિવ=કલ્યાણસ્વરૂપ. શુદ્ધભાવે સ્મરણ કરવાથી કલ્યાણ કરનારા. (૬૦૧) શ્રીવત્સવક્ષા=વક્ષસ્થળમાં શ્રીવત્સના ચિહ્નવાળા. (૬૦૨) શ્રીવાસ=લક્ષ્મીના નિવાસસ્થાન. (૬૦૩) શ્રીપતિ=લક્ષ્મીના સ્વામી. વિવિધ પ્રકારની સર્વ શક્તિ, સર્વ વિદ્યા અને સર્વ યોગ્યતાના સ્વામી. (૬૦૪) શ્રીમતાંવર=ત્રણે વેદરૂપ પરમશ્રેષ્ઠ લક્ષ્મીના પાત્ર. બ્રહ્માદિકથી પણ શ્રેષ્ઠ. ૬૪

श्रीदः श्रीशः श्रीनिवासः श्रीनिधिः श्रीविभावनः।
श्रीधरः श्रीकरः श्रेयः श्रीमाँल्लोकत्रयाश्रयः ॥६५॥

(૬૦૫) શ્રીદ=ભક્તોને વિદ્યા, શોભા, યોગ્યતા આદિ હિતકર લક્ષ્મી આપનારા. (૬૦૬) શ્રીશ=સમગ્ર વિદ્યા, શોભા, શક્તિ અને યોગ્યતા ઇત્યાદિ શુભ લક્ષ્મીના સ્વામી. (૬૦૭) શ્રીનિવાસ=બ્રહ્મવિદ્યા ઇત્યાદિ સર્વ લક્ષ્મીના નિવાસસ્થાન. (૬૦૮) શ્રીનિધિ=સર્વ પ્રકારની શુભકારી લક્ષ્મીના અખૂટ ભંડારરૂપ. (૬૦૯) શ્રીવિભાવન=કર્મ પ્રમાણે સર્વને લક્ષ્મી આપનારા. (૬૧૦) શ્રીધર=અખૂટ શક્તિ, સૌંદર્ય આદિ દિવ્ય સંપત્તિને ધારણ કરનારા. (૬૧૧) શ્રીકર=સ્તુતિ, ધ્યાન અને સ્મરણપૂજનાદિ કરનાર ભક્તોનું શ્રેય* કલ્યાણ કરનારા. જેનો હાથ લક્ષ્મી-

* નાશરહિત પરમ સુખને શ્રેય, કલ્યાણ અથવા

રૂપ અને કલ્યાણકારી છે એવા. (૬૧૨) શ્રેય=કલ્યાણ-સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા. (૬૧૩) શ્રીમાન્=સદાય સર્વ પ્રકારની લક્ષ્મીની યોગ્યતા-સંપત્તિવાળા.(૬૧૪) લોકત્રયાશ્રય=ત્રણ લોકના આધારભૂત–આશ્રયરૂપ.

स्वक्षः स्वंगः शतानंदो नंदिर्ज्योतिर्गणेश्वरः ।
विजितात्माऽविधेयात्मा सत्कीर्तिश्छिन्नसंशयः॥

(૬૧૫) સ્વક્ષ=સુંદર નેત્રવાળા. (૬૧૬) સ્વંગ=સુંદર અંગવાળા. (૬૧૭) શતાનંદ=પ્રકૃતિદ્વારા સેંકડોરૂપે થનારા. (૬૧૮) નંદી=પરમાનંદસ્વરૂપ. (૬૧૯) જ્યોતિર્ગણેશ્વર=ગ્રહ–નક્ષત્રાદિ જ્યોતિર્મંડળના ઈશ્વર. (૬૨૦) વિજિતાત્મા=મનને સારી રીતે જીતનારા. (૬૨૧) અવિધેયાત્મા=વર્ણવી શકાય નહિ એવા. કશાને આધીન નહિ એવા પૂર્ણ સ્વતંત્ર. (૬૨૨) સત્કીર્તિ=ઉત્તમ કીર્તિવાળા. (૬૨૩) છિન્નસંશય=સંશયવિનાના. ૬૬

उदीर्णः सर्वतश्चक्षुरनीशः शाश्वतः स्थिरः ।
भूशयो भूषणो भूतिर्विशोकः शोकनाशनः॥६७॥

(૬૨૪) ઉદીર્ણ=સર્વ ભૂતપદાર્થોથી ઉત્તમ. (૬૨૫) સર્વતશ્ચક્ષુ=સર્વ તરફ ચક્ષુવાળા–સર્વને સર્વ પ્રકારે સર્વ તરફથી સર્વદા જોનારા. (૬૨૬) અનીશ=જેનો કોઈ સ્વામી નથી એવા. (૬૨૭)

મોક્ષ કહે છે; અને નાશવંત સુખવૈભવાદિકને "પ્રેય" અથવા લૌકિક પદાર્થ–અનિત્ય પદાર્થ કહે છે.

શાશ્વતઃસ્થિર=સદાકાળ સ્થિર રહેનારા. કદી વિકાર નહિ પામનારા.(૬૨૮) ભૂશય=રામાવતારમાં લંકા શોધવા જતાં પૃથ્વીપર શયન કરનારા. (૬૨૯) ભૂષણ=અનેક અવતારોથી પૃથ્વીને શોભાવનારા. (૬૩૦) ભૂતિ=સર્વ સત્તા, સ્ફૂર્તિ, ઐશ્વર્ય અને વિભૂતિના કારણરૂપ. (૬૩૧) વિશોક=સર્વદા શોક-રહિત. (૬૩૨) શોકનાશન=સ્મરણપ્રાર્થનાદિથી શોકનો નાશ કરનારા. ૬૭

अर्चिष्मानर्चितः कुंभो विशुद्धात्मा विशोधनः ।
अनिरुद्धोऽप्रतिरथः प्रद्युम्नोऽमितविक्रमः ॥६८

(૬૩૩) અર્ચિષ્માન્=જેનો પ્રકાશ પામીને સૂર્યચંદ્રમાદિક પ્રકાશે છે તે. કિરણોવાળા સૂર્ય-ચંદ્રરૂપ. (૬૩૪) અર્ચિત=બ્રહ્માદિ પૂજ્ય દેવોથી પૂજાયેલા. (૬૩૫) કુંભ=ઘડાની પેઠે જેમાં સર્વ જગત રહેલું છે એવા. (૬૩૬) વિશુદ્ધાત્મા=ત્રણે ગુણોથી રહિત વિશુદ્ધ આત્મારૂપ. (૬૩૭) વિશો-ધન=સ્મરણમાત્રથી પાપનો નાશ કરનારા. (૬૩૮) અનિરુદ્ધ=વિષ્ણુના ચાર વ્યૂહમાં અનિરુદ્ધમૂર્તિ. કોઇથી રોકી શકાય નહિ એવા. (૬૩૯) અ-પ્રતિરથ=વિરોધીવિનાના. (૬૪૦) પ્રદ્યુમ્ન=વિષ્ણુના ચાર વ્યૂહમાં પ્રદ્યુમ્નરૂપ. (૬૪૧) અમિતવિક્રમ=અપાર પરાક્રમવાળા. ૬૮

कालनेमिनिहा वीरः शौरिः शूरजनेश्वरः ।
त्रिलोकात्मा त्रिलोकेशः केशवः केशिहा हरिः ॥

(૬૪૨) કાલનેમિનિહા=કાલનેમિ અસુરનો નાશ કરનારા. (૬૪૩) વીરઃ=શૂરવીર. (૬૪૪) શૌરિ=શૂરકુળમાં જન્મેલા. (૬૪૫) શૂરજનેશ્વર=ઇંદ્રાદિ શૂરવીરોના ઇશ્વર. (૬૪૬) ત્રિલોકાત્મા=ત્રણે લોકના આત્મારૂપ. (૬૪૭) ત્રિલોકેશ=ત્રણે લોકના ઇશ્વર. (૬૪૮) કેશવ=સૂર્યચંદ્રાદિ તેજસ્વી પદાર્થો જેના કેશરૂપ છે એવા. સૂર્યચંદ્રાદિકનાં કિરણો જેના કેશરૂપ છે એવા. બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય, ગણેશ, શક્તિ આદિ જેના કેશરૂપ છે એવા. (૬૪૯) કેશિહા=કેશિદૈત્યને મારનારા. (૬૫૦) હરિ=અવિદ્યાસહિત સમગ્ર સંસારનો નાશ કરનારા. ભક્તોનાં દુઃખ હરનારા. ૬૯

कामदेवः कामपालः कामी कांतः कृतागमः ।
अनिर्देश्यवपुर्विष्णुर्वीरोऽनंतो धनंजयः ॥७०॥

(૬૫૧) કામદેવ=દેવો, સાધકો અને સિદ્ધો જેની કૃપાની કામના કરે છે તે દેવ. (૬૫૨) કામપાલ=ઉપાસકોની કામના પૂરનારા. (૬૫૩) કામી=સર્વના હિતની કામનાવાળા. (૬૫૪) કાન્ત=બ્રહ્માનાં ૧૦૦ વર્ષ—એટલે કે મનુષ્યોનાં બે પરાર્ધ વર્ષ—વીત્યા પછી તેમનો પણ નાશ કરનારા. ઉત્તમ દેહવાળા. (૬૫૫) કૃતાગમ=શ્રુતિ અને સ્મૃતિ આદિ રચનારા. (૬૫૬) અનિર્દેશ્યવપુ=ત્રિગુણાતીત હોવાથી જેનું સ્વરૂપ યથાવત્ વર્ણવી શકાય નહિ એવા. અનંત બ્રહ્માંડરૂપી જેના

વિરાટ્ શરીરને યથાવત્ વર્ણવી શકાય નહિ એવા. (૬૫૭) વિષ્ણુ=સર્વવ્યાપક. જેની કાન્તિ સર્વત્ર વ્યાપક છે એવા. (૬૫૮) વીર=પરાક્રમી. (૬૫૯) અનંત=અંતરહિત. અપાર ગુણઐશ્વર્યવાળા. જેનું સ્વરૂપ દેશ કાલ વસ્તુના વિભાગથી તથા નિયમથી રહિત અને એક અખંડ તથા અનંત છે એવા. (૬૬૦) ધનંજય=અર્જુનરૂપે દિગ્વિજય કરીને ઘણું ધન જીતનારા. ૭૦

ब्रह्मण्यो ब्रह्मकृद् ब्रह्मा ब्रह्म ब्रह्मविवर्धनः ।
ब्रह्मविद् ब्राह्मणो ब्रह्मी ब्रह्मज्ञो ब्राह्मणप्रियः ॥७१॥

(૬૬૧) બ્રહ્મણ્ય=બ્રહ્મવેત્તાની રક્ષા કરનારા. તપ અને વેદવડે બ્રહ્મજ્ઞાનરૂપે જાણવા યોગ્ય. (૬૬૨) બ્રહ્મકૃત=પરબ્રહ્મપ્રાપ્તિ અર્થે કર્માદિ યોગમાર્ગ રચનારા. (૬૬૩) બ્રહ્મા=સૃષ્ટિકર્તા. (૬૬૪) બ્રહ્મ=સતરૂપ, ચેતનરૂપ અને આનંદઘનરૂપ. (૬૬૫) બ્રહ્મવિવર્ધન=તપ આદિ દૈવી સંપત્તિની અને કર્માદિક સાધનાની વૃદ્ધિ કરનારા. (૬૬૬) બ્રહ્મવિત્=વેદ અને તેના રહસ્યને યથાવત્ જાણનારા. બ્રહ્મને જાણનારા. (૬૬૭) બ્રાહ્મણ=સર્વ વસ્તુઓને પરબ્રહ્મ પરમાત્મારૂપ જાણનારા. પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર પામનારા. બ્રહ્મારૂપે વેદો આપનારા. (૬૬૮) બ્રહ્મી=‘બ્રહ્મ’ એવા નામવાળા. (૬૬૯) બ્રહ્મજ્ઞ=બ્રહ્મને જાણનારા. (૬૭૦) બ્રાહ્મણપ્રિય=બ્રાહ્મણને—બ્રહ્મવેત્તાને—અત્યંત પ્રિય.

બ્રહ્મવેત્તા ઉપર પ્રીતિ રાખનારા. ૭૧

महाक्रमो महाकर्मा महातेजा महोरगः ।
महाक्रतुर्महायज्वा महायज्ञो महाहविः ॥७२॥

(૬૭૧) મહાક્રમ=મહાન ક્રમવાળા. ધરતીરૂપ મહાન ચરણવાળા. (૬૭૨) મહાકર્મા=જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશરૂપ મહાન કર્મ કરનારા. (૬૭૩) મહાતેજા=સૂર્યાદિને પ્રકાશ આપનાર મહાન તેજવાળા. (૬૭૪) મહોરગ=વાસુકિરૂપી મોટા સર્પરૂપ. (૬૭૫) મહાક્રતુ=જપરૂપી મહાન યજ્ઞરૂપ. (यज्ञानां जपयज्ञोऽस्मि) (૬૭૬) મહાયજ્વા=લોકસંગ્રહને માટે મહાન યજ્ઞો કરનારા. (૬૭૭) મહાયજ્ઞ=મોટા યજ્ઞરૂપ. (૬૭૮) મહાહવિ=બ્રહ્માત્મામાં હોમવાના જગતરૂપી મહાન્ બલિદાનરૂપ. ૭૨

स्तव्यः स्तवप्रियः स्तोत्रं स्तुतिः स्तोतारणप्रियः ।
पूर्णः पूरयिता पुण्यः पुण्यकीर्तिरनामयः ॥७३॥

(૬૭૯) સ્તવ્ય=સૌ કોઈએ સ્તુતિ કરવા યોગ્ય. સ્તુતિસ્વરૂપ. (૬૮૦) સ્તવપ્રિય=સ્તુતિ જેમને પ્રિય છે એવા. (૬૮૧) સ્તોત્ર=સ્તોત્રરૂપ. ગુણોના કીર્તનરૂપ. (૬૮૨) સ્તુતિ=સ્તુતિરૂપ. (૬૮૩) સ્તોતા=સ્તુતિ કરનારા ભક્તરૂપ. (૬૮૪) રણપ્રિય=ભક્તજનો માટે યુદ્ધમાં પ્રીતિ રાખનારા. (૬૮૫) પૂર્ણ=સર્વ પ્રકારે સંપૂર્ણ. (૬૮૬) પૂરયિતા=ભક્તોના મનોરથ પૂરનારા. (૬૮૭) પુણ્ય=

સ્મરણ કરવાથી પાપનો નાશ કરનારા એવા પુણ્યની સાક્ષાત્ મૂર્તિરૂપ. (૬૮૮) પુણ્યકીર્તિ=પવિત્ર કીર્તિવાળા. જેની કીર્તિ ગાવા–સાંભળવાથી પવિત્ર થવાય છે એવા. (૬૮૯) અનામય=વિકારરહિત. ત્રિગુણાતીત. ૭૩

मनोजवस्तीर्थकरो वसुरेता वसुप्रदः ।
वसुप्रदो वासुदेवो वसुर्वसुमना हविः ॥७४॥

(૬૯૦) મનોજવ=મનના જેવા શીઘ્ર વેગવાળા. (૬૯૧) તીર્થંકર=તીર્થોને રચનારા. ચૌદ વિદ્યા અને વેદોનો ઉપદેશ કરનારા. (૬૯૨) વસુરેતા=સુવર્ણરૂપી વીર્યવાળા. (૬૯૩) વસુપ્રદ=ભક્તોને ધન દેનારા. (૬૯૪) વસુપ્રદ=ભક્તોને મોક્ષરૂપી મહાધન આપનારા. (૬૯૫) વાસુદેવ=વસુદેવના પુત્ર. (૬૯૬) વસુ=માયાવડે પોતાના સ્વરૂપને ઢાંકી રાખનારા. સર્વ ભૂતો જેનામાં વસે છે તે. સર્વ ભૂતોમાં અને દેશકાળમાં વસનારા. (૬૯૭) વસુમના=સર્વ વસ્તુઓપ્રત્યે ઉદાર મનવાળા. (૬૯૮) હવિ=બલિદાનરૂપ. ૭૪

सद्गतिः सत्कृतिः सत्ता सद्भूतिः सत्परायणः ।
शूरसेनो यदुश्रेष्ठः सन्निवासः सुयामुनः ॥७५॥

(૬૯૯) સદ્ગતિ=સત્પુરુષોની ગતિરૂપ. (૭૦૦) સત્કૃતિ=જીવોનાં કર્માનુસાર ફળ આપવારૂપ શુભ કાર્ય કરનારા. (૭૦૧) સત્તા=સજાતીય, વિજાતીય અને સ્વગતભેદથી રહિત. અનુભવરૂપ. સર્વત્ર વિદ્ય-

માનપણાથી સત્તારૂપ—હોવારૂપ—અસ્તિત્વરૂપ.(૭૦૨) સદ્‌ભૂતિ=ઉત્તમ વિભૂતિરૂપ. સર્વના આત્મારૂપ. ચિદાત્મારૂપ પરમાત્મા. (૭૦૩) સત્પરાયણ=સત્પુરુષોના પરમશ્રેષ્ઠ સ્થાનરૂપ. (૭૦૪) શૂરસેન=શૂર પુરુષોની સેનાવાળા. (૭૦૫) યદુશ્રેષ્ઠ=યાદવવંશમાં શ્રેષ્ઠ. (૭૦૬) સન્નિવાસ=સત્પુરુષોના આશ્રયસ્થાનરૂપ. (૭૦૭) સુયામુન=યમુનાને કિનારે આનંદથી ખેલનારા.૭૫

भूतावासो वासुदेवः सर्वासुनिलयोऽनलः ।
दर्पहा दर्पदो दृप्तो दुर्धरोऽथापराजितः ॥७६॥

(૭૦૮) ભૂતાવાસ=પ્રાણીઓના નિવાસસ્થાનરૂપ. (૭૦૯) વાસુદેવ=શુભરૂપે જગતને પ્રકાશનારા. માયાવડે જગતને ઢાંકનારા. (૭૧૦) સર્વાસુનિલય=સર્વના પ્રાણોના નિવાસસ્થાનરૂપ. (૭૧૧) અનલ=અપાર બળ અને સંપત્તિવાળા. (૭૧૨) દર્પહા=અધર્મીઓના ગર્વનો નાશ કરનારા. (૭૧૩) દર્પદ=અધર્મીઓનો ગર્વ દૂર કરનારા. ધર્મપરાયણ રહેનારાઓને શુદ્ધ ગર્વ દેનારા. (૭૧૪) દૃપ્ત=સ્વરૂપસુખમાં સદાય મગ્ન. (૭૧૫) દુર્ધર=નિર્ગુણ બ્રહ્મરૂપે મહાકષ્ટે હૃદયમાં ધારણ કરી શકાય એવા. (૭૧૬) અપરાજિત=કોઇ પણ સ્થળે નિર્બળતાથી હારેલા નહિ એવા. ૭૬

विश्वमूर्तिर्महामूर्तिर्दीप्तमूर्तिरमूर्तिमान् ।
अनेकमूर्तिरव्यक्तः शतमूर्तिः शताननः ॥७७॥

(૭૧૭) વિશ્વમૂર્તિ=વિરાટ્સ્વરૂપ. (૭૧૮) મહામૂર્તિ=મહાન સ્વરૂપવાળા. (૭૧૯) દીપ્તમૂર્તિ= જ્ઞાનસ્વરૂપ. પ્રકાશસ્વરૂપ. (૭૨૦) અમૂર્તિમાન્= વાસ્તવ સ્વરૂપે નિરાકાર. (૭૨૧) અનેકમૂર્તિ=અનેક અવતારોરૂપે અનેક મૂર્તિવાળા. (૭૨૨) અવ્યક્ત= નામ અને રૂપથી આવાજ છે એમ સ્પષ્ટ ન જણા-નારા નિરાકાર બ્રહ્મરૂપ. (૭૨૩) શતમૂર્તિ=સેંકડો સ્વ-રૂપવાળા. (૭૨૪) શતાનન=સેંકડો મુખવાળા.૭૭

एकोनैकः सवः कः किं यत्तत्पदमनुत्तमम् ।
लोकबन्धुर्लोकनाथो माधवो भक्तवत्सलः॥७८॥

(૭૨૫) એક=અનેકરૂપે દેખાવા છતાં જે પર-માર્થદૃષ્ટિએ સજાતીય અને વિજાતીય ભેદથી રહિત હોવાથી એક–અદ્વિતીય અખંડરૂપ છે તે. (૭૨૬) નૈક=જે વાસ્તવમાં એક–અખંડ અને અદ્વિતીય હોવા છતાં અવિદ્યારૂપિણી માયાને લીધે અનેક સ્વરૂપે દેખાય છે એવા. (૭૨૭) સવ=જેમાં સોમ-રસનું પાન થાય છે તે યજ્ઞરૂપ. (૭૨૮) કઃ=સુખ રૂપ. બ્રહ્મરૂપ. (૭૨૯) કિં=સર્વ પુરુષાર્થરૂપ હોવા-થી અત્યંત વિચારવાયોગ્ય બ્રહ્મરૂપ. (૭૩૦) યત્= જેમાંથી આ સર્વ ભૂતો ઉપજે છે તે બ્રહ્મસ્વરૂપ. (૭૩૧) તત્=જગતનો વિસ્તાર કરનારા બ્રહ્મરૂપ. (૭૩૨) અનુત્તમપદ=મુમુક્ષુઓ જેને પામે છે અને જેનાથી ઉત્તમ કશું નથી તે પરમ પદરૂપ. (૭૩૩) લોકબંધુ=લોકોના બંધુરૂપ. સર્વનું હિત કરનારા.

(૭૩૪) લોકનાથ=સર્વ લોકોના પતિ. (૭૩૫)માધવ =મધુકુળમાં જન્મેલા. (૭૩૬) ભક્તવત્સલ=ભક્તો ઉપર કૃપાવાળા.૭૮

सुवर्णवर्णो हेमांगो वरांगश्चंदनांगदी ।
वीरहा विषमः शून्यो घृताशीरचलश्चलः ॥७९॥

(૭૩૭) સુવર્ણવર્ણ=સોના જેવા તેજસ્વી વર્ણ-વાળા. (૭૩૮) હેમાંગ=સોના જેવાં મનોહર અંગ-વાળા. (૭૩૯) વરાંગ=શ્રેષ્ઠ અંગવાળા. (૭૪૦) ચં-દનાંગદી=ચંદનથી અર્ચેલાં અને બાજુબંધથી શો-ભતાં અંગવાળા. (૭૪૧) વીરહા=ધર્મરક્ષામાટે વીર અસુરોનો નાશ કરનારા. (૭૪૨) વિષમ=સર્વથી વિલક્ષણ સ્વરૂપવાળા. જેના સમાન કાંઈ નથી એવા. (૭૪૩) શૂન્ય=સર્વ ગુણોથી અને ભેદોથી રહિત હો-વાથી શૂન્યરૂપ. (૭૪૪) ઘૃતાશી=ભક્તોની પ્રાર્થના સ્વીકારનારા. (૭૪૫) અચળ=સ્વરૂપથી સદાય અ-ચળ–સ્થિર. (૭૪૬) ચલ=વાયુરૂપે સર્વત્ર ગતિ કર-નારા. ભક્તોના હિત માટે સર્વત્ર ગમન કરનારા.૭૯

अमानीमानदो मान्यो लोकस्वामी त्रिलोकधृक् ।
सुमेधा मेधजो धन्यः सत्यमेधा धराधरः ॥८०॥

(૭૪૭) અમાની=અભિમાનરહિત. (૭૪૮) માનદ=અભિમાનીઓનું માન તોડનારા. ભક્તોને માન આપનારા. (૭૪૯) માન્ય=સર્વને માનવા યોગ્ય. (૭૫૦) લોકસ્વામી=સર્વ લોકોના સ્વામી. (૭૫૧) ત્રિલોકધૃક્=ત્રણે લોકને ધારણ કરનારા. (૭૫૨)

સુમેધા=સારી બુદ્ધિવાળા. (૭૫૩) મેધજ=મેધ-અધ્વર-નામે યજ્ઞમાં પ્રકટ થનારા. (૭૫૪) ધન્ય=ભાગ્યશાળી. કૃતાર્થ. (૭૫૫) સત્યમેધા=સત્યબુદ્ધિવાળા. જેનાં સ્મૃતિ અને જ્ઞાન અસત્ય નથી એવા. (૭૫૬) ધરાધર=શેષાદિરૂપે પૃથ્વીને ધારણ કરનારા.

तेजोवृषो द्युतिधरः सर्वशस्त्रभृतांवरः ।
प्रग्रहो निग्रहो व्यग्रो नैकशृंगो गदाग्रजः ॥८१॥

(૭૫૭) તેજોવૃષ=સૂર્યરૂપે નિરંતર તેજને વર્ષાવનારા. (૭૫૮) દ્યુતિધર=કાંતિવાળા. (૭૫૯) સર્વશસ્ત્રભૃતાંવર=સર્વ શસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ. (૭૬૦) પ્રગ્રહ=ભક્તોએ અર્પેલાં પત્રપુષ્પાદિ પ્રીતિથી ગ્રહણ કરનારા. વિષયરૂપ જંગલમાં દોડી રહેલા ઇંદ્રિયોરૂપી જોરાવર ઘોડા જેની કૃપાથી વશમાં આવી શકે છે એવા. (૭૬૧) નિગ્રહ=સર્વ દુષ્ટોનો અને કામનાઓનો નિગ્રહ કરનારા. (૭૬૨) વ્યગ્ર=અવિનાશી. ભક્તોપર અનુગ્રહ કરવામાં વ્યગ્ર થનારા. (૭૬૩) નૈકશૃંગ=નામ, આખ્યાત (ક્રિયાપદ), ઉપસર્ગ અને નિપાત (અવ્યય), એવાં ચાર શીંગડાંવાળા. (૭૬૪) ગદાગ્રજ=ગદના મોટા ભાઇ વાસુદેવ. ૮૧

चतुर्मूर्तिश्चतुर्बाहुश्चतुर्व्यूहश्चतुर्गतिः ।
चतुरात्मा चतुर्भावश्चतुर्वेदविदेकपात् ॥८२॥

(૭૬૫) ચતુર્મૂર્તિ=વિરાટ્, સૂત્રાત્મા, અવ્યાકૃત અને તુરીય એવી ચાર મૂર્તિ ધારણ કરનારા. (૭૬૬) ચતુર્બાહુ=ચાર હાથવાળા. (૭૬૭) ચતુર્વ્યૂહ=વાસુ-

દેવાદિ ચાર વ્યૂહવાળા. છંદપુરુષ, શરીરપુરુષ, વેદપુરુષ અને મહાપુરુષ, એવા ઉપનિષદ્‌માં કહેલા ચાર વ્યૂહવાળા. (૭૬૮) ચતુર્ગતિ=ચારે વર્ણ અને ચારે આશ્રમની ગતિરૂપ–આશ્રયરૂપ. (૭૬૯) ચતુરાત્મા=મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર, એવી અંતઃકરણની ચાર વૃત્તિરૂપ. રાગદ્વેષાદિથી રહિત ચતુર હૃદયવાળા. (૭૭૦) ચતુર્ભાવ=ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી ચાર ભાવવાળા. (૭૭૧) ચતુર્વેદવિદ્=ચાર વેદાના સંપૂર્ણ અર્થ જાણનારા. (૭૭૨) એકપાત્=સર્વ ભૂતોને એકજ અંશથી અથવા એકજ ચરણરૂપે ધારણ કરી રહેલા. ૮૨

समावर्तोऽनिवृत्तात्मा दुर्जयो दुरतिक्रमः ।
दुर्लभो दुर्गमो दुर्गो दुरावासो दुरारिहा ॥८३॥

(૭૭૩) સમાવર્ત=જીવોનાં કર્માનુસાર સંસારચક્ર ચલાવનારા. (૭૭૪) અનિવૃત્તાત્મા=સર્વત્ર રહેલા હોવાથી જેનો આત્મા નિવૃત્ત નથી એવા. (૭૭૫) દુર્જય=કોઈથી જીતી શકાય નહિ એવા. (૭૭૬) દુરતિક્રમ=ઉલ્લંઘન ન કરી શકાય એવી આજ્ઞાવાળા. (૭૭૭) દુર્લભ=અનન્ય ભક્તિવડે મળી શકે એવા દુર્લભ. (૭૭૮) દુર્ગમ=જેને દુઃખથી જાણી શકાય–પામી શકાય એવા. (૭૭૯) દુર્ગ=દુઃખથી મળી શકે એવા. (૭૮૦) દુરાવાસ=યોગીઓ પણ જેને અંતરમાં દુઃખથી સમાધિદ્વારા જાણી શકે એવા. (૭૮૧) દુરારિહા=દુષ્ટોને હણનારા. ૮૩

**शुभांगो लोकसारंगः सुतंतुस्तंतुवर्धनः ।
इंद्रकर्मा महाकर्मा कृतकर्मा कृतागमः ॥८४॥**

(૭૮૨) શુભાંગ=સુંદર અંગવાળા. (૭૮૩) લોકસારંગ=લોકને સાર ગ્રહણું કરનારા. (૭૮૪) સુતંતુ=સંસારરૂપી સુંદર તંતુને વિસ્તાર કરનારા. (૭૮૫) તંતુવર્ધન=સંસારરૂપી તંતુને વધારનારા અથવા છેદન કરનારા. (૭૮૬) ઇંદ્રકર્મા=ઇંદ્રના જેવાં કર્મ કરનારા. (૭૮૭) મહાકર્મા=પંચમહાભૂતાદિ મહાન કર્મ કરનારા. (૭૮૮) કૃતકર્મા=જેને કંઇ પણ કર્તવ્ય બાકી નથી એવા. (૭૮૯) કૃતાગમ=આગમ એટલે વેદોના કર્તા. ૮૪

**उद्भवः सुंदरः सुंदो रत्ननाभः सुलोचनः ।
अर्को वाजसनः शृंगीः जयंतः सर्वविज्जयी॥८५॥**

(૭૯૦) ઉદ્ભવ=વ્યવહારપક્ષે ઉત્કૃષ્ટ જન્મ ધારણ કરનારા. (૭૯૧) સુંદર=વિશ્વથી વધુ શોભાયમાન. (૭૯૨) સુંદ=દયાના સમુદ્ર. કોમળ સ્વભાવવાળા. (૭૯૩) રત્નનાભ=રત્ન જેવી સુંદર નાભિવાળા. (૭૯૪) સુલોચન=સુંદર નેત્રોવાળા. સુંદર જ્ઞાનચક્ષુવાળા. (૭૯૫) અર્ક=બ્રહ્માદિક પૂજ્ય દેવોના પણ પૂજ્ય એવા મહાન સૂર્યરૂપ. (૭૯૬) વાજસન=યોગ્ય યાચકોને અન્નાદિક યથેચ્છ પદાર્થ આપનારા. (૭૯૭) શૃંગી=મત્સ્યાવતારમાં શીંગડાંવાળા. (૭૯૮) જયંત=શત્રુઓને સહેજે જીતનારા. (૭૯૯) સર્વવિજ્જયી=સર્વત્ર વિજય પામનારા. ૮૫

सुवर्णबिंदुरक्षोभ्यः सर्ववागीश्वरेश्वरः।
महाह्रदो महागर्तो महाभूतो महानिधिः ॥८६॥

(૮૦૦) સુવર્ણબિંદુ=સુંદર વર્ણ અને સુંદર બિંદુ(અનુસ્વાર)વાળા એકાક્ષર મંત્રરૂપ. (૮૦૧) અક્ષોભ્ય=રાગદ્વેષથી, લૌકિક વિષયોથી અને દુષ્ટોથી ક્ષોભ નહિ પામનારા. (૮૦૨) સર્વવાગીશ્વરેશ્વર=બ્રહ્મા અને બૃહસ્પતિ આદિ સર્વ વાણીના ઈશ્વરોના ઈશ્વર. (૮૦૩) મહાહ્રદ=જે આનંદરૂપી મહાન સરોવરમાં સ્નાન કરીને યોગીજનો સુખથી રહે છે તે. (૮૦૪) મહાગર્ત=મોટા ખાડા જેવી દુસ્તર માયાવાળા. (૮૦૫) મહાભૂત=કોઈ કાળે જેનું સ્વરૂપ બાધ નથી પામતું એવા મહાન પદાર્થરૂપ. (૮૦૬) મહાનિધિ=સર્વ પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના મહાન સ્થાનરૂપ. ૮૬

कुमुदः कुंदरः कुंदः पर्जन्यः पावनोऽनिलः।
अमृतांशोऽमृतवपुः सर्वज्ञः सर्वतोमुखः ॥८७॥

(૮૦૭) કુમુદ=પૃથ્વીનો ભાર ઉતારીને તેને આનંદ આપનારા. (૮૦૮) કુંદર=મોગરાનાં ફૂલ જેવાં ઉત્તમ ફળ આપનારા. (૮૦૯) કુંદ=સ્ફટિકમણિ જેવા નિર્મળ. પરશુરામરૂપે કશ્યપને પૃથ્વી દેનારા. (૮૧૦) પર્જન્ય=મેઘની પેઠે ત્રિવિધ તાપ ટાળનારા. (૮૧૧) પાવન=સ્મરણ કરવાથી પવિત્ર કરનારા. (૮૧૨) અનિલ=સદા જાગ્રત રહેનારા. (૮૧૩) અમૃતાંશ=જ્ઞાનરૂપી અમૃતનું ભોજન કર-

નારા. (૮૧૪) અમૃતવપુ=અવિનાશી શરીરવાળા. (૮૧૫) સર્વજ્ઞ=સર્વને યથાવત્ જાણનારા. (૮૧૬) સર્વતોમુખ=સર્વત્ર મુખવાળા. ૮૭

सुलभः सुव्रतः सिद्धः शत्रुजिच्छत्रुतापनः ।
न्यग्रोधोदुंबरोऽश्वत्थश्चाणूरांध्रनिषूदनः ॥८८॥

(૮૧૭) સુલભ=અનન્ય ભક્તિવડે સુખથી મળે તેવા. (૮૧૮) સુવ્રત=સારા વ્રતવાળા. (૮૧૯) સિદ્ધ=બધી સિદ્ધિઓવાળા. (૮૨૦) શત્રુજિત્=દેવો અને ભક્તોના શત્રુઓને જીતનારા. (૮૨૧) શત્રુતાપન=આંતર્બાહ્ય શત્રુઓને તપાવનારા. (૮૨૨) ન્યગ્રોધ=વડરૂપ. વડની પેઠે માયાના વિસ્તારવાળા. (૮૨૩) ઉદુમ્બર=ઉંબરાના વૃક્ષરૂપ. (૮૨૪) અશ્વત્થ=પીંપળારૂપ. (૮૨૫) ચાણૂરાંધ્રનિષૂદન=ચાણૂર નામના આંધ્ર દેશના દૈત્યનો નાશ કરનારા.૮૮

सहस्रार्चिः सप्तजिह्वः सप्तैधाः सप्तवाहनः ।
अमूर्तिरनघोऽचिंत्यो भयकृद्भयनाशनः ॥८९॥

(૮૨૬) સહસ્રાર્ચિ=હજારો સૂર્ય જેટલા તેજવાળા. (૮૨૭) સપ્તજિહ્વ=કાલી, કરાલી, મનોજવા, સુલોહિતા, સુધૂમ્રવર્ણા, સ્ફુલિંગિની અને વિશ્વરુચિ નામની સાત પ્રકાશમાન જીભવાળા. (૮૨૮) સપ્તૈધા=સાત પ્રકાશિત જીભોવડે સર્વનું ભક્ષણ કરનારા. (૮૨૯) સપ્તવાહન=સાત ઘોડાઓરૂપી વાહનવાળા. (૮૩૦) અમૂર્તિ=આકારવિનાના. (૮૩૧) અનઘ=પાપ તથા દુઃખવિનાના. (૮૩૨) અચિંત્ય=

એકસાથે સર્વ પ્રકારે ચિંતવી શકાય નહિ એવા. (૮૩૩) ભયકૃત્=દુષ્ટોને ભય કરનારા. (૮૩૪) ભયનાશન=ભક્તોના ભયનો નાશ કરનારા. ૮૯

अणुर्बृहत्कृशः स्थूलो गुणभृन्निर्गुणो महान् ।
अधृतः स्वधृतः स्वास्यः प्राग्वंशो वंशवर्धनः ॥९०

(૮૩૫) અણુ=સૂક્ષ્મથી પણ અતિસૂક્ષ્મ. (૮૩૬) બૃહત્=ઘણા વિશાળ સ્વરૂપવાળા. (૮૩૭) કૃશ=પાતળા. (૮૩૮) સ્થૂલ=બ્રહ્માંડરૂપી સ્થૂળ શરીરવાળા. (૮૩૯) ગુણભૃત્=જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયને માટે સત્ત્વ, રજ અને તમોગુણને ધારણ કરનારા. (૮૪૦) નિર્ગુણ=વાસ્તવિક રીતે ત્રણે ગુણરહિત. (૮૪૧) મહાન્=અત્યંત મહત્તાવાળા. સર્વવ્યાપક. (૮૪૨) અધૃત=આધારરહિત રહેલા. (૮૪૩) સ્વધૃત=પોતાવડે પોતાને ધારણ કરનારા. (૮૪૪) સ્વાસ્ય=વેદાદિવડે પુરુષાર્થનો ઉપદેશ આપનાર સુંદર મુખવાળા. (૮૪૫) પ્રાગ્વંશ=સર્વના પ્રથમ વંશરૂપ. (૮૪૬) વંશવર્ધન=વંશને વધારનારા. ૯૦

भारभृत् कथितो योगी योगीशः सर्वकामदः ।
आश्रमः श्रमणः क्षामः सुपर्णो वायुवाहनः ॥९१॥

(૮૪૭) ભારભૃત્=અનંત બ્રહ્માંડોનો ભાર ધારણ કરનારા. (૮૪૮) કથિત=વેદાદિકમાં ગવાયેલા. (૮૪૯) યોગી=સદાય યોગ(સમાધિ)વાળા. (૮૫૦) યોગીશ=સર્વ યોગીઓના સ્વામી. (૮૫૧) સર્વકામદ=ભક્તોની સર્વ કામનાઓ પૂરનારા. (૮૫૨)

આશ્રમ=સંસારરૂપ અરણ્યમાં ભટકતા સર્વ આશ્રમીઓના આશ્રયરૂપ. (૮૫૩) શ્રમણ=અવિવેકીઓને સંતાપનારા. (૮૫૪) ક્ષામ=સર્વ કાળને ક્ષીણ કરનારા. સર્વ પાપીઓનો ક્ષય કરનારા. (૮૫૫) સુપર્ણ=વેદરૂપ સુંદર પાંખોવાળા. વેદરૂપી સુંદર પાનવાળા. (૮૫૬) વાયુવાહન=વાયુને વહેવરાવનારા—ગતિ આપનારા. ૯૧

धनुर्धरो धनुर्वेदो दंडो दमयिता दमः ।
अपराजितः सर्वसहो नियंता नियमो यमः॥९२॥

(૮૫૭) ધનુર્ધર=ધનુર્ધારી રામ. (૮૫૮) ધનુર્વેદ=ધનુર્વિદ્યા જાણનારા. (૮૫૯) દંડ=શિક્ષારૂપ. (૮૬૦) દમયિતા=યમ તથા રાજારૂપે શિક્ષા કરનારા. (૮૬૧) દમ=શિક્ષા કરવા યોગ્યને શિક્ષા કરનારા. (૮૬૨) અપરાજિત=શત્રુઓથી જીતાય નહિ એવા. (૮૬૩) સર્વસહ=સર્વને સહન કરનારા. સર્વ કાર્યોમાં સમર્થ. પૃથ્વીરૂપે સર્વનો ભાર સહેનારા. (૮૬૪) નિયંતા=સર્વને નિયમમાં રાખનારા—સ્વધર્મમાં પ્રેરનારા. (૮૬૫) નિયમ=યોગના નિયમ નામના અંગરૂપ. (અનિયમ પાઠ સ્વીકારીએ તો સર્વ તંત્રમાં સ્વતંત્ર—કોઇ પણ નિયમની જેના ઉપર સત્તા નથી એવા.) (૮૬૬) યમ=યોગના યમ નામના અંગરૂપ. ૯૨

सत्त्ववान् सात्त्विकः सत्यः सत्यधर्मपरायणः ।
अभिप्रायः प्रियार्होऽर्हः प्रियकृत् प्रीतिवर्धनः॥

(૮૬૭) સત્ત્વવાન્=શૂરતા, વીરતા ઇત્યાદિ સત્ત્વવાળા. (૮૬૮) સાત્ત્વિક=સત્ત્વગુણવાળા. (૮૬૯) સત્ય=સત્પુરુષોમાં વસનારા સત્યસ્વરૂપ. (૮૭૦) સત્યધર્મપરાયણ=સત્ય અને ધર્મને અનુસરનારા. (૮૭૧) અભિપ્રાય=મુમુક્ષુઓ જેને પામે છે તે. (૮૭૨) પ્રિયાર્હ=પ્રિય થવાને યોગ્ય. પ્રિય વસ્તુઓ અર્પવાયોગ્ય. (૮૭૩) અર્હ=પૂજા, પ્રશંસા, ધ્યાન, સ્તુતિ અને નમસ્કારાદિ કરવા યોગ્ય. (૮૭૪) પ્રિયકૃત્=ભક્તોનું પ્રિય કરનારા. (૮૭૫) પ્રીતિવર્ધન=ભક્તોની પ્રીતિ વધારનારા. ૯૩

विहायसगतिर्ज्योतिः सुरुचिर्हुतभुग्विभुः ।
रविर्विरोचनः सूर्यः सविता रविलोचनः ॥९४॥

(૮૭૬) વિહાયસગતિ=સર્વત્ર ગતિ કરનારા. (૮૭૭) જ્યોતિ=પ્રકાશરૂપ. (૮૭૮) સુરુચિ=સુંદર કાન્તિવાળા. (૮૭૯) હુતભુક્=યજ્ઞમાં હોમેલું અગ્નિરૂપે ભક્ષણ કરનારા. (૮૮૦) વિભુ=સર્વવ્યાપક. સર્વશક્તિમાન. (૮૮૧) રવિ=સૂર્ય. (૮૮૨) વિરોચન=બહુ પ્રકારે પ્રકાશનારા. (૮૮૩) સૂર્ય=કાન્તિ અને શોભા ઉત્પન્ન કરનારા. સૂર્યરૂપે સર્વને જગાડી ગતિ આપનારા. (૮૮૪) સવિતા=સર્વ જગતને રચનારા. સર્વ રસોના દાતા. (૮૮૫) રવિલોચન=સૂર્યરૂપી નેત્રવાળા. ૯૪

अनंतो हुतभुग्भोक्ता सुखदो नैकजोऽग्रजः ।
अनिर्विण्णः सदामर्षी लोकाधिष्ठानमद्भुतः ॥९५॥

(૮૮૬) અનંત=અંતરહિત. શેષનાગરૂપ. (૮૮૭) હુતભુક્=હોમેલા દ્રવ્યનું અગ્નિરૂપે ભક્ષણ કરનારા. (૮૮૮) ભોક્તા=પુરુષોત્તમરૂપે પ્રકૃતિ અથવા માયાને ભોગવનારા. (૮૮૯) સુખદ=ભક્તોને સુખ આપનારા. (૮૯૦) નૈકજ=ધર્મરક્ષા માટે અનેક વાર જન્મેલા. (૮૯૧) અગ્રજ=સર્વથી પ્રથમ જન્મેલા. હિરણ્યગર્ભરૂપે પ્રથમ પ્રકટેલા. (૮૯૨) અનિર્વિણ્ણ=પૂર્ણકામ હોવાથી ખેદરહિત. (૮૯૩) સદામર્ષી=સત્પુરુષોને ક્ષમા આપનારા. સાધુજનોના દોષ સહેનારા. (૮૯૪) લોકાધિષ્ઠાન=ત્રણે લોકના અધિષ્ઠાન (આધાર)રૂપ. (૮૯૫) અદ્‌ભુત=સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા, સર્વવ્યાપકતા, સર્વરૂપતા, સર્વથી અતીતપણું, સર્વના કર્તા, સર્વના અકર્તા ઇત્યાદિ અપાર અદ્‌ભુત યોગ્યતાઓવાળા. આશ્ચર્યરૂપ. સર્વથી વિલક્ષણ. ૯૫

सनात्सनातनतमः कपिलः कपिरव्ययः। स्वस्तिदः
स्वस्तिकृत्स्वस्ति स्वस्तिभुक् स्वस्तिदक्षिणः ९६

(૮૯૬) સનાત્=નિત્ય પુરાણપુરુષ. સર્વ દેશકાળ અને કારણથી પ્રાચીન એવા પરમ પુરુષ. (૮૯૭) સનાતનતમ=બ્રહ્માદિ પ્રાચીન દેવતાઓથી પણ પ્રાચીન. (૮૯૮) કપિલ=સાંખ્યશાસ્ત્રને રચનારા મહર્ષિ કપિલરૂપ. વડવાગ્નિરૂપે કપિલવર્ણરૂપ.(૮૯૯) કપિ=વરાહરૂપ થયેલા. કિરણવડે જળ પીનારા સૂર્યરૂપ. (૯૦૦) અવ્યય=મહાપ્રલયમાં સર્વ ભૂત

પદાર્થનો લય થાય ત્યારે પણ રહેનારા. અવિનાશી. (૯૦૧) સ્વસ્તિદ=ભકતોને મંગળદાયક. (૯૦૨) સ્વસ્તિકૃત્=ભકતોનું કલ્યાણ કરનારા. (૯૦૩) સ્વસ્તિ=કલ્યાણરૂપ. મંગળરૂપ. (૯૦૪) સ્વસ્તિભુક્=કલ્યાણના ભોકતા. (૯૦૫) સ્વસ્તિદક્ષિણ=શીઘ્ર કલ્યાણ કરનારા. કલ્યાણ કરવામાં સમર્થ. ૯૬

अरौद्रः कुंडली चक्री विक्रम्यूर्जितशासनः ।
शब्दातिगः शब्दसहः शिशिरः शर्वरीकरः ॥९७॥

(૯૦૬) અરૌદ્ર=પૂર્ણકામ હોવાથી રાગદ્વેષરહિત શાંતમૂર્તિ. (૯૦૭) કુંડલી=સૂર્યમંડળરૂપી કુંડળવાળા. સાંખ્ય અને યોગરૂપી કુંડળવાળા. શેષનારાયણરૂપે કુંડળ જેવા સ્વરૂપવાળા. (૯૦૮) ચક્રી=સુદર્શન ચક્ર ધારણ કરનારા. (૯૦૯) વિક્રમી=મહાન પરાક્રમી. (૯૧૦) ઊર્જિતશાસન=શ્રુતિસ્મૃતિરૂપે શ્રેષ્ઠ આજ્ઞાઓ આપનારા. (૯૧૧) શબ્દાતિગ=જેમનું સ્વરૂપ કે મહત્ત્વ શબ્દોથી વર્ણવી શકાય નહિ એવા. (૯૧૨) શબ્દસહ=વેદો જેમનો મહિમા ગાય છે એવા. (૯૧૩) શિશિર=આશ્રિતોના ત્રણે તાપ ટાળી શાંતિ કરનારા. (૯૧૪) શર્વરીકર=જ્ઞાનીઓમાટે સંસારને રાત્રિરૂપે (નહિજાણવા યોગ્ય–નહિ જાગવા યોગ્ય) અને સંસારીઓ માટે સચ્ચિદાનંદ પરમાત્માને રાત્રિરૂપે (નહિ જાણવાયોગ્ય–નહિ જાગવા યોગ્ય) કરનારા. ૯૭

अक्रूरः पेशलो दक्षो दक्षिणः क्षमिणांवरः ।

विद्वत्तमो वीतभयः पुण्यश्रवणकीर्तनः ॥९८॥

(૯૧૫) અક્રૂર=ક્રૂરતા વિનાના. ક્રોધરહિત. કોમળ હૃદયવાળા. (૯૧૬) પેશલ=મન વાણી અને કર્મથી સુંદર. (૯૧૭) દક્ષ=ચતુર. કુશળ. (૯૧૮) દક્ષિણ=સર્વ પ્રકારે કુશળ. (૯૧૯) ક્ષમિણાંવર=પૃથ્વી જેવી ક્ષમાવાળા. ક્ષમાવાનોમાં શ્રેષ્ઠ. (૯૨૦) વિદ્વત્તમ=વિદ્વાનોમાં શ્રેષ્ઠ. સદાય સંપૂર્ણ જ્ઞાનવાળા. (૯૨૧) વીતભય=સર્વ પ્રકારના ભયરહિત. (૯૨૨) પુણ્યશ્રવણકીર્તન=મનુષ્યને જેના ગુણ અને યશનું કથનશ્રવણ અને કીર્તનાદિ પવિત્ર કરે છે એવા.૯૮

उत्तारणो दुष्कृतिहा पुण्यो दुःस्वप्ननाशनः ।
वीरहा रक्षणः संतो जीवनः पर्यवस्थितः ॥९९॥

(૯૨૩) ઉત્તારણ=અપાર સંસારસાગરમાંથી તારનારા. (૯૨૪) દુષ્કૃતિહા=દુષ્ટોનો નાશ કરનારા. શરણાગતોનાં પાપ હણનારા. (૯૨૫) પુણ્ય=પુણ્યસ્વરૂપ. શ્રુતિ સ્મૃતિ આદિદ્વારા પવિત્ર ઉપદેશ આપનારા. (૯૨૬) દુઃસ્વપ્નનાશન=ધ્યાન, પૂજન, સ્તુતિ કિંવા પ્રાર્થના કરવાથી દુષ્ટ સ્વપ્નોનો નાશ કરનારા. (૯૨૭) વીરહા=પરાક્રમી દૈત્યોનો નાશ કરનારા. આશ્રિતોનાં સર્વ દુઃખ, વિઘ્ન અને પાપનો નાશ કરનારા. (૯૨૮) રક્ષણ=શરણાગતોનું રક્ષણ કરનારા. (૯૨૯) સંત=લોકોને સાચા સુખનો માર્ગ દર્શાવવા સન્માર્ગે વર્તનારા–સુવિદ્યા, વિનય અને સદાચાર પ્રવર્તાવનારા. (૯૩૦) જીવન=સર્વત્ર પ્રાણ-

રૂપે રહી જગતને જીવાડનારા. (૯૩૧) પર્યવસ્થિત=વિશ્વની અંદર બહાર અને સર્વત્ર વ્યાપી રહેલા. ૯૯

अनंतरूपोऽनंतश्रीर्जितमन्युर्भयापहः ।
चतुरस्रो गभीरात्मा विदिशो व्यादिशो दिशः॥

(૯૩૨) અનંતરૂપ=અનંત પદાર્થો અને બ્રહ્માંડોરૂપે થયેલા. (૯૩૩) અનંતશ્રી=અપાર સૌંદર્ય, ઐશ્વર્ય, વિભૂતિ, જ્ઞાન અને શક્તિવાળા. (૯૩૪) જિતમન્યુ=ક્રોધને જીતનારા. (૯૩૫) ભયાપહ=ભક્તોના સર્વ ભય હરનારા. (૯૩૬) ચતુરસ્ર=ચાર વેદોરૂપ ખૂણાવાળા. કર્માનુસાર યોગ્ય ફળ આપવામાં ચતુર. (૯૩૭) ગભીરાત્મા=ગભીર (અથાહ) આત્મારૂપ. (૯૩૮) વિદિશ=વિવિધ કર્માનુસાર વિવિધ ફળ દેનારા. (૯૩૯) વ્યાદિશ=ઇંદ્રાદિ દેવોને વિવિધ પ્રકારની આજ્ઞા દેનારા. (૯૪૦) દિશ=દિશાઓરૂપ. વેદાદિકથી કર્મોનાં ફળ દર્શાવનારા. ૧૦૦

अनादिर्भूर्भुवोलक्ष्मीः सुवीरो रुचिरांगदः ।
जननो जनजन्मादिर्भीमो भीमपराक्रमः ॥१०१

(૯૪૧) અનાદિ=જેને કોઈ પણ આદિ (કારણ) નથી એવા. (૯૪૨) ભૂ:=પૃથ્વીરૂપે સર્વના આધારભૂત. (૯૪૩) ભુવોલક્ષ્મી=પૃથ્વી અને અંતરિક્ષની શોભારૂપ. (૯૪૪) સુવીર=સુંદર ગતિવાળા. શુભ પરાક્રમી. (૯૪૫) રુચિરાંગદ=સુંદર બાજુબંધવાળા. (૯૪૬) જનન=સર્વને ઉત્પન્ન કરનારા. (૯૪૭) જનજન્માદિ=જીવોના જન્મના આદિકારણરૂપ—મૂળ-

૩૫. (૯૪૮) ભીમ=પાપીઓ માટે ભયકારક. સર્વત્ર અને સર્વજ્ઞ હોવાથી સર્વ કોઇએ ભય રાખવા યોગ્ય. (૯૪૯) ભીમપરાક્રમ=દુષ્ટોને માટે ભયંકર પરાક્રમવાળા. ૧૦૧

आधारनिलयो धाता पुष्पहासः प्रजागरः ।
ऊर्ध्वगः सत्पथाचारः प्राणदः प्रणवः पणः ॥१०२

(૯૫૦) આધારનિલય=જગતના આધારભૂત જે પૃથ્વી આદિક પંચમહાભૂત તેના પણ આધારરૂપ. (૯૫૧) ધાતા=સર્વને ધારણ કરનારા. (૯૫૨) પુષ્પહાસ=ખીલેલા પુષ્પ જેવું હાસ્ય કરનારા. (૯૫૩) પ્રજાગર=નિરંતર જાગ્રત રહેનારા. (૯૫૪) ઊર્ધ્વગ=સર્વની ઉપર રહેનારા. સર્વથી ઉચ્ચ ગતિવાળા. ઊર્ધ્વ ગતિવાળા. (૯૫૫) સત્પથાચાર=સન્માર્ગનાં આચરણ કરનારા. (૯૫૬) પ્રાણદ=પ્રાણ આપનારા. (૯૫૭) પ્રણવ=ૐકારના અર્થરૂપ. પરમાત્મારૂપ. (૯૫૮) પણ=પણરૂપ. પ્રતિજ્ઞારૂપ. પ્રતિજ્ઞા પૂર્ણ કરનારા. ૧૦૨

प्रमाणं प्राणनिलयः प्राणभृत् प्राणजीवनः ।
तत्त्वं तत्त्वविदेकात्मा जन्ममृत्युजरातिगः ॥१०३

(૯૫૯) પ્રમાણ=પ્રમાણરૂપ. પ્રમાજ્ઞાનરૂપ. (૯૬૦) પ્રાણનિલય=પ્રાણાદિકના આધારરૂપ. (૯૬૧) પ્રાણભૃત=અન્નરૂપે પ્રાણોનું પોષણ કરનારા. (૯૬૨) પ્રાણજીવન=પ્રાણવડે પ્રાણીઓને જીવાડનારા પ્રાણોના જીવનરૂપ. (૯૬૩) તત્ત્વ=વાસ્તવિકરૂપ. તત્ત્વમૂર્તિ.

(૯૬૪) તત્ત્વવિત્=તત્ત્વને યથાવત્ જાણનારા. (૯૬૫) એકાત્મા=એક અભિન્ન આત્મારૂપે સર્વત્ર રહેલા. (૯૬૬) જન્મમૃત્યુજરાતિગ=જન્મ, મૃત્યુ અને જરા ઇત્યાદિ સર્વ વિકારોને ઓળંગી ગયેલા.૧૦૩

भूर्भुवःस्वस्तरुस्तारः सपिता प्रपितामहः ।
यज्ञो यज्ञपतिर्यज्वा यज्ञांगो यज्ञवाहनः॥१०४॥

(૯૬૭) ભૂર્ભુવઃસ્વસ્તરુ=ભૂઃ, ભુવઃ અને સ્વઃ, એ ત્રણ વ્યાહૃતિવડે હોમાદિકથી ત્રિલોકને તારનારા. ભૂર્, ભુવર્ અને સ્વર્ગલોકમાં વ્યાપી રહેલા. એ ત્રણે લોકરૂપે સંસારવૃક્ષરૂપ થયેલા. (૯૬૮) તાર=ૐકારમૂર્તિ. તારક મંત્રરૂપ. સંસારસાગરથી તારનારા.(૯૬૯) સપિતા=સર્વલોકના પરમ પિતા.(૯૭૦) પ્રપિતામહ=સર્વના પિતામહ એવા બ્રહ્માના પણ પિતા. (૯૭૧) યજ્ઞ=યજ્ઞરૂપ. (૯૭૨) યજ્ઞપતિ=યજ્ઞોના રક્ષક અથવા સ્વામી. (૯૭૩) યજ્વા=યજ્ઞ કરનારા યજમાનરૂપ. (૯૭૪) યજ્ઞાંગ=યજ્ઞોરૂપી અંગવાળા. યજ્ઞના પ્રત્યેક અંગરૂપ. (૯૭૫) યજ્ઞવાહન=યજ્ઞોનું વહન કરનારા, યજ્ઞોના ફળને વહન કરનારા—પહોંચાડનારા. ૧૦૪

यज्ञभृद्यज्ञकृद्यज्ञी यज्ञभुग्यज्ञसाधनः ।
यज्ञांतकृद्यज्ञगुह्यमन्नमन्नाद एव च ॥ १०५ ॥

(૯૭૬)યજ્ઞભૃત્=સાત્ત્વિક યજ્ઞનું પોષણ અને રક્ષણ કરનારા. (૯૭૭) યજ્ઞકૃત્=જગતના ઉત્પત્તિ, પોષણ અને અંતરૂપી યજ્ઞો કરનારા. (૯૭૮) યજ્ઞી=

યજ્ઞ કરનારાઓમાં મુખ્ય. યજ્ઞરૂપ. (૯૭૯) યજ્ઞભુક્=યજ્ઞના ભોક્તા. (૯૮૦) યજ્ઞસાધન=જેની પ્રાપ્તિમાં યજ્ઞ સાધનરૂપ છે એવા. યજ્ઞના સર્વોત્તમ સાધનરૂપ. યજ્ઞનાં સર્વ સાધનરૂપ. (૯૮૧) યજ્ઞાંતકૃત્=યજ્ઞને અંતે ફળ આપનારા. (૯૮૨) યજ્ઞગુહ્ય=સર્વ યજ્ઞોમાં ગુપ્તરૂપે રહેલા એવા જ્ઞાનયજ્ઞરૂપ. જ્ઞાનયજ્ઞોવડે જાણવા જેવા ગુપ્ત રહસ્યરૂપ. (૯૮૩) અન્ન=અન્નરૂપ. શરીરને અને અંતઃકરણને પોષણ, શુદ્ધિ અને તૃપ્તિ આપે એવા પ્રત્યેક પદાર્થ, વિચાર અને ક્રિયારૂપ. (૯૮૪) અન્નાદ=અન્નનું ભક્ષણ કરનારા. ૧૦૫

आत्मयोनिः स्वयंजातो वैखानः सामगायनः ।
देवकीनंदनः स्रष्टाः क्षितीशः पापनाशनः॥१०६

(૯૮૫) આત્મયોનિ=પોતાથીજ પોતે થયેલા. અંતઃકરણના વિવર્તઉપાદાન કારણરૂપ. (૯૮૬) સ્વયંજાત=સ્વયંભૂ. પોતેજ પોતાના નિમિત્તકારણરૂપ. (૯૮૭) વૈખાનઃ=હિરણ્યાક્ષનો નાશ કરવા પૃથ્વીને ખોદનારા. (૯૮૮) સામગાયન=સામવેદનું ગાયન કરનારા. (૯૮૯) દેવકીનંદન=દેવકીને આનંદ આપનારા. (૯૯૦) સ્રષ્ટા=સૃષ્ટિને સૃજનારા. (૯૯૧) ક્ષિતીશ=પૃથ્વીના પતિ. શ્રીરામચંદ્ર. (૯૯૨) પાપનાશન=શરણાગતનાં પાપ નષ્ટ કરનારા. ૧૦૬

शंखभृन्नंदकी चक्री शार्ङ्गधन्वा गदाधरः ।
रथांगपाणिरक्षोभ्यः सर्वप्रहरणायुधः ॥१०७॥

सर्वप्रहरणायुधों नम इति ।

(૯૯૩) શંખભૃત્=પાંચજન્ય શંખ ધારણ કરનારા. સર્વના આદિ એવા અહંકારરૂપી શંખને ધારણ કરનારા. (૯૯૪) નંદકી=નંદક નામની તરવારવાળા. વિદ્યારૂપી તરવાર ધારણ કરનારા. (૯૯૫) ચક્રી=સુદર્શન ચક્ર ધારણ કરનારા. મનરૂપી સુદર્શન ચક્રવાળા. યુગચક્રને ચલાવનારા.(૯૯૬) શાર્ઙ્ગધન્વા=શાર્ઙ્ગ નામનું ધનુષ્ય ધારણ કરનારા. ઇંદ્રિયોરૂપી શાર્ઙ્ગ ધનુષ્યવાળા. (૯૯૭) ગદાધર=ગદાને ધારણ કરનારા. બુદ્ધિરૂપ ગદાવાળા. (૯૯૮) રથાંગપાણિ=હાથમાં રથના પૈડા જેવું ચક્ર ધારણ કરનારા. (૯૯૯) અક્ષોભ્ય=કશાથી ક્ષોભ નહિ પામનારા. નિર્ભય. (૧૦૦૦) સર્વ પ્રહરણાયુધ=ઉપર કહેલાં તથા નહિ કહેલાં એવાં સર્વ પ્રકારનાં આયુધ ધરનારા. **सर्वप्रहरणायुधों नमः**=સર્વ પ્રકારનાં આયુધ ધારણ કરનારા અને ૐ નામથી ઉચ્ચારાતા એવા શ્રીવિષ્ણુ પરમાત્માને નમસ્કાર હો. ૧૦૭

ઇતિ શ્રીવિષ્ણુનાં દિવ્ય સહસ્રનામ સમાપ્ત.

इतीदं कीर्तनीयस्य केशवस्य महात्मनः ।
नाम्नां सहस्रं दिव्यानामशेषेण प्रकीर्तितम् ॥१०८

આ પ્રમાણે મહાત્મા કેશવ ભગવાનનાં અત્યંત દિવ્ય, પ્રસિદ્ધ અને કીર્તન કરવા યોગ્ય એવાં સહસ્ર નામ સંપૂર્ણ રીતે કહ્યાં. ૧૦૮

य इदं शृणुयान्नित्यं यश्चापि परिकीर्तयेत् ।

नाशुभं प्राप्नुयात् किंचित्सोऽमुत्रेह च मानवः ॥
वेदांतगो ब्राह्मणः स्यात्क्षत्रियो विजयी भवेत् ।
वैश्यो धनसमृद्धः स्याच्छूद्रः सुखमवाप्नुयात् ॥
धर्मार्थी प्राप्नुयाद्धर्ममर्थार्थी चार्थमाप्नुयात् ।
कामानवाप्नुयात्कामी प्रजार्थी प्राप्नुयात्प्रजाम् ॥

જે મનુષ્ય વિષ્ણુનાં આ સહસ્રનામને નિત્યપ્રતિ શ્રદ્ધાભક્તિથી સાંભળે છે અથવા પાઠ કે કીર્તન કરે છે; તે આ લોકમાં તથા પરલોકમાં કશા અશુભને પામતો નથી. વળી જો તે બ્રાહ્મણના-મુમુક્ષુના ગુણસ્વભાવવાળો જિજ્ઞાસુ હોય તો વેદાંતનો પાર પામનારો થાય છે; જો તે ક્ષત્રિય (ક્ષાત્ર પ્રકૃતિવાળો) કર્મયોગી હોય તો યુદ્ધમાં વિજયી થાય છે; જો તે વૈશ્ય પ્રકૃતિવાળો અર્થાર્થી (ધનેચ્છુ) ભક્ત હોય તો ધનવાન થાય છે; અને જો તે શૂદ્રના ગુણસ્વભાવવાળો અથવા આરોગ્યાદિ સુખને ઇચ્છનારો આર્તભક્ત હોય તો યથેચ્છ સુખ પામે છે. (સારાંશ કે, મનુષ્ય કોઇ પણ વર્ણ, આશ્રમ કે જાતિનો હોવા છતાં જો તે શ્રદ્ધાભક્તિપૂર્વક વિષ્ણુસહસ્રનામનો પાઠ કરે તો તે) ધર્મની ઇચ્છાવાળો હોય તો ધર્મ પામે છે; ધનની ઇચ્છાવાળો હોય તો ધન પામે છે; ભોગવૈભવની કામનાવાળો હોય તો ભોગવૈભવ પામે છે અને પ્રજાની ઇચ્છાવાળો હોય તો પ્રજાને પામે છે.૧૦૯-૧૧

भक्तिमान्यः सदोत्थाय शुचिस्तद्गतमानसः ।

सहस्रं वासुदेवस्य नाम्नामेतत्प्रकीर्तयेत् ॥११२॥
यशः प्राप्नोति विपुलं ज्ञातिप्राधान्यमेव च ।
अचलां श्रियमाप्नोति श्रेयः प्राप्नोत्यनुत्तमम् ॥
न भयं क्वचिदाप्नोति वीर्यं तेजश्च विंदति ।
भवत्यरोगो द्युतिमान्बलरूपगुणान्वितः ॥११४

જે શ્રદ્ધાભક્તિવાળો પુરુષ નિત્ય વહેલો ઉઠી પવિત્ર થઇને તથા ઈશ્વરમાં મન પરોવીને વાસુદેવનાં આ સહસ્રનામનું કીર્તન કરે છે, તે પુષ્કળ યશ પામે છે; જાતિમાં પ્રાધાન્ય પામે છે; અચળ સંપત્તિ પ્રાપ્ત કરે છે અને પરમોત્તમ કલ્યાણપદને પામે છે. વળી તે કશાથી અને કદી પણ ભય પામતો નથી; વીર્ય અને તેજ પામે છે તથા નિરોગી, કાન્તિવાન, બળવાન, રૂપવાન, સદ્‌ગુણી અને સદાચારવાળો થાય છે. ૧૧૨–૧૧૪

रोगार्तो मुच्यते रोगाद् बद्धो मुच्येत बंधनात् ।
भयान्मुच्येत भीतस्तु मुच्येतापन्न आपदः ॥११५

રોગી રોગથી, બંધનવાળો બંધનથી અને ભયભીત મનુષ્ય ભયથી છૂટે છે તથા આપત્તિવાળો આપત્તિમાંથી મુક્ત થાય છે. ૧૧૫

दुर्गाण्यतितरत्याशु पुरुषः पुरुषोत्तमम् ।
स्तुवन्नामसहस्रेण नित्यं भक्तिसमन्वितः॥११६॥

જે પુરુષ શ્રદ્ધા–ભક્તિવાળો થઇને આ સહસ્રનામવડે નિત્ય પ્રતિ પુરુષોત્તમની સ્તુતિ કરે છે,

તે સર્વ વિઘ્નોને તરી જાય છે. ૧૧૬

वासुदेवाश्रयो मर्त्यो वासुदेवपरायणः ।
सर्वपापविशुद्धात्मा याति ब्रह्म सनातनम् ॥११७

જે મનુષ્ય વાસુદેવનો આશ્રય કરે છે અને વાસુદેવપરાયણ થાય છે તે સર્વ પાપથી વિશુદ્ધ થઈને સનાતન બ્રહ્મને પામે છે. ૧૧૭

न वासुदेवभक्तानामशुभं विद्यते क्वचित् ।
जन्ममृत्युजराव्याधिभयं नैवोपजायते ॥११८॥

શ્રી વાસુદેવના ભક્તાનું કદી પણ અશુભ થતું નથી; તેમજ તેને જન્મ, મૃત્યુ, ઘડપણ અને વ્યાધિનો પણ ભય લાગતો નથી. ૧૧૮

इमं स्तवमधीयानः श्रद्धाभक्तिसमन्वितः ।
युज्येतात्मासुखक्षांतिश्रीधृतिस्मृतिकीर्तिभिः ॥

જે મનુષ્ય શ્રદ્ધા અને ભક્તિયુક્ત થઇને આ સ્તોત્રનો પાઠ કરે છે; તેને સુખ, સહનશીલતા, લક્ષ્મી, ધીરજ, સ્મૃતિ અને કીર્તિ પણ મળે છે.૧૧૯

न क्रोधो न च मात्सर्यं न लोभो नाशुभा मतिः ।
भवन्ति कृतपुण्यानां भक्तानां पुरुषोत्तमे ॥१२०॥

પુરુષોત્તમના પુણ્યશાળી ભક્તોને ક્રોધ, ઈર્ષ્યા, લોભ કે અશુભ બુદ્ધિ ઉપજતાં નથી. ૧૨૦

द्यौः सचंद्रार्कनक्षत्रा खं दिशो भूर्महोदधिः ।
वासुदेवस्य वीर्येण विधृतानि महात्मनः ॥१२१

ससुरासुरगंधर्वं सयक्षोरगराक्षसम् ।
जगद्वशे वर्ततेदं कृष्णस्य सचराचरम् ॥१२२॥

કેમકે સ્વર્ગ, સૂર્ય, ચંદ્ર, નક્ષત્રોસહિત આકાશ, સર્વ દિશાઓ, પૃથ્વી, મહાસાગર, આ સર્વને મહાત્મા વાસુદેવનાજ પરાક્રમે ધારણ કરી રાખેલાં છે; તથા સુર, અસુર, ગંધર્વ, યક્ષ, સર્પ અને રાક્ષસોસહિત આ બધું સચરાચર જગત શ્રીકૃષ્ણ પરમાત્માનેજ વશ વર્તે છે. ૧૨૧,૧૨૨

इंद्रियाणि मनो बुद्धिः सत्त्वं तेजो बलं धृतिः ।
वासुदेवात्मकान्याहुः क्षेत्रं क्षेत्रज्ञ एव च॥१२३॥

વળી ઇંદ્રિયો, મન, બુદ્ધિ, સત્વ, તેજ, બળ, ધીરજ, ક્ષેત્ર (શરીર) અને ક્ષેત્રજ્ઞ, એ સર્વના આત્મા શ્રીવાસુદેવ છે; એમ વેદવેત્તાઓ કહે છે.૧૨૩

सर्वागमानमाचारः प्रथमं परिकल्पते ।
आचारप्रभवो धर्मो धर्मस्य प्रभुरच्युतः ॥१२४॥

સર્વ શાસ્ત્રોમાં આચારને પ્રથમ માનેલો છે. કેમકે આચારથી ધર્મની ઉત્પત્તિ થાય છે; પણ એ ધર્મના સ્વામી અચ્યુત પરમાત્મા છે. ૧૨૪

ऋषयः पितरो देवा महाभूतानि धातवः ।
जंगमाजंगमं चेदं जगन्नारायणोद्भवम् ॥१२५॥

ઋષિઓ, પિતૃઓ, દેવતાઓ, પંચમહાભૂતો, ધાતુઓ અને સ્થાવર તથા જંગમ, એ બધું જગત શ્રીનારાયણથીજ ઉપજ્યું છે. ૧૨૫

योगो ज्ञानं तथा सांख्यं विद्याः शिल्पादि कर्म च।
वेदाः शास्त्राणि विज्ञानमेतत्सर्वं जनार्दनात्॥१२६

યોગ જ્ઞાન તથા સાંખ્યશાસ્ત્રની વિદ્યાઓ, શિલ્પ આદિ કર્મો, તથા વેદો, શાસ્ત્રો અને વિજ્ઞાન એ પણ બધું જનાર્દન વિષ્ણુથીજ થયું છે. ૧૨૬

एको विष्णुर्महद्भूतं पृथग्भूतान्यनेकशः।
त्रीन्लोकान्व्याप्य भूतात्मा भुंक्ते विश्वभुगव्ययः।

ભગવાન વિષ્ણુજ એક એવા મહાન અવ્યક્ત ભૂતરૂપ છે કે જે જૂદા જૂદા અનેક ભૂતપદાર્થરૂપે થઇને ત્રણે લોકમાં વ્યાપી રહ્યા છે; અને સર્વ ભૂતોના અવિનાશી આત્મારૂપે આ વિશ્વને ભોગવી રહ્યા છે. ૧૨૭

इमं स्तवं भगवतो विष्णोर्व्यासेन कीर्तितम्।
पठेद्य इच्छेत्पुरुषः श्रेयः प्राप्तुं सुखानि च १२८

જે મનુષ્ય કલ્યાણ અને સુખ મેળવવાની ઇચ્છા રાખતો હોય; તેણે વ્યાસ ભગવાનનાં કહેલાં આ શ્રીવિષ્ણુનાં સહસ્રનામનો પાઠ કરવો. ૧૨૮

विश्वेश्वरमजं देवं जगतः प्रभवाप्ययम्।
भजंति ये पुष्कराक्षं न ते यांति पराभवम्॥१२९

કેમકે જેઓ એ વિશ્વપતિ, અજન્મા; જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારા, તથા કમળસમાન નેત્રવાળા એવા શ્રીવિષ્ણુદેવને ભજે છે; તેઓ પરાજય પામતા નથી. ૧૨૯

अर्जुन उवाच । અર્જુન પૂછે છે:-

पद्मपत्रविशालाक्ष पद्मनाभसुरोत्तम ।
भक्तानामनुरक्तानां त्राता भव जनार्दन ॥१३०॥

હે કમળપત્ર જેવાં વિશાળ નેત્રવાળા ! હે નાભિમાં કમળવાળા ! હે દેવોમાં ઉત્તમ ! હે જનાર્દન ! આપ પ્રીતિવાળા ભક્તોનું રક્ષણ કરો. ૧૩૦

श्रीभगवानुवाच । શ્રીભગવાન કહે છે:-

यो मां नामसहस्रेण स्तोतुमिच्छति पांडव ।
सोऽहमेकेन श्लोकेन स्तुत एव न संशयः ॥१३१॥

હે પાંડવ ! જે મારી સહસ્રનામવડે સ્તુતિ કરવા ઇચ્છે છે; તે મનુષ્ય જો શ્રદ્ધાભક્તિપૂર્વક એક શ્લોકથી પણ મારી સ્તુતિ કરે તો તેણે મારી સઘળી સ્તુતિ કરી છે એમાં સંશય નથી. ૧૩૧

(ગ્રંથકાર હવે શ્રી વિષ્ણુભગવાનની વિશેષ સ્તુતિ તથા સ્તુતિનું વિશેષ માહાત્મ્ય આપે છે.)

नमोऽस्त्वनंताय सहस्रमूर्तये सहस्रपादाक्षिशिरोरुबाहवे । सहस्रनाम्ने पुरुषाय शाश्वते सहस्रकोटियुगधारिणे नमः ॥१३२॥

અંતવિનાના, હજારો સ્વરૂપવાળા તથા હજારો ચરણ, આંખ, મસ્તક, સાથળ અને બાહુવાળા પરમાત્માને નમસ્કાર હો. હજાર નામવાળા અને હજાર કોટિ યુગને ધારણ કરનારા એવા શાશ્વત પરમ પુરુષને નમસ્કાર હો. ૧૩૨

नमः कमलनाभाय नमस्ते जलशायिने ।
नमस्ते केशवानंत वासुदेव नमोऽस्तु ते ॥१३३॥

જેની નાભિમાં કમળ છે એવા ભગવાન વિષ્ણુને નમસ્કાર હો. જલમાં શયન કરનારા શ્રીવિષ્ણુ ભગવાનને નમસ્કાર હો. હે કેશવ ! હે અનંત ! આપને નમસ્કાર હો. હે વાસુદેવ ! આપને નમસ્કાર હો.

वासनाद्वासुदेवस्य वासितं भुवनत्रयम् ।
सर्वभूतनिवासोऽसि वासुदेव नमोऽस्तु ते ॥१३४॥

જે વાસુદેવની વાસનાથી ત્રણે લોક વાસનાવાળા છે અને જે સર્વ પ્રાણીપદાર્થના નિવાસસ્થાન છે; એવા હે વાસુદેવ ! આપને નમસ્કાર હો.

नमो ब्रह्मण्यदेवाय गोब्राह्मणहिताय च ।
जगद्धिताय कृष्णाय गोविंदाय नमो नमः ॥१३५

બ્રહ્મસ્વરૂપ અને ગોબ્રાહ્મણનું હિત કરનારા એવા દેવને નમસ્કાર હો. જગતનું હિત કરનારા શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર હો. ગોવિંદસ્વરૂપને વારંવાર નમસ્કાર હો. ૧૩૫

आकाशात्पतितं तोयं यथा गच्छति सागरम् ।
सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥१३६॥

જેમ આકાશમાંથી પૃથ્વીપર સર્વ સ્થળે પડેલું પાણી સમુદ્રમાં જાય છે; તેમ બધા દેવોને કરેલા નમસ્કાર ભગવાન કેશવપ્રતિજ જાય છે.૧૩૬

एष निष्कंटकः पंथा यत्र संपूज्यते हरिः ।

कुपथं तं विजानीयाद्गोविंदरहितागमम् ॥१३७॥

જેમાં શ્રીહરિનું ભજનપૂજન થાય છે એવો આ માર્ગ નિષ્કંટક છે; અને શ્રીહરિના ભજન-પૂજન વિનાના માર્ગને કુમાર્ગ જાણવો. ૧૩૭

सर्ववेदेषु यत्पुण्यं सर्वतीर्थेषु यत्फलम् ।
तत्फलं समवाप्नोति स्तुत्वा देवं जनार्दनम् ॥१३८

બધા વેદો જાણવાથી જે પુણ્ય થાય છે અને સર્વ તીર્થયાત્રાથી જે ફળ મળે છે; તે સમગ્ર ફળ દુષ્ટોનો નાશ કરનારા વિષ્ણુ ભગવાનની સ્તુતિ શ્રદ્ધાભક્તિપૂર્વક કરવાથી મળે છે. ૧૩૮

यो नरः पठते नित्यं त्रिकालं केशवालये ।
द्विकालमेककालं वा क्रूरं सर्वं व्यपोहति ॥१३९॥

જે મનુષ્ય શ્રીહરિના મંદિરમાં નિત્ય ત્રણ વાર (પ્રભાત, મધ્યાહ્‌ન અને સાયંકાળ), બે વાર કે એક વાર પણ આ શ્રીવિષ્ણુસહસ્રનામનો પાઠ કરે છે; તેનાં સર્વ પાપકર્મો નાશ પામે છે. ૧૩૯

दह्यंते रिपवस्तस्य सौम्याः सर्वे सदा ग्रहाः ।
विलीयंते च पापानि स्तवेह्यस्मिन् प्रकीर्तिते१४०

જે મનુષ્ય આ સ્તોત્રનો પાઠ ભાવભક્તિથી કરે છે, તેના શત્રુઓ બળી જાય છે; તેના ઉપર સર્વ ગ્રહો સદા શાન્ત રહે છે અને તેનાં સર્વ પાપ વિનાશ પામે છે. ૧૪૦

येन ध्यातः श्रुतो येन येनायं पठ्यते स्तवः ।
दत्तानि सर्व दानानि सुराः सर्वे समर्चिताः१४१

જેણે શ્રદ્ધાભક્તિપૂર્વક આ સ્તોત્રનું ધ્યાન કર્યું, શ્રવણ કર્યું કે પાઠ કર્યો; તેણે સર્વ દાન આપ્યાં અને સર્વ દેવોની રૂડે પ્રકારે પૂજા કરી એમ સમજવું. ૧૪૧

इहलोके परे वापि न भयं विद्यते क्वचित् ।
नाम्नां सहस्रं योधीते द्वादश्यां मम सन्निधौ ॥
शनैर्दहति पापानि कल्पकोटिशतानि च ।
अश्वत्थसन्निधौ पार्थ तुलसीसन्निधौ तथा॥१४३
पठेन्नामसहस्रं तु गवां कोटिफलं लभेत् ।
शिवालये पठेन्नित्यं तुलसीवनसंस्थितः ॥१४४॥
नरो मुक्तिमवाप्नोति चक्रपाणेर्वचो यथा ।
ब्रह्महत्यादिकं घोरं सर्वपापं विनश्यति ॥१४५॥

જે મનુષ્ય દરેક બારશને દિવસે મારી સમીપ આ સહસ્રનામનો પાઠ કરે, તેને આ લોક કે પરલોકમાં કોઇ પણ ઠેકાણે ભય રહેતો નથી; અને તેનાં કરોડો કલ્પનાં પાપ ધીમે ધીમે બળી જાય છે. હે અર્જુન ! જે મનુષ્ય પીંપળાની પાસે કે તુલસીની પાસે બેસીને આ શ્રીવિષ્ણુસહસ્ર નામનો પાઠ કરે છે, તે કરોડ ગાયોના દાનનું ફળ પામે છે. વળી જે મનુષ્ય નિત્ય શિવાલયમાં અથવા

તુલસીના વનમાં બેસીને નિત્ય શ્રીવિષ્ણુ સહસ્રનામનો પાઠ કરે છે તે મોક્ષને પામે છે અને તેનાં બ્રહ્મહત્યાદિ ઘોર પાપ હોય તોપણ તે સર્વ નાશ પામે છે; એવું ચક્રધારી ભગવાનનું વચન છે.

इति श्रीमन्महाभारते शतसाहस्र संहितायां वैयासिक्यामानुशासनिक पर्वणि दानधर्मे भीष्मयुधिष्ठिरसंवादे श्रीविष्णोर्दिव्यसहस्रनामस्तोत्रं संपूर्णम् ॥

॥ श्रीकृष्णार्पणमस्तु ॥

श्री विष्णुसहस्रनाम समाप्त

दरवर्षे अबजोना खर्चे हिंदमां चालतुं खिस्तीओनुं प्रचारकार्य

ભારતવર્ષમાં ખ્રિસ્તીઓનું પ્રચારકાર્ય કેટલું જોરશોરથી ચાલી રહ્યું છે તેનો ખ્યાલ બહુ થોડા ભારતવાસીઓને હશે. બ્રિટન, અમેરિકા, જર્મની વગેરેનાં જે અનેક મિશનો અહીં સતત પ્રચારકાર્ય કર્યે જાય છે, તેમને ભારતવાસીઓને ખ્રિસ્તી બનાવવા માટે પોતપોતાના દેશોમાંથી થોકબંધ પૈસા મળે છે. હિંદુ સમાજની માહિતી માટે એ મિશનોના કાર્યનો થોડોક અહેવાલ અત્રે આપીએ છીએ.

એકલા ભારતવર્ષમાં એવી ૭૦૦ ખ્રિસ્તી સંસ્થાઓ મોટા પાયા ઉપર કામ કરી રહી છે. તેમાં મુખ્ય આ પ્રમાણે છેઃ—

બ્રિટિશ મિશન પોતાના દેશમાંથી ભારતમાં ખ્રિસ્તીધર્મનો પ્રચાર કરવા માટે દર વર્ષે પોણાત્રણ કરોડ પૌંડથી કંઇક વધુ રકમ મેળવે છે. એજ પ્રમાણે અમેરિકન મિશન પોતાના દેશમાંથી લગભગ ૫ કરોડ પૌંડ મેળવે છે. સ્વીડન-નૉર્વે અને સ્વીટ્ઝર્લૅન્ડનાં મિશનો ૮ લાખ પૌંડ તથા જર્મનીનું મિશન ૭૦૦૦ પૌંડ મેળવે છે. આ મદદ દર વર્ષે મળ્યાજ કરે છે. આ ધનથી અનેક ઉપાયોદ્વારા ખ્રિસ્તી બનાવવાનું કામ કરવામાં આવે છે. સાત હજારથી વધારે દેશી ખ્રિસ્તી તથા અઢારહજારથી વધારે વિદેશી પાદરીઓ એ મિશનોમાં કામ કરે છે. એ પાદરીઓમાં પુરુષો ઉપરાંત ૧૪૮૧ વિવાહિત સ્ત્રીઓ તથા ૨૪૦૮ કુમારિકાઓ છે. આ મિશનોનાં ઉપદેશકો તૈયાર કરનારાં ૬૧ વિદ્યાલયો, ૧૪૧ અનાથાલયો, ૧૭૦ શિલ્પવિદ્યાલયો, ૭૧૭ હાઇસ્કૂલો,

૧૫૦૦૦ થી વધારે રવિવારની નિશાળો, ૯૮ ખેતીની શાળાઓ, ૫૦ કૉલેજો, ૯૪ ટ્રેનિંગ સ્કૂલો અને ૪૩ છાપખાનાંઓ ભારતવર્ષમાં છે. દેવળોના અધિકારીઓ તરફથી ૬૫ સ્કૂલ, ૯૯ વર્તમાનપત્ર અને ૪૦૦ થી વધારે દવાખાનાં કાયમનાં છે. આ મિશનો તરફથી ૧૫૦૦ ડૉક્ટરો અને નર્સો જનસમાજની મફત સેવા કરે છે અને ૫૦,૦૦૦ શિક્ષકો તાલીમ આપે છે. આ મિશનોની સ્કૂલો અને કૉલેજોમાં પાંચ લાખથી વધારે વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવે છે. આ મિશનોની સભાઓના સભાસદો લગભગ ૮ લાખ છે, અને આવક લગભગ ૧૯ લાખ છે.

શું ધર્મપ્રેમી દેશાભિમાની અને સમજુ હિંદુ શ્રીમાનોએ, અગ્રેસરોએ અને વિદ્વાનો વગેરેએ આ બાબત તરફ ધ્યાન નહિ આપવું જોઇએ કે ઉપર જણાવેલાં બધાં ખ્રિસ્તી અનાથાલયો, સ્કૂલો, કૉલેજો અને ઇસ્પીતાલો વગેરે **ભારતવાસીઓને ફસાવવવાની જાળો** છે ? હિંદુઓ આ જાળોમાંથી પોતાનાં ભાઈબહેનોને બચાવવા માટે શું કરી રહ્યા છે ? શું તેમનામાં એટલી પણ અક્કલ નથી કે જ્યાંસુધી આપણા તરફથી સરળ સ્વભાવવાળી હિંદુ જનતાની સગવડો માટે એના જવાબમાં પૂરતાં અનાથાલયો, સ્કૂલો, કન્યાપાઠશાળાઓ, દવાખાનાં વગેરે ખોલવામાં નહિ આવે, ત્યાંસુધી ખાલી વાતોના તડાકા મારવાથી આપણે ખ્રિસ્તીઓની સ્પર્ધા નહિ કરી શકીએ ? આપણા દેશના ધનવાનો વગેરે હજી પણ શું યૂરોપીયનોની વિલાસિતાનું જ અનુકરણ કર્યા કરશે ? તેમની દાનશીલતા અથવા ધર્મપ્રચારને માટે અબજો રૂપિયા ખર્ચવાના ઉત્સાહનું તેઓ દશમા ભાગે પણ અનુકરણ નહિ કરે ?

(હિંદી "સુધા" માસિકમાંથી સ્વતંત્રાનુવાદ)

આ સંસ્થાના ઉત્તમ ગ્રંથો

મા‍ર્ગવ્યય દરેકનું જૂદું.

ધાર્મિક ગ્રંથો

	મૂલ્ય
મહાભારત–સંપૂર્ણ ભાષાંતર ૭ ભાગમાં ...	૩૬)
શ્રીવાલ્મીકિ રામાયણ–૩૨ ચિત્રોસાથે ...	૬)
શ્રીતુલસીકૃત રામાયણ–૪૦ ચિત્રોસાથે ...	૬)
શ્રીગિરધરકૃત શુદ્ધ રામાયણ	૨।
શ્રીયોગવાસિષ્ઠ મહારામાયણ–બે ભાગમાં ...	૧૦)
મહાભારતનું શાંતિપર્વ–નવી આવૃત્તિ ...	૫)
મહાભારતનાં આદિ–સભાપર્વ (જૂની પ્રતો)	૨)
શ્રીમદ્ભગવતી ભાગવત–ઉત્તમ ભાષાંતર ...	૪।।
શ્રીમદ્ભાગવત–નવી આવૃત્તિ ૩), બે ભાગમાં...	૩।।
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા–નવી આવૃત્તિ ...	૨)
શ્રીદાસબોધ–નવી આવૃત્તિ	૨।।
શ્રીરામકૃષ્ણ કથામૃત–બંને ભાગ ભેગા ...	૨।।
મહાભારત અને રામાયણવિષે વિચારો (સાદુ)...	०।।=
શ્રીમહાભારતવિષે–જાણવાજોગ વિચારો ...	૧।।
ધર્મતત્વ–બંકિમચરિત્ર સાથે ०।।।, યોગતત્ત્વ	૧।
સ્વામીરામતીર્થ–ચારે ગ્રંથ–ભાગ ૧ થી ૧૩ ...	૮।
,, ,, ગ્રંથ ૧ લો ભા. ૧ થી ૫ ...	૨)
,, ,, ગ્રંથ ૨ જો–ભા. ૬ થી ૯ ...	૨।
,, ,, ગ્રંથ ૩ જો–ભા. ૧૦–૧૧ ...	૨)

,, ,, ગ્રંથ ૪ થો–ભા.૧૨–૧૩ ... ૨)
સ્વામી વિવેકાનંદ–સર્વ ભાગોનું મૂલ્ય ... ૧૧)
,, ,, ગ્રંથ ૧ લો–ભા.૧–૨–૩ ... ૨।
,, ,, ગ્રંથ ૨ જો–ભા.૪–૫ ... ૨।
,, ,, ભાગ ૬–૭ (સાદુ પૂંઠું) ... ૧)
,, ,, ભાગ ૮ મો ... ... ૨)
,, ,, ભાગ ૯ મો–સંપૂર્ણ ચરિત્ર ... ૨॥
,, ,, ભાગ૧૦મો–રાજયોગ (સાદુ) ૧)
ભગવદ્‌ગીતા–ગુજરાતી સરલાર્થ સહિત ૦)=, ૦)≡,૦।
ભગવદ્‌ગીતા–ગુજરાતી મોટા અક્ષરમાં ૦।, ૦।=
ભગવદ્‌ગીતા–શ્રીધરી ટીકાનુસાર અર્થ સહિત... ૦।-
ભગવદ્‌ગીતા–મૂલમાત્ર–મધ્યમ અક્ષરની૦।, ૦।=, ૦॥
પંચરત્ન ગીતા–ગુ૦ સરલાર્થસહિત મોટા અક્ષરમાં ૦॥=
પંચરત્નગીતા–ગુ૦ સરલાર્થસહિત–નાના અક્ષરમાં ૦॥
પંચરત્નગીતા–મૂલમાત્ર–નાના અક્ષરની૦।, ૦।=, ૦॥।
શ્રી વિષ્ણુસહસ્રનામ–ઉત્તમ ભાષાંતર ... ૦)-॥
પ્રભુમય જીવન–સંશોધિત નવી આવૃત્તિ ... ૦॥
અખાની વાણી–મનહર પદ સાથે ... ... ૧॥
પ્રીતમદાસની વાણી–સચરિત્ર મોટો સંગ્રહ ... ૧॥
છોટમની વાણી–ગ્રંથ ૧ લો–૧) બીજો ૧॥, ત્રીજો ૧)
શ્રીભજનસાગર–સાદું પૂંઠું ૦।=, પાકું ... ૦॥-
સ્વર્ગનું વિમાન–અ. સું. પઢિયારકૃત ... ... ૧।=
સ્વર્ગની કુંચી ,, ,, ... ૧।=
સ્વર્ગનો ખજાનો ,, ,, ... ૧।=
સ્વર્ગનો પ્રકાશ ,, ,, ... ૧।=

उत्साह अने चेतनाप्रेरक पुस्तको

આર્યોના સંસ્કાર અથવા **હિંદની વિદ્યાકળા**	૦॥
શુભસંગ્રહ–ભાગ ૧ લો ૦।, ભાગ બીજો ...	૨॥
શુભસંગ્રહ–ભાગ ૩ જો ૧॥, ભાગ ૪ થો ...	૧॥
આગળ ધસો–૧॥।, **સુખ, સામર્થ્ય** અને **સમૃદ્ધિ**	૧।
આદર્શ દૃષ્ટાંતમાળા–ભાગ ૧ લો	૧)≈
,, ,, ભાગ ૨ જો	૧।
બંકિમ નિબંધમાળા–ધર્મતત્ત્વ સાથે ...	૧॥।
ભાગ્યના સૂષ્ટાઓ–(સાદુ પૂંઠું)	૧॥

इतिहास अने वैदकसंबंधी पुस्तको

રાજસ્થાનનો ઇતિહાસ–બે મોટા ગ્રંથોમાં ...	૧૦)
આર્યભિષક્ અથવા **હિંદનો વૈદ્યરાજ** ...	૪)
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન–ગાંધીજીકૃત ...	૦।~

बोधदायक उत्तम जीवनचरित्रो

સ્વા૦ ભાસ્કરાનંદ અને ગો૦ વિજયકૃષ્ણનાં ચરિત્ર	૧॥
મુસ્લીમ મહાત્માઓ	૧॥।
ભારતના વીરપુરુષો	૧)
શ્રીભક્તચરિત્ર અથવા **ભક્તિરસામૃત** ...	૧॥
શ્રી શિવાજી છત્રપતિ	૨।
વીર દુર્ગાદાસ	૦॥।
ભારતનાં સ્રીરત્નો–ત્રણ ગ્રંથોમાં નવી આવૃત્તિ...	૬)
મહાન સમ્રાટ્ અકબર	૧।
દાનવીર કાર્નેગી	૧॥

કાઉન્ટ ટૉલ્સ્ટૉય	૨ા
નેપોલિયન બોનાપાર્ટ	૩)

રામતીર્થ તથા વિવેકાનંદનાં ચરિત્ર ઉપર આવી ગયાં છે.

बोधप्रद टुंकी वार्ताओ

ટુંકી વાર્તાઓ–ભાગ ૧ થી ૪ ભેગા ...	૨)
ટુંકી વાર્તાઓ–ભાગ ૫ મો–૨૮ વાતો ...	૦ાાા–
ટુંકી વાર્તાઓ–ભાગ ૬ ઠ્ઠો–૨૭ વાતો ...	૧)
ટુંકી વાર્તાઓ–ભાગ ૭ મો–અનેક વાતો ...	૧ાા
દયાળુ માતા અને સદ્‌ગુણી પુત્રી... ...	૦ા

बाळको माटे खास उपयोगी पुस्तको

સદ્‌ગુણી બાળકો–૬૯ ટુંકાં બાળચરિત્ર ...	૦ા
બાળસદ્‌બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ ...	૦ા
બાળકોની વાતો–રસિક વાતચિતરૂપે ૨૧ પાઠ ...	૦)≡
દુઃખમાં વિદ્યાભ્યાસ–સચોટ સાચાં દૃષ્ટાંતો ...	૦ા
સુબોધક નીતિકથા–શ્રી.બીરબલની લખેલી ...	૦ા≡

चित्रो अने चित्रावलीओ

શ્રીમહાભારત ચિત્રાવલી–૨૬ ચિત્રો, પાકાં પૂંઠાં	૧)
શ્રીરામાયણ ચિત્રાવલી—૩૬ ,, ,, ,,	૧)
શ્રીકૃષ્ણમુરારીનું ત્રિરંગી મોટું ચિત્ર ...	૦ા–
શ્રીદ્રૌપદી–વસ્ત્રાહરણ ,, ,, ,, ...	૦ા–

सस्तु साहित्य वर्धक कार्यालय

ભદ્ર પાસે–**અમદાવાદ** અને કાલબાદેવી–**મુંબઈ–૨**

सद्ग्रंथसामर्थ्य

સોરઠા

માનવ મોટું ભાગ્ય, જો તું ઇચ્છે તાહરૂં;
તો તો ઝટપટ જાગ્ય, સદ્ગ્રંથો હાકલ કરે.
મહાપુરુષનો સંગ, માનવ મળવો દોહ્યલો;
આપે એનો રંગ, ઉપદેશોના ગ્રંથ શુભ.
અંધકાર—અજ્ઞાન, દૂર કરવાને ઉગીયો;
જ્ઞાન-સૂર્ય એ જાણ, તુજ પૂર્વજનો વારસો.
લોહ સમું જે મન, માટીમાં માટી બને;
કર એનું કાંચન, પારસગ્રંથ સમાગમે.
માનવ મોંઘો દેહ, એળે જવા નવ દો વૃથા;
અમરપણું લે તેહ, જ્ઞાન ભજન ને દાનથી.
વ્હેવા ચાહો વીર, મ્હોટા જનને મારગે;
ધારો ગુણ ગંભીર, ચરિત્ર વાંચી તેમનાં.
જીવન ઉત્તમ થાય, ચરિત્ર ઉત્તમ વાંચતાં;
એ અર્થે વંચાય, ચરિત્રગ્રંથો ચાહથી.

દોહરા

પરમ શ્રેયને પામવા, રાજી કરવા રામ;
સુગ્રંથ વાંચી વિચારવા, કરવાં રૂડાં કામ.